જી. છ. સંઘવી સન્માન-સ્મારક-ગ્રન્થમાલા : પુષ્પ ૨૯ મું

॥ શ્રી જિનવરાય નમઃ ॥

# જૈનધર્મનાં સોળ સતી રત્નો

卐

સંપાદક અને પ્રકાશક :
જીવણલાલ છગનલાલ સંઘવી
વ્ય. સ્થાનકવાસી જૈન કાર્યાલય
પંચભાઈની પોળ, અમદાવાદ.

卐

કિંમત : રૂા. બે

જી. છ. સંઘવી સન્માન-સ્મારક-ગ્રન્થમાલા : પુષ્પ ૨૯ મું

॥ શ્રી જિનવરાય નમઃ ॥

# જૈન ધર્મનાં સોળ સતી રત્નો

卐

સંપાદક અને પ્રકાશક :
**જીવણલાલ છગનલાલ સંઘવી**
વ્ય. સ્થાનકવાસી જૈન કાર્યાલય
પંચભાઈની પોળ, અમદાવાદ.

卐

કિંમત : રૂા. બે

આવૃત્તિ પહેલી ]　　નકલ ૨૧૦૦　　[ ડીસેમ્બર-૧૯૭૮

વિક્રમ સંવત ૨૦૩૫　　વીર સંવત ૨૫૦૫

[ સ્થાનકવાસી જૈન પત્રના ૪૬ મા વર્ષનું ભેટ પુસ્તક ]

## પ્રાતઃસ્મરણીય સોળ સતી

૧ બ્રાહ્મી ૨ ચંદનબાલિકા ભગવતી, ૩ રાજેમતી ૪ દ્રૌપદી;

૫ કૌશલ્યા ચ ૬ મૃગાવતી ચ ૭ સુલસા, ૮ સીતા ૯ સુભદ્રા ૧૦ શીવા;

૧૧ કુંતી ૧૨ શીલવતી નલસ્ય ૧૩ દયિતા, ૧૪ ચૂલા ૧૫ પ્રભાવત્યપિ,

૧૬ પદ્માવત્યપિ સુંદરી દિનમુખે, કુર્વન્તુ વો મંગલમ્.

મુદ્રક : જયંતિલાલ મણિલાલ શાહ. ધી નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ,
ઘીકાંટા રોડ, નોવેલ્ટી સીનેમા પાસે-અમદાવાદ,

# પ્રસ્તાવના

જૈન ધર્મના આગમોમાં ચાર પ્રકારના અનુયોગોમાં ' કથાનુયોગ 'ને પણ મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું છે, તેથી જ ઐતિહાસિક મહાન સ્ત્રી પુરુષોના જીવન, સમાજ માટે અનુકરણશીલ અને પ્રેરણાત્મક હોઈ આ વિષયને સ્પર્શતા જીવન ચરિત્રો પ્રકાશિત કરવામાં આવે છે. આવા અનેક કથા ગ્રન્થો અમે પ્રગટ કર્યા છે તેમાં " જૈન ધર્મના ૧૬ સતી રત્નો " નામક પુસ્તકનો ઉમેરો કરીએ છીએ.

જૈન ધર્મે શીલવ્રતને જેટલું મહત્ત્વ આપ્યું છે તેટલું મહત્ત્વ જગતના કોઈ પણ ધર્મે આપ્યું નથી. મનુષ્ય-જીવન ચારિત્રની શ્રેષ્ઠતાથી જ દીપી ઉઠે છે, એટલા માટે જ આપણા ધર્મ ગુરૂઓએ તેમજ જગતના મહાન માનવોએ સુચારિત્રને જ શ્રેષ્ઠ ગણ્યું છે. એટલા જ માટે કહેવાયું છે કે-' જેણે ધન, આરોગ્ય ગુમાવ્યું તેણે કાંઈક ગુમાવ્યું છે, પરન્તુ જેણે ચારિત્ર ગુમાવ્યું તેણે સર્વસ્વ ગુમાવ્યું છે.

સોળ સતી નામનું પુસ્તક અલભ્ય હોવાથી અને તે માટે અમોને પ્રકાશિત કરવાના ઘણાં સૂચનો મળ્યા હોઈ, મારા સ્થાનકવાસી જૈન પત્રના ગ્રાહકોને ૪૬ મા વર્ષની ભેટ તરીકે પ્રકાશિત કરેલ છે. આધાર માટે રાજેન્દ્રસૂરિ જૈન લાયબ્રેરીમાંથી પંડિત હરજીવનદાસે સ્વ. શ્રી અમૃતલાલ ઓધવજી શાહ તરફથી પ્રકાશિત " જૈન સોળ સતી ચરિત્ર " પુસ્તક મેળવી આપ્યું તે પરથી ૧૪ સતીઓના ચરિત્ર ઉધ્ધૃત કર્યા છે તથા પાથરડી બોર્ડના " સોળ સતીઓ " ( ગુજરાતી આવૃત્તિ) નામક પુસ્તકમાંના છેલ્લા બે ચરિત્રો લીધા છે તે માટે બંને પુસ્તકોના પ્રકાશકોનો અમે આભાર માનીયે છીએ.

આ પુસ્તકના પ્રુફ સંશોધન આદિ કાર્યમાં જૈન શિક્ષિકા શ્રી પ્રવીણાબેન સી. શાહનો સહકાર સાંપડ્યો છે તે બદલ આભાર.

પંચભાઈની પોળ, અમદાવાદ — સંઘસેવક

માગશર શુદ ૩ : ૨૦૩૫ — જીવણલાલ છગનલાલ સંઘવી

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧ | બ્રાહ્મી અને સુંદરી | ૧ |
| ૨ | ચંદનબાળા | ૧૦ |
| ૩ | રાજેમતી | ૨૧ |
| ૪ | દ્રૌપદી | ૩૦ |
| ૫ | કૌશલ્યા | ૩૯ |
| ૬ | મૃગાવતી | ૪૫ |
| ૭ | સુલસા | ૫૭ |
| ૮ | સીતા | ૬૫ |
| ૯ | સુભદ્રા | ૮૩ |
| ૧૦ | શીવા સતી | ૮૯ |
| ૧૧ | કુંતાજી | ૯૧ |
| ૧૨ | શીલવતી | ૯૭ |
| ૧૩ | સતી દમયંતી | ૧૦૬ |
| ૧૪ | પુષ્પચુલા | ૧૨૪ |
| ૧૫ | પ્રભાવતી | ૧૨૭ |
| ૧૬ | પદ્માવતી | ૧૨૮ |


---

# આભાર–દર્શન


અમરાપુર નિવાસી હાલ ધાટકોપરના દાનવીર શેઠ શ્રી મનસુખલાલભાઈ છગનલાલ દેસાઇનો આ પુસ્તક અંગે ધર્મપ્રેમી શ્રી શરદકુમાર બી. મહેતા મારફત સહકાર માંગતા તરત જ તેઓશ્રીએ તેમના સ્વ. પૂ. માતુશ્રી મણીબેનની સ્મૃતિમાં રૂા. ૬૫૧ ની સહાયતા આપી છે તે માટે અમે શ્રી મનસુખલાલભાઈ અને તેમના ઉદાર બંધુઓનો આભાર માનીયે છીએ..... જીવણલાલ

# ૧. મહાસતી બ્રાહ્મી અને સુંદરીની કથા

અતિ પવિત્ર આર્યાવર્ત પૈકીના દક્ષિણ ભરત ક્ષેત્રમાં પરાપૂર્વથી પૂર્ણ પ્રખ્યાતિને પામેલી **અયોધ્યા** નગરીમાં ત્રીજા આરાના અંતમાં **સાતમા** કુલકર નાભિરાજાના કુળદીપક જગદ્‌ગુરૂ **શ્રી ઋષભદેવજી આદિરાજા** રાજ્ય કરતા હતા. તેને સકળ **સદ્‌ગુણસંપન્ન** બે રાણીઓ હતી. તેમાં એકનું નામ **સુમંગળા અને** બીજીનું નામ **સુનંદા** હતું.

એક વખત રાત્રિના ચોથા પહોરના પાછલા ભાગમાં સુમંગલા રાણીએ ચૌદ મોટાં સ્વપ્ન દીઠાં. એ ચૌદ મહાસ્વપ્ન જોઇ જાગ્રત થઇ; તે સ્વપ્ન પતિને કહી બતાવ્યાં, અને પતિના મુખથી તેનો પૂરતો ખુલાસો મેળવી 'ચક્રવર્તી પદ ધરનાર પુત્ર થશે' એવો નિશ્ચય કરી ગર્ભમર્યાદાની અંદર કેવા આહાર વિહારથી વર્તવું એ નિયમોને પૂર્ણપણે જાળવી મનને આનંદમગ્ન બનાવ્યું.

વૈદ્ય શાસ્ત્રીઓએ કહેલું છે કે-ગર્ભવતી સ્ત્રીઓએ ઘણું ગરમ, ઘણું ઠંડું, ઘણું ગરમ મસાલાવાળું, ઘણું તીખું, ઘણું ખારૂં, ઘણું ખાટું તથા ઘણું ગળ્યું, ઘણું ભારે અને ઘણું પાતળું ભોજન ઉપયોગમાં ન લેવું. તેમજ વધારે હસવું, વધારે બોલવું, વધારે સુવું, વધારે જાગવું, વધારે હરવું ફરવું ને વાહન ઉપર બેસી શરીરને તકલીફ પડે તેમ જવું આવવું, વધારે ખાવું, વધારે ગાયન સાંભળવું, ઘણીવાર અંજન આંજવું, વધારે થાક લાગે તેવાં કામ કરવાં, વિશેષ નાટક ચેટક જોવાં અને હદથી વધારે રમ્મત ગમ્મત કરવાથી ગર્ભ ખામી ભરેલો નિવડે છે. ગર્ભવતી સ્ત્રીઓએ પોતાના તન-મનને કંટાળો ન આવે તેટલા વખત લગી નીતિનાં ને મહાન્ સ્ત્રી-પુરૂષોના બોધદાયક જીવન ચરિત્રો અને ઉત્તમ પુસ્તકો વાંચવાં, સાદો, મનપસંદ

ને ગર્ભને પુષ્ટિ કરનારો ખોરાક લેવો, થાક ન લાગે તેટલું સુંદર હવામાં હરવું ફરવું, ધર્મધ્યાન, દયા, દાન, સત્ય વગેરેમાં રૂચિ રાખવી, અંગ ઉપર વસ્ત્રો સ્વચ્છ પહેરવાં, મનના વિચારો ને સંકલ્પો ઉત્તમ રાખવા, જેની ઉત્તમ અસર ગર્ભ ઉપર થાય, અને સારાં સંસ્કારોનું બીજ રોપાય; કારણ કે બાળકને સદ્‌ગુણી કે દુર્ગુણી બનાવવો એ માતાના જ હાથમાં છે.

સુશિક્ષિત સુમંગળા દેવીએ ઉપર પ્રમાણેના નિયમો પાળી પોતાના ગર્ભને ઉત્તમ બનાવવાનું મનદ્વારા શિક્ષણ આપ્યું, અને જ્યારે ગર્ભમર્યાદા પૂરી થઈ ત્યારે શુભ વખતે સુખ સમાધિ સહિત પુત્ર પુત્રીના જોડલાને જન્મ આપ્યો.

સુનંદા રાણીએ પણ ઉપર કહી બતાવેલાં ચૌદ સ્વપ્નમાંથી ફક્ત ચાર સ્વપ્ન દીઠાં, અને તે સ્વપ્નના પ્રભાવથી ગર્ભકાળ પૂર્ણ થતાં પુત્ર પુત્રીના જોડલાને જન્મ આપ્યો. એ પછી અનુક્રમે સુમંગળાએ ઓગણપચાસ પુત્રનાં જોડલાને જન્મ આપ્યો. એમ આદિરાજાને સો પુત્ર અને બે પુત્રી થયાં.

શ્રી ઋષભદેવ પ્રભુને ઇંદ્રે રાજ્યાભિષેક કર્યો; કેમકે તે વખતનાં ભદ્રિક યુગલિયા લોકવ્યવહાર વગેરેથી તદ્દન અજાણ્યાં હતાં. તેથી ઇંદ્રને રાજ્યાભિષેક કરવાની ફરજ પડી હતી. આદીશ્વર પ્રભુએ રાજ્યાસન પર બિરાજમાન થઇ સઘળી બાબતના લોકવ્યવહાર તે જુગલિયાઓને સારી પેઠે સમજાવી સમજદાર બનાવ્યા.

સુમંગળા દેવીએ પહેલું જોડલું પ્રસવ્યું, તેમાં પુત્રનું નામ **ભરતકુમાર** અને પુત્રીનું નામ **બ્રાહ્મી** પાડયું હતું. તેમજ સુનંદાદેવીએ જે જોડલું પ્રસવ્યું, તેમાં પુત્રનું નામ **બાહુબળી** અને પુત્રીનું નામ **સુંદરી** પાડયું હતું.

એ પુત્ર પુત્રીઓ જ્યારે કળા શિખવા લાયક ઉમ્મરનાં થયાં ત્યારે પિતા ઋષભદેવજીએ પાટવીકુમાર ભરતને સો જાતની શિલ્પકળા,

બ્રાહ્મીને અઢાર જાતની લેખનકળા, અને સુંદરીને ગણિતવિદ્યા શીખવી. ટૂંકમાં કહિયે તો ભરતને પુરૂષની બહોંતેર કળાઓ શીખવી અને બ્રાહ્મીને સ્ત્રીની ચોસઠ કળાઓ શીખવી કે જેનો લાભ હાલ પણ પ્રજાને મળ્યે જ જાય છે.

લાખ પૂર્વ આયુષ્યને અંતે ઋષભદેવજીએ ભરતકુમારને રાજ્યાભિષેક કરી રાજ્યનો કારોબાર સોંપ્યો. તેમજ બાહુબળી વગેરે નવાણું પુત્રોને પણ જુદા જુદા દેશોનાં રાજ્યો આપ્યાં.

લોકાંતિક દેવોના કહેવાથી દીક્ષા સમય નજીક આવ્યો જાણી આદિનાથ પ્રભુએ એક વર્ષ સુધી દાન દેવું શરૂ કર્યું, પછી દીક્ષા અંગીકાર કરી, અને એક વર્ષની મુદતનો લાભાંતરાય ભોગવી કર્મક્ષય કરી વડના ઝાડ હેઠળ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. તે વેળાએ ચોસઠ ઇંદ્રો તથા બીજા દેવોએ સમવસરણની રચના કરી, તે ત્રિગઢમધ્યના ધર્માસન ઉપર આદિપ્રભુએ પહેલવહેલી ધર્મદેશનાની પ્રણાલિકા શરૂ કરી, આ સંસારની અનિત્યતાનો આબેહુબ ચિતાર કહી બતાવી વૈરાગ્યને જાગ્રત કર્યો.

એ વેળાએ બાર પર્ષદા પૈકીની મનુષ્યની પર્ષદામાં બેઠેલા ભરતરાજાના પાંચસો પુત્રો તથા સાતસો પુત્રોના પુત્રોએ વૈરાગ્ય પામી સંસારનો મોહ ત્યજી દઈ પ્રભુના હાથથી મહાવ્રત અંગીકાર કર્યાં.

બ્રાહ્મીને પણ વૈરાગ્યનો રંગ લાગતાં દીક્ષા ગ્રહણ કરવાની મરજી થઈ, પરંતુ ભરતરાજાની પરવાનગી મળે તો જ તેણીનાથી દીક્ષા લેવાય, તેમ વળી તે વખતના યુગલ ધર્મની રીતિ મુજબ તો જે જોડલું જન્મ્યું હોય તેમાંનાં પુત્ર–પુત્રી તે જ વર કન્યા ગણાય. આમ હોવાને લીધે ભરતરાજા પોતાની સાથે જન્મેલી બ્રાહ્મીને: માટે દાવો ધરાવી શકે તેમ હતું, તેથી જ્યાં લગી તે પોતાનો હક્ક ઉઠાવી લઇ તેને દીક્ષા લેવાની રજા ન આપે ત્યાં લગી બ્રાહ્મી પોતાનું મનધાર્યું કશું કરી શકે તેમ નહોતું. એટલે પછી તેની રજા લીધા વગર દીક્ષા લેવાય એમ નહોતું; માટે બ્રાહ્મીએ હિમ્મત ધરી:વ્રત લેવાની પરવા-

નગી મેળવવા ભરતપ્રભુને વિનંતિ કરી, અને તે વિનંતિ સાંભળી પૂર્વ પુણ્યોદયના યોગે તેમ કરવાની ભરતજીએ રજા આપી. એટલે તુરત દીક્ષા લઈ લીધી.

બ્રાહ્મીને દીક્ષા લીધેલ જોઈ સુંદરીને પણ તે જ મુજબ સંસાર ત્યાગ કરવાની ઈચ્છા થઈ; પરંતુ ઉપરના નિયમ મુજબ સુંદરી ઉપર બાહુબળીનો હક્ક હતો, જેથી તેમની રજા માંગવી જ જોઈએ. આમ હોવાથી બાહુબળીની રજા મેળવતાં તેને રજા તો મળી, તેથી દીક્ષા લઈ સાધ્વી થવા તૈયાર થઈ; પણ અંતરાય કર્મના ઉદયથી દીક્ષા લેતાં ભરતજીએ અટકાવી. કારણકે બ્રાહ્મીએ દીક્ષા લીધી અને સુંદરી પણ દીક્ષા લઈ લે તો પછી સ્ત્રીરત્ન બનાવે એવી કોઈ સમસ્ત સદ્ગુણ સંપન્ન સ્ત્રી ન હતી; માટે સ્ત્રીરત્ન કરવાની ઇચ્છાએ દીક્ષા અંગીકાર કરતાં મના કરી, એથી વડીલની અનુમતિ ન મળતાં સુંદરીને નિરૂપાયે ગૃહસ્થાવાસમાં રહેવાની જરૂર પડી.

સુંદરીએ વિચાર્યું કે—" હું કોઇ એવો ઉપાય આદરૂં કે મને ભરતજી જ સ્ત્રીરત્ન થવા માટે ના કહે. મારૂં સુંદર રૂપ એજ મારા વિચારોને આડે આવનાર છે. માટે એ રૂપને જેમ બને તેમ તાકીદે નષ્ટ કરવું એજ યોગ્ય છે; રૂપ નષ્ટ થયું કે ભરતજી એની મેળેજ સ્ત્રીરત્ન થવા ના કહેશે. " તે માટે એ રૂપનો નાશ કરવા તપ કરવો કે જેથી મનોરથ સિદ્ધ થશે." એમ વિચારી પોતાની ધારણાને અમલમાં મૂકવાની તક ખોળવા લાગી.

કુદરતનો નિયમ છે કે—મનુષ્યના ઉચ્ચ કે નીચ વિચારોની અસરને લીધે પોતાની આસપાસ તેવું જ વાતાવરણ જામી જાય છે અને એનું બળ વધતા તે વિચારો જ સિદ્ધ થાય છે. જુઓ કે સુંદરીના શુભ વિચારોએ વાતાવરણને ઘટ્ટ કરી એજ સિદ્ધિ આપી કે—થોડા જ સમય પછી ભરતજી દિગ્વિજય કરવા-ખંડ સાધવા પધાર્યા, અને તે છ ખંડ સાધતાં સાઠ હજાર વર્ષ વહી ગયાં. આ

વખતનો લાભ લઇ સુંદરીએ છએ વિગય-એટલે દુધ, દહીં, ઘી, તેલ, ગોળ અને ખાંડનો ત્યાગ કરી દીધો. મતલબ કે સાઠ હજાર વર્ષ લગી આયંબિલનો તપ કર્યો.

શરીરનો તો એજ ધર્મ છે કે, જ્યાં લગી એને પુષ્ટિ કરનારા પદાર્થો મળે ત્યાં લગી તે રૂષ્ટપુષ્ટ રહે છે; પણ એવા પદાર્થો મળતા બંધ થયા કે કરમાઇ બેડોળ બની જાય છે; તેમાં પણ સુંદરીના શરીરને તો થોડાં ને ઘણાં સાઠ હજાર વર્ષ લગી એવો આહાર ન મળ્યો. એટલે પછી તેણીનું શરીર કેવું કરમાઇ ગયું હશે? તેનો વાંચનાર ખ્યાલ કરી લેશે તો જણાઇ આવશે કે ફક્ત 'હાડપિંજર'– ચામડીથી મઢેલું જ બાકીમાં રહ્યું હોવું જોઈએ.

જ્યારે ભરત મહારાજા છ ખંડ સાધી ચૂકયા ત્યારે દિગ્વિજયી રાજરાજેશ્વર ભરત મહારાજાએ નમિ અને વિનમિની બહેનને સ્ત્રીના સમસ્ત શુભ લક્ષણોયુક્ત જોઈને સ્ત્રીરત્ન બનાવવાના કારણને લીધે સુંદરીને બલામાંથી છુટવાનો સંયોગ હાથ લાગી આવવાનો અનુકૂળ વખત પ્રાપ્ત થયો.

જ્યારે ભરત રાજેંદ્ર સ્ત્રીરત્ન સહિત અયોધ્યાએ આવી પહોંચ્યા ત્યારે સુંદરીને નિહાળી તો તેણીના શરીરની દશા હીમ પડવાથી પોયણાની જેવી દશા થાય તેવી દશા થઈ ગયેલી જોઇ; એટલું જ નહીં પણ ફક્ત ત્વચાથી ઢંકાયેલું હાડકાંનું પિંજર જ બાકી રહેલું જોયું. એકવાર તો જોનારના મનમાં એવી શંકાને જન્મ મળે કે આ તે સુંદરી કે નહીં? કેમકે તેણીની ગૌર કાંતિ, રૂપ-લાવણ્ય અને લાલિત્ય તો જાણે તે શરીરમાં હતાં જ નહીં, એવું બની ગયું હતું. એવી વિરૂપ છબીવંત સુંદરીને જોઇ સેવકોને ખેદ અને આશ્ચર્ય સાથે પૂછયું કે–

"શું મારા કોઠારમાં અનાજની તંગી પડી છે? શું પૃથ્વી રસ કસ વગરની થઈ અનાજનો જથ્થો પેદા કરી શકતી નથી? શું સુંદરીની મરજી મુજબ ખાનપાન આપી શકાયા નથી? શું રસોઈ

બનતી જ નથી ? અથવા તેને કલેશ થઈ આવે એવું વર્તન કોઈએ કર્યું કે કોઈ ભારે વ્યાધિ થતાં આમ બન્યું છે ? જો એમ ન હોય તે આમ શરીર સંપત્તિનો લય શાથી થઈ ગયો તે જલ્દી જાહેર કરો.”

ભરતેશ્વરનું આવું બોલવું સાંભળી સેવકોએ જણાવ્યું કે– “ રાજેંદ્રમણિ ! આપના રાજમહેલમાં કલ્પવૃક્ષની પેઠે સકળ વસ્તુ ઇચ્છા કરતાં નજર આગળ હાજર થાય છે ત્યાં શી વાતની તંગી હોય ? પરન્તુ આપ ભૂપાળ ચૂડામણી જ્યારથી દિગ્વિજય કરવા પધાર્યા હતા ત્યારથી શ્રીમતી સુંદરીએ કેવળ સાધ્વીની પેઠે ઉદાસીન દશા ધારણ કરીને આયંબિલનો તપ આદર્યો, જેથી છ વિગયનો ત્યાગ થતાં શરીરની આ દશા થઈ છે. અમોએ અતિ આગ્રહ પૂર્વક વિગય વાપરવા પુષ્કળ આજીજી કરી હતી; તોપણ એમણે અમારી તે આજીજી તરફ દુર્લક્ષ દાખવ્યું હતું. ત્યાં પછી અમો સેવકની શી ભૂલ ?

આ મુજબ સેવકોનું કથન સાંભળી તથા સુંદરીના અંતરંગ વૈરાગ્યની તરફ ધ્યાન આપી ભરતેન્દ્રે મન સાથે વિચાર્યું કે–“ હા ! મનેજ ધિક્કાર છે ! હું જ ઉન્મત્ત બની વિષયલુબ્ધ થઈ રહ્યો છું. હિત અહિતની વાત પણ લક્ષમાં ન લેતાં ફક્ત રાજસંપત્તિમાં મોહ પામી તલ્લીન રહ્યો છું. આત્માના શ્રેયાર્થે જરા પણ મારૂં લક્ષ નથી. સુંદરી સરખી સુલક્ષણી સ્ત્રી પોતાના શરીર વડે હંમેશાં મોક્ષ લક્ષ્મી સંપાદન કરવાનો પ્રયત્ન કર્યા કરે છે, અને ભોગની વાંછનાવાળાં મનુષ્યો પોતાના શરીર વડે દુર્ગતિનાં વાસી બને છે. આ શરીર તો હંમેશાં રોગ, ચિંતા, મળ, મૂત્ર, શ્લેષ્મ વગેરે ગંદા પદાર્થો વડે જ ભરેલું છે; છતાં તેવા શરીરને શું અત્તરાદિક સુગંધિ પદાર્થોથી સુવાસિત બનાવી શકાય કે ? ગંદી દેહના માટે ગર્વ રાખવો એ બિલકુલ ગાંડાઇ જ છે. ધન્ય છે મારી બ્હેનને કે જેણે આ માયાવી સંસાર ચક્રમાં ધન અને શરીરની અનિત્યતાનો ખ્યાલ કરી, નિત્ય

અખંડ સુખદાતા સંયમને અંગીકાર કરવા તૈયાર થઈ; છતાં મેં તેણીને તેમ કરતાં અટકાવી વિષય વાસનાને તૃપ્ત કરવા ધારણા રાખી; તથાપિ તેણે પોતાની ધારણાને સફળ કરવા કઠીણ તપ આદર્યો અને મને પણ સંસારના ક્ષણિક સુખનો ખ્યાલ આપ્યો; પણ મારી વાસનાઓ બળવાન્ છે, જેથી મારાથી હાલમાં કશું આત્મકલ્યાણ થઇ શકે તેમ નથી, માટે જે આત્માનું કલ્યાણ કરવા તૈયાર છે તેને શા માટે અંતરાય કરવો ? ભલે એ દીક્ષા ગ્રહણ કરે." ઈત્યાદિ વિચાર કરી સુંદરીને સંયમ લેવા માટે અનુમતિ આપવા નિશ્ચય કર્યો.

એ સમયમાં તરણતારણ જગદાધાર શ્રી પ્રથમ તીર્થંકર આદિ જિનેશ્વર વિહાર કરી પૃથ્વીને પાવન કરતા કરતા અયોધ્યાના ઉદ્યાનમાં સમોસર્યા. એટલે વનપાળકે પ્રભુ પધાર્યાની ભરત રાજેંદ્રને ખબર આપી. રાજેન્દ્રે વધામણિના બદલામાં તેને પુષ્કળ ધન આપી સુખી કર્યો. તે પછી ભરતજી મોટા આડંબર સહિત સ્વજન, પુરજન સાથે પ્રભુ વંદનાર્થે ઉદ્યાનમાં ગયા; અને શસ્ત્ર, છત્ર, પગરક્ષક, મુકુટ અને ચામર એ પાંચ વસ્તુઓ ત્યજીને પ્રભુને વાંદી પર્ષદામાં બેઠા. અમૃતથી પણ અત્યંત મીઠી પ્રભુની ધર્મદેશના સાંભળી અતિ આનંદ પામ્યા.

ત્યારપછી ભરતેશ્વરે પૂછ્યું કે–"હે જગતાત ! આ સુંદરી, ચારિત્ર અંગીકાર કરવા તૈયાર થઈ હતી છતાં મેં તેણીને અંતરાય કરાવ્યો, તેથી મને મોટું પાપ લાગ્યું છે, તેમ વળી અન્ય પાપારંભની પ્રબળતાથી પાતકનો ધણી થયો છું. માટે હે નાથ ! એ પાપથી મુક્ત થવા ઇચ્છું છું." સુંદરી પાસે પોતે કરેલા અંતરાય માટે દિલગીરી દર્શાવી, એટલે સુંદરીએ કહ્યું કે:—

"દીક્ષા અંગીકાર કર્યા વગર જે વખત વહી ગયો છે તે મારા કર્મનો જ દોષ છે, આપનો નથી, માટે આપને દિલગીરી દર્શાવવાની કશી જરૂર નથી. વર્ષાકાળમાં મેઘની ઝડી લાગી હોય છતાં બપૈયો તરસ્યો રહે એમાં વરસાદનો દોષ નથી, પણ એના કર્મનો જ દોષ છે.

વસંતઋતુમાં સર્વ વૃક્ષ, વેલિયો વગેરે વનસ્પતિ નવપલ્લવ ફૂલ-ફળવંત હોય છેઃ છતાં કરેડો ઝાંખરાં જેવાં રહે છે એમાં વસંતનો દોષ નહિં, પણ પોતાનો જ દોષ છે. અને સૂર્ય ઉદય થવાથી પ્રાણી માત્ર દરેક વસ્તુને જોવા શક્તિમાન થાય છે, છતાં ઘૂવડ કશું દેખી ન શકે તેમાં સૂર્યનો દોષ નહીં, પરંતુ ઘુવડનો જ દોષ છે. મારૂં અંતરાય કર્મ મને નડયું એમાં આપ શું કરો ?" વગેરે વગેરે વચનો કહી ભરતજીની દિલગીરી શાંત કરી; અને તેમની રજા લઇ જગતપિતા આદિ જિન પાસે દિક્ષા અંગીકાર કરી, અને સંસારબંધનની ઉપાધિ દૂર થતાં શુદ્ધ ચારિત્ર પાળવા સાથે અતિ દુષ્કર તપ આદર્યો.

પ્રથમ સાધ્વી બ્રાહ્મીજી પણ પ્રભુવચન પ્રમાણે દીક્ષા પાળતા, કઠિન તપ કરતા પોતાના આત્માનો તાકીદે ઉદ્ધાર થાય તેવા નિરંતર યત્ન કરતા હતા. કેટલોક સમય વહી ગયા પછી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર ઘનઘાતિ કર્મનો ક્ષય કરી તપ બળવડે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

સુંદરી સાધ્વી પણ તપ વડે કર્મોનો નાશ કરી કેવળજ્ઞાન પામી અને તે પછી ભવ્ય જીવોનો ઉદ્ધાર કરવા વિચારવા લાગી.

સતી બ્રાહ્મી અને સુંદરીનો એક સુભગ પ્રસંગ જાણવા જેવો છે. સુંદરીના ભાઇનું નામ બાહુબલિ હતું. નામ તેવા ગુણ હતા. તે બહુ શૂરવીર હતો. બાહુબલિના બીજા ૯૮ (ઓરમાન) ભાઇઓએ દીક્ષા લીધી હતી. ત્યારબાદ ભગવાનનો ઉપદેશ સાંભળી વિરક્તભાવ પેદા થતાં બાહુબલિએ પણ દીક્ષા લીધી અને તેઓ જંગલમાં જઈ અઘોર તપ કરવા લાગ્યા. છતાં તેમને કેવળજ્ઞાન થયું નહિ, કારણ કે બાહુબલીમાં એવો અહંભાવ ઉત્પન્ન થયો હતો કે તપશ્ચરણ પૂરૂં કરીને હું ભગવાનની સેવામાં જાઉં, તો મારે મારાથી નાના (પણ દીક્ષાએ મોટા) ભાઈઓને વંદન કરવું પડે. આ વાતની કેવળજ્ઞાની ભગવાન ઋષભદેવને ખબર પડી તેથી તેનો અહંભાવ મીટાવવા અને

તેને ઉપદેશ દેવા માટે સતી બ્રાહ્મી અને સુંદરીને બાહુબલિ પાસે મોકલી. ત્યાં જઈ ધ્યાનસ્થ બાહુબલીને ઉદ્દેશીને તેઓ બોલીઃ– "**વીરા મોરા ગજ થકી** હેઠા ઉતરો. ગજ થકી કેવળ ન હોય રે, વીરા મોરા..." આ શબ્દો કાને પડતાં બાહુબલિ ચમકયા, તેમણે વિચાર્યું કે હું તો વનવેલીઓની વચ્ચે ધ્યાનસ્થ ઉભો છું, ગજ ઉપર કયાં છું ! પણ તરત જ વિચાર કરતાં યાદ આવ્યું કે ખરેખર નાના ભાઈઓને વંદન ન કરવું એ જ અભિમાને મારું કેવળજ્ઞાન રોકાયું છે ! ! અને તરત જ એ અભિમાન દૂર કરી ભગવાનના સમોસરણમાં જવા પગ ઉપાડયો કે તરત જ બાહુબલિને કેવળજ્ઞાન થયું અને તેઓ સંસાર–સમુદ્રથી તરી ગયા.

**ધન્ય છે સતી સાધ્વી બ્રાહ્મી અને સુંદરીને ! !**

卐

# ૨. ચંદનબાળા

આ ભરતખંડને વિષે મહા સમૃદ્ધ એવી કૌશાંબી નામની નગરીમાં શતાનિક નામનો ન્યાયી રાજા રાજ્ય કરતો હતો. તે ચેટક રાજાની પુત્રી મૃગાવતીને પરણ્યો હતો. રાજા શતાનિકને સુગોત્ર નામનો મંત્રી હતો. તેને નંદા નામની સ્ત્રી હતી, આ નંદા શ્રાવિકા હતી. તેણીને મૃગાવતીની સાથે સખીભાવ હતો. તે નિત્ય ધર્મ કાર્ય કરતી હતી. વળી આ નગરમાં ધનાવન નામે એક શ્રેષ્ઠી રહેતો હતો તેને મૂળા નામની સ્ત્રી હતી.

એવે અવસરે છદ્મપણે વિહાર કરતા શ્રી વીરપ્રભુ પોષ વદિ એકમને દિવસે ત્યાં આવીને સમવસર્યા. ત્યાં તેમણે એવો અભિગ્રહ કર્યો કે, “પગમાં લોહની બેડી હોય, મસ્તક મુંડેલું હોય, ત્રણ દિનની ઉપવાસી હોય, ઉંબરા વચ્ચે બેઠી હોય—એવી કોઇ સ્ત્રી જો મને, ભિક્ષા વેળા મટી ગઇ હોય તે વખતે સૂપડાના ખૂણામાંથી અડદના બાકળા વહોરાવે, તો મ્હારે પારણું કરવું અન્યથા ન કરવું.” એવો અભિગ્રહ લઈને પ્રભુને મધ્યાન્હ સમયે ગોચરી અર્થે ફરતાં ચાર માસ વહી ગયા. એકદા ભિક્ષાને અર્થે ભમતાં ભમતાં પ્રભુ કલ્પવૃક્ષની પેઠે સુગોત્ર મંત્રીને ઘેર પધાર્યા.ત્યાં દુર્બળ થઈ ગયાં છે ગાત્ર જેનાં એવા અને શુદ્ધ એવી પણ ભિક્ષા ન ગ્રહણ કરતા એવા પ્રભુને જોઈ મંત્રીની સ્ત્રી નંદા હર્ષ પામીને ભિક્ષા આપવાને ઉભી થઈ, ઘી ખાંડ ક્ષીર આદિ વહોરાવવા લાગી, પણ તે સર્વ પડતું મૂકીને પ્રભુ અન્ય સ્થળે ગયા, ત્યારે નંદાએ પતિને કહ્યું, “હે પ્રિય ? પ્રભુ કેમ ભિક્ષા વહોરતા નથી ? તેનું કંઇ કારણ જણાય તો ઠીક.” મંત્રીએ કહ્યું.

"અન્ન વિના પ્રભુ મૃત્યુ પામશે, માટે તેમણે લીધેલ અભિગ્રહ જાણી લેવાની જરૂર છે." એ પ્રમાણે મૃગાવતીએ પણ પ્રભુને ભિક્ષા આપવાને બહુ બહુ ઉપાય કર્યા. પછી મૃગાવતી તથા નંદા એ બેઉ સખીઓએ મળીને પ્રભુને નિમંત્ર્યા, પણ પ્રભુએ કંઇ ગ્રહણ કર્યું નહિ. ત્યારે બન્ને શ્રાવિકાઓ બહુ દુઃખી થઇ. રાજાએ, મંત્રીએ અને તેમની પત્નીઓએ આમ પ્રભુને વહોરાવવાને બહુ બહુ ઉદ્યમ કર્યો. પછી તેઓએ પરસ્પર વિચાર કર્યો કે, "પ્રભુએ જે અભિગ્રહ કર્યો હોય તે કેમ જણાય ?"

હવે ચંપાપુરીનો રાજા દધિવાહન ચેટક ભૂપતિની પુત્રી પદ્માવતી કે જેણીનું બીજું નામ ધારિણી હતું તેણીને પરણ્યો હતો. તે રાજાને વસુમતી નામની પુત્રી હતી. અનુક્રમે દધિવાહન રાજાને શતાનિક રાજાની સાથે વૈર બંધાયું. તેથી શતાનિક રાજાએ ગુપ્ત રીતે પોતાના સર્વ સૈન્યને લઇને ચંપા નગરીને ઘેરો ઘાલ્યો. તેથી ઘોર યુદ્ધ થયું; હજારો મનુષ્યો તેમાં મૃત્યુ પામ્યા અને દધિવાહન રાજા રાજ્ય મૂકીને નાસી ગયો. પછી શતાનિક રાજાએ ચંપાપુરી લુંટી. તેમાં એક સુભટે દધિવાહન રાજાની રાણી ધારિણીને તથા પુત્રી વસુમતીને પકડ્યાં. શતાનિક રાજા તો અહિં પોતાની આજ્ઞા પ્રવર્તાવી કૌશાંબીએ પાછો ગયો.

હવે પેલો સુભટ તો ધારિણી અને વસુમતીને લઇને નીકળી પડ્યો. રસ્તે જતાં તેણે કહ્યું. "હે ધારિણી ! તું મ્હારી સ્ત્રી થા." ધારિણીએ કહ્યું. "અરે અધમ અને પાપિષ્ઠ ! તેં એ શું કહ્યું ? હું પરસ્ત્રી છું; ને પરસ્ત્રી–લંપટ પુરુષ તો નરકે જાય છે. પોતાને આધીન સ્ત્રી છતાં જે પુરુષ પરદારા સેવન કરે છે, તે જળથી ભરેલા પૂર્ણ તળાવને મૂકીને ઘડામાંથી જળ પીનારા કાકપક્ષી જેવો સમજવો. કહ્યું છે કે–જે માતાએ પોતાની યૌવન અવસ્થામાં છાનું શીલભંગ કર્યું હોય તે હમણાં શીલનો ભંગ કરનારા

તેના પુત્ર દ્વારા પ્રકટ કરાય છે. વળી જે પુરુષે પરનારી સામું જોયું, તેણે પોતાના આત્માને ધૂળ મેળવ્યો, સગાંને છેહ દીધો ને પગલે પગલે માથાઢાંકણું કર્યું સમજવું. વળી સાંભળ. આખા વિશ્વને પોતાના પરાક્રમથી જીતનાર એવો રાવણ પણ પરસ્ત્રીની વાંછા કરવાથી કુળ ક્ષય કરીને નરકે ગયો છે." આ વખતે પેલા સુભટે તો ધારિણીનું શીલ ખંડન કરવા બહુ બહુ કર્યું. પણ તેણીનું મન લેશમાત્ર ડગ્યું નહીં. છેવટે સુભટે બળાત્કાર કરવા માંડ્યો એટલે ધારિણીએ હીરો ચૂસીને પ્રાણ ત્યાગ કર્યો, આ જોઈ માતાના વિયોગથી વસુમતી વિલાપ કરવા લાગી કે, "હે માતા! તું મ્હારા ઉપરથી સ્નેહ ત્યજીને જતી રહી! હે ભલી માતા! ત્હારી મ્હારા ઉપર બહુ પ્રીતિ હતી, છતાં તું મ્હને ત્યજીને અર્ધ ક્ષણમાં જતી રહી! મ્હારે હવે પરહસ્ત પડવું પડશે, તે કરતાં મ્હારૂં મૃત્યુ થયું હોત તો બહેતર હતું." એમ બહુ બહુ કરુણ સ્વરે રુદન કરી વસુમતી માતાને પગે વળગી પડી. "હે માતા! તને નહિ જવા દઉં, જો ત્હારે જવું જ હોય તો મને પણ સાથે લેઈ જા." એમ કહી ભૂમિ ઉપર ઢળી પડી. વળી તે વિલાપ કરતી કહેવા લાગી. "હે માતા! જેમ જળના વિયોગે કાદવ સૂકાઈ જઈ તેમાં ડાટ પડે છે, તે પરસ્પરના વિયોગના દુઃખની પ્રતીતિ કરાવે છે; તેવી રીતે જો માણસનું હૃદયકમળ ભેદાતું હોત તો, સત્યસ્નેહની પ્રતીતિ થાત. અહીં તો અતિ વલ્લભજનનું મૃત્યુ થાય છે, ત્યારે પણ નેત્રમાંથી જળના બિંદુઓ નીકળે છે; તેને બદલે જો લોહીના બિંદુઓ વહેતા હોત તો સત્ય સ્નેહ પ્રત્યક્ષ દેખાત."

આવાં આવાં વસુમતીનાં રૂદન વચન સાંભળીને સુભટ બોલ્યો. "હે મૃગાક્ષી! મેં તને શું કુવચન કહ્યું છે (ભવિતવ્યતાની આગળ રાય કે રંક કોઈ છૂટી શકતું નથી)? હવે હું તને કહું છું કે, હું તને પરણવાનો છું એમ તું લેશમાત્ર ધારીશ નહી. હવેથી તું મ્હારી બ્હેન અથવા પુત્રી છે." આમ વસુમતીને સમજાવીને તેણે ધારિણીના શરીર

ઉપરથી હાર પ્રમુખ અલંકાર ઉતારી લીધા ને તેણીના શબને રથમાંથી બહાર કાઢી ભૂમિ ઉપર મૂકયું. પછી સુભટ વસુમતિને લઇને પોતાને ઘેર આવ્યો. તે જોઇને તેની સ્ત્રી તેને કહેવા લાગી. "આ પારકી સ્ત્રીને તમે અહીં લાવ્યા છો, તે વાત જો રાજા જાણશે તો આપણું સર્વસ્વ લુંટી લેશે. તમે તેણીને અહીં લાવ્યા છો, તેથી મને ટાઢ ચઢી છે. વળી જો તમે તેણીને અહિં વધારે વાર રાખશો તો તાવ પણ આવશે. માટે તમારે તેણીને ઘરથી બહાર કાઢવી. તમારે મનમાં એમ ન ધારવું કે, હું બધું સહન કરીશ. હું હમણાંજ જઈને રાજાને સર્વ વાત કહી દઈશ. તું બીજા રાજાને લુંટી આવ્યો છું પણ જો તું મને મારીશ તો તું શું ખાઇશ? માટે જો ત્હારે મ્હારૂં કામ હોય તો આ છોકરીને મૂકી આવ. જો દાસી સરખી પણ શોકયરૂપે આવે તો હું તેણીને પાસે ન રાખું. શોકચ સરખા રાજ્યનું મ્હારે કામ નથી. શોકય સરખી કંચનની કોઠી પણ આંખના ડોળા ફોડવા જેવી જાણવી. માટે આ છોકરીને તું બીજે કયાંક મૂકી આવ્ય, નહિ તો હું રાજા પાસે જઈને આ વાત જણાવીશ, પ્રિયાનાં આવાં વચન સાંભળીને સુભટ તો કંપવા લાગ્યો. પોતાનો પરાભવ થયો એટલે તે સ્ત્રી-રત્ન વસુમતીને બજારમાં વેચવા લઈ ગયો ત્યાં તેણીને લેવાને બહુ લોકો એકઠા થયા. રૂપવતી સ્ત્રી વેચાવા આવી જાણીને વેશ્યાઓ પણ તે લેવા આવી. તે વખતે એક વેશ્યા બોલી. "અમે છીએ ત્યાં સુધી તેણીને લેવા કોણ સમર્થ છે? જેટલું ધન માગશે તેટલું આપવાને અમે તૈયાર છીએ." તે વખતે મધપૂડાની આસપાસ જેમ માખીઓ એકઠી મળે, તેમ ત્યાં તેણીની આસપાસ ઘણા માણસો એકઠા મળ્યા હતા. એવામાં વેશ્યા બોલી. "ત્હારે રત્ન આદિ જે જોઇએ તે માગી લે, ને આ સ્ત્રી તું અમને સોંપ." તે ઉપરથી "બહુ કળકળાટ થયાં પહેલાં તમે તેણીને લઈ જાઓ, કે બીજા કોઈ તેણીને લેવા ભેળવાય નહી." એમ કહી સુભટે તેણીની પાસે પાંચસો સોના મ્હોરો માગી. વેશ્યાઓને આ મૂલ્ય બહુ ઓછું લાગ્યું તેથી તેઓ તો પરસ્પર બોલવા લાગી.

"આપણે હર્ષ પામવા જેવું છે કે તેણીના નખની કિમ્મત નવલાખ સોનૈયા છે. માટે એટલું મૂલ્ય આપીને તેણીને લઈ જઈશું." એમ કહી એ મૂલ્ય આપી એક વેશ્યાએ વસુમતીનો હાથ પકડયો. તે જોઈ રાજકુમારી બોલીઃ "તમારૂં કુળ કયું છે? તમારા કુળમાં તમે શું કરો છો? તમે બ્રાહ્મણ છો કે વણિક છો?" વેશ્યાએ ઉત્તર આપ્યો. "ત્હારે કુળનું શું કામ છે? અમારા કુળમાં ઉત્તમ પટ્ટકૂળ પહેરવાનાં મળશે; તાંબૂલ ખાવાનાં મળશે. અમારાં જેવાં ભોજન તો રાજાના દરબારમાં રાણીઓને પણ મળતાં નથી." તે સાંભળીને વસુમતી બોલી. "મેં જાણ્યું–મને હવે ખબર પડી કે, તમે વેશ્યા છો! માટે હું તમારી સાથે નહી આવું" એ ઉપરથી વેશ્યાએ બળાત્કાર કરવા માંડયો, ત્યારે વસુમતી ચિત્તને વિષે બહુ ખેદ ધરવા લાગી. એટલામાં તો આકાશમાંથી દેવે તેણીના શિયળની રક્ષા માટે આવીને બહુ બોલનારી વેશ્યાનું નાક ઉડાડી દીધું! બિચારીનું નાક જોતજોતામાં ગયું તેથી તે ઝબકી ગઈ. તેની કાયા કાળી તુંબડી જેવી થઈ ગઈ! તેથી લોકો તેને કુબડી કહીને હસવા લાગ્યા. બીજી વેશ્યાઓ તેણીને સાન કરીને જતી રહી કે, "ચાલ, ત્હારૂં નાક તો ગયું; વળી રખેને કાન પણ જશે." એમ કહીને તેણીને કષાય કરાવી બીજી વેશ્યાઓ કળકળાટ કરવા લાગી. એકનું નાક ગયું અને બીજીનો *કાન જશે* એમ ધારી સર્વ વેશ્યાઓ ઘેર જતી રહી; ને એ ભૂંડી છોકરીને કોઇએ લીધી નહી. બજારમાં બહુ કોળાહળ થઈ રહ્યો; ને વેચાવાનો વખત જતો રહ્યો. એ ઉપરથી સુભટ તેણીને બીજા બજારમાં લઇ ગયો. ત્યાં ધનાવહ શ્રેષ્ઠી તેણીને લેવા આવ્યો. તેને રાજકુમારીએ પૂછ્યું. "તમારા ઘરમાં શું કામ કરવું પડે છે?" શેઠે કહ્યું. "અમારા કુળમાં જિનદેવની ભક્તિ, સાધુઓની સેવા, ધર્મ શ્રવણ, જીવદયા પાલન આદિ કરીએ છીએ, હંમેશાં નવકાર મંત્રનું ધ્યાન ધરીએ છીએ. ત્રણ વખત પાણી ગળવું, દાન દેવું ને શીલની રક્ષા કરવી, તપશ્ચર્યા કરવી, ભાવના ભાવવી, સાતક્ષેત્રને વિષે ધન વાવવું

ઇત્યાદિ કરીએ છીએ. વળી અમારા કુળમાં રાત્રી ભોજન થાય નહી, ને મધ, માખણ ખવાય નહી. વળી અમારો આચાર એ છે કે, પ્રભાતે ઉઠીને ગુરૂ વંદન કરવું, સામાયિક વ્રત કરવું વિ. ધનાવહ શેઠે ગણાવેલી ઉપરની આચાર પદ્ધતિ સાંભળીને હર્ષ પામીને વસુમતી કહેવા લાગી. "હે સુભટ! જો તું મને વેચવાનો હોય તો આ શેઠને ત્યાં વેચજે." સુભટે તેણીને તેને ત્યાંજ વેચી. શેઠ તેણીને ઘેર લઇ ગયો. આમ એ રાજપુત્રી શુભ કર્મને લીધે સારે ઘેર પહોંચી. કહ્યું છે કે–વિધિ ઘડાવે છે, વિધિ ઘડે છે, વળી વિધિ જ ઘડેલાને ભાંગી નાંખે છે. હે લોકો! તમે શા માટે વૃથા ફાંફા મારો છો? જે વિધિ કરે છે તે જ થાય છે.

શેઠે રાજકુમારીને ઘેર આણી, તે જોઇને તેની સ્ત્રી મૂળા ચકિત થઈ. ધનાવહ શેઠે તેણીને ચંદનબાળાના નામથી બોલાવી અને પોતાની પત્નીને કહ્યું. "આ પુત્રીનું તું યત્ને કરીને પાલન કરજે." પણ મૂળાએ તો ઉલટુંજ વિચાર્યું કે, મ્હારો પતિ આને પોતાની સ્ત્રી કરી રાખવાને લાવેલો જણાય છે. હમણાં તો કહે છે કે, "દીકરી ચાલ" પણ પાપી પુરુષ પાપને ગણતો નથી. તે પુત્રી કહીને બોલાવે છે તો ખરો, પણ તેનું મન મલિન લાગે છે. મીઠું મીઠું બોલીને અંતે તે ડાઘ દેશે. આ તો ડોશીને ઘેર વાઘ પેઠા જેવું થયું છે. બિલાડી દૂધનો નિયમ લે અથવા ઊંદર સાથે મિત્રાચારી કરે, એ વાત જેમ સત્ય હોય જ નહી. તેમ આ બેની વચ્ચે પિતા પુત્રીનો સંબંધ કોઈ સત્ય ગણે નહી, આ છોકરી બહુ રૂપવતી તથા યુવાન છે ને મ્હારે મસ્તકે તો શ્વેત વાળ આવ્યા છે! એ મ્હારી વૃદ્ધાવસ્થામાં પણ મને દૂહવનારી શોકય આવી છે. હું જીભની બહુ આકરી છું તેથી મ્હારા પીયરમાં સર્વ કોઇને અળખામણી છું. મને પ્યાલો પાણી પણ કોઈ પાશે નહી. મ્હારે તો એક ભવમાં બે ભવ થયા! આને વેચાતી આણી તેમાં જેટલું ધન બેઠું છે, તેટલું તો મને પરણતા

પણ એકું નથી. શતાનિક રાજાએ ચંપા લૂંટી તો મૂળાને શોકયનું સાલ આવ્યું ! પણ જો હમણાં હું શેઠને કહીશ તો તે તેને રૂચશે નહી. એક વાર અવસર મળશે એટલે હુંજ તેણીને મારી નાંખીશ.' આમ વિચાર કરતી શ્રેષ્ઠી પત્ની મૂળા શૂન્ય હૃદય થઈ બેસી રહી.

એકદા મૂળા શેઠાણી પાડોશણને ઘેર ગઈ હશે, એવામાં શેઠ ઘેર આવ્યા. તે વખતે પિતાને આસને બેસારીને ચંદનબાળા વિનયપૂર્વક તેના ચરણ ધોવા લાગી. મૂળા શેઠાણી એટલામાં અકસ્માત્ ઘેર આવ્યાં, તો ચંદનબાળાને શેઠના ચરણ ધોતી જોઈ તથા તેણીની ભૂમિ ઉપર પડતી વેણીને શેઠે પોતાના ઉત્સંગમાં લીધી હતી, તે જોઈ વિચારવા લાગી. "શેઠ તો તેણીની વેણી સમારે છે માટે એમ જણાય છે કે મને કાઢી મુકીને અથવા વિષથી હણીને તે તેણીનું પરિગ્રહણ કરશે. વળી વિચાર્યું કે, જે જન વિષવેલીને ઉગતાંજ મૂળથી નખવડે છેદી નાંખે નહી, તેને મૂર્ખ જાણવો. વળી ફોલ્લી નામ શીતળ છે, વિષ એ મધુરૂં નામ છે તથા શોકય એ બહેન કહેવાય છે પણ એ ત્રણેનો ક્ષય કરવોજ યોગ્ય છે."

હવે શેઠ એક વેળા બહાર ગામ ગયા, તે વખતે મુળા શેઠાણીએ નાપિત (હજામ) ને બોલાવીને ચંદનબાળાનું મસ્તક ભદ્ર કરાવ્યું, અર્થાત્ તેણીનું મસ્તક મુંડાવી નાંખ્યું. પછી તેણીનાં પગમાં બેડી નાખીને તેણીને ભોંયરામાં ગુપ્ત રીતે પુરીને તાળું વાસી દીધું, પછી મુળા વિચારવા લાગી, "શોકયને મારવામાં દોષ શાનો ? તેમાં તો વળી સંતોષ ઉપજે; શોકયને મારવામાં પાપ લાગે નહી; શોકયને રાખે તેને રોઝ જેવી જાણવી. ગોરી ચોક વચ્ચે ઉભી રહીને પૂછે છે કે, "હે સુગુણિ જન ! તમે જાણતા હો તો કહો કે, શોકય સારી કે શૂળી ?' ઉત્તરમાં કહે છે કે, શૂળી સારી; કારણ કે, શૂળીનું કષ્ટ તો એકજવાર સહન કરવું પડે છે, પણ શોકયનું કષ્ટ હમ્મેશ સહન કરવું પડે છે, શોકય નિત્ય મારે પણ મૃત્યુ આવતું નથી. આમ એ દુઃખ તો પગલે પગલે હૃદયમાં ખટકે

છે." આ વખતે બિચારી ચંદનબાળા તો ગુપ્ત ઓરડામાં રહી વિચાર કરે છે કે, "મ્હારે તો વીતરાગ શરણ છે, મ્હારાં કર્મ જ એવાં દુષ્ટ જણાય છે કે, નગરમાંથી પેલા સુભટે પકડી, માર્ગમાં માતાનું મૃત્યુ થયું; વળી મ્હારે ઢોરની પેઠે ચૌટામાં વેચાવું પડયું; ત્યાં વેશ્યા લેવા આવી. પણ એક વાતે સારૂં થયું કે તેણીને હાથ હું ન ગઈ. અહિંઆ પણ જો કે છે તો દુઃખ, પણ એ ગણકારવા જેવું નથી. આજે બહુ રૂડું થયું કે મને એકાંત સ્થાન મળ્યું. કારણ કે, અહિં હું ધર્મધ્યાન કરીશ." એમ શોક કરતી તે અંધારા ઓરડામાં રાત્રીદિવસ જાણતી નથી, પણ તે તો આંખોનાં આંસુ નિવારતી, મહા મંત્ર નવકારનો જાપ કર્યા કરે છે.

એવામાં બહારગામ ગયેલો ધનાવહ શ્રેષ્ઠી ઘેર આવ્યો, તો તેણે ચંદનબાળાને જોઈ નહી તેથી પત્નીને "ચંદનબાળા કયાં ગઈ છે?" એમ પૂછ્યું ત્યારે શેઠાણી બોલ્યા. "એ તો છોકરાની સાથે ફર્યા કરે છે, એક ઘડી પણ ઘરમાં રહેતી નથી. કોણ જાણે અત્યારે કાં રમતી હશે! અહિં ઘણાં છોકરાં આવે છે; જો કોઇ તેણીના સગા આવશે ને તેણીને ઓળખશે તો તેણીને લઇ જશે; તો તેણીની વારે કોણ જશે? તમારે મન છોકરી રમી રહી છે; પણ મને દ્રવ્ય બેઠું તેનો ઉદ્વેગ થાય છે. જો તમે તેટલું સુવર્ણ વ્યાજે આપ્યું હોત તો વર્ષ દિવસે બમણું થઈ ને આવત." પણ શેઠે તો કહ્યું. "મ્હારે તેણીના વિના ભોજન નથી કરવું" જો એ છોકરી નહી આવે તો હું અનશન કરીશ," તેવામાં એક વૃદ્ધા દાસીએ શેઠને એકાંતમાં કહ્યું. "અરે શેઠ! ચંદનબાળા તો મરી ગઇ હશે; જલ્દી જઇને તમે તેણીની સારવાર કરો, જો જીવતી હોય તો હોય, પેલા ઓરડામાં જઇને જુઓ." શેઠે એ વૃદ્ધાનો આભાર માનીને કહ્યું. "અરે તું બહુ ભલી દાસી છે." એમ કહી તેણીએ બતાવેલ ઓરડા પાસે જઈ તેનું તાળું ભાંગી અંદર ગયો, પણ અંધકારને લીધે ચંદનબાળા દેખાઇ નહી. શેઠે સાદ

કર્યો ત્યારે તે રોવા લાગી. "અરે પુત્રી! તું કેમ ઉત્તર આપતી નથી?" એમ કહી શેઠે દીવો કર્યો એટલે તે દેખાણી. તેણીને તો ત્રણ ઉપવાસ થયા હતા તેથી શેઠે તેણીને ઉપાડીને ભોજનને અર્થે બારણામાં ઉંબરા પાસે આણી. પણ એટલામાં મૂળા શેઠાણી તો સર્વ ભોજન રસોડામાં મુકી તાળું વાસીને બહાર જતી રહી. શ્રેષ્ઠી તાળું વાસેલું જોઇને વ્યાકુળ થયો, ને દાસીને આપેલું ખાવાનું મંગાવ્યું; કે રખેને અન્ન વિના બિચારીનું અકસ્માત મૃત્યુ ન થાય. દાસીએ રાંધેલા અડદના બાકળા બતાવ્યા. તે શેઠે સૂપડામાં નાંખીને પુત્રી કરી રાખેલી ચંદનબાળાને પારણાર્થે આપ્યા. ચંદનબાળાને અટ્ઠમ તપનું પારણું હતું તેથી તેણીએ વિચાર્યું. "જો કોઈ અતિથિનો સમાગમ થાય તો તેને આપીને પછી હું પારણું કરૂં."

એમ તે વિચાર કરે છે, તેવામાં ભિક્ષા અર્થે ફરતા ફરતા શ્રી વીર ભગવાન ત્યાં આવી ચઢ્યા. તેમણે એવો અભિગ્રહ લીધો હતો કે "જો કોઇ સ્ત્રી ઊંબરા ઉપર બેઠી હોય, તેનો એક પગ ઘરની અંદર ને એક પગ ઘરની બહાર હોય, ભાવે કરીને તે રાજપુત્રી હોય, પણ દાસપણું પામી હોય, પગમાં બેડી હોય, મસ્તક મુંડાવેલું હોય ને રુદન કરતી હોય, એવી સ્ત્રી અટ્ઠમને પારણે સૂપડાના ખૂણામાંથી જો મને, ભિક્ષાકાળ વ્યતીત થયા પછી અડદના બાકળા વહોરાવે તો મ્હારે તે લઈને પારણું કરવું." આવા અભિગ્રહવાળા વીર પ્રભુને અકસ્માત આવ્યા જોઈને હર્ષ પામી તે કહેવા લાગી. "હે ત્રણ જગત્‌ને વંદનિક પ્રભુ! સ્વર્ગ અને મોક્ષના દાયક! સમસ્ત ભાવ–શત્રુઓને જીતીને વિજય મેળવનાર તમે ચિરકાળ પર્યંત જયવંતા વર્તો. હે પ્રભો! મ્હારા ઉપર પ્રસન્ન થઈ આ શુદ્ધ અન્ન વહોરીને મને કૃતાર્થ કરો." વીર ભગવાન પોતાના અભિગ્રહમાં રૂદનની અપૂર્ણતા જોઈ પાછા ફરવા લાગ્યા; તે જોઈ ચંદનબાળા પોતાને હીણ ભાગી ગણી મોટેથી આક્રંદ કરવા લાગી. વીર ભગવાન રૂદનનો ધ્વનિ સાંભળીને પોતાના રુદનાદિ અભિગ્રહ પૂર્ણ થયા જાણી

પાછા ફર્યા અને અડદના બાકળા વહોર્યા. પ્રભુએ બાકળા વહોર્યા કે, તુરત જ દેવતાઓએ આવીને બારકોટિ સુવર્ણની વૃષ્ટિ કરી. તે વખતે ચંદનબાળાની લોહની બેડી ત્રુટી ગઈ ને તેનાં સુવર્ણના આભૂષણ થઈ ગયાં. આકાશમાં દેવદુંદુભી વાગી. તે વખતે શતાનિક રાજા ત્યાં આવ્યો. તે દેવકૃત સુવર્ણ આ ચંદનબાળાનું થાઓ." તે બોલી. "આજે મ્હારાં મહા ભાગ્ય કે મેં પ્રભુને પારણું કરાવ્યું; તેમાં મૂળા માતાને પણ ધન્ય છે. મૂળા દેવી તો મ્હારી માતા છે. ધારિણીથી મ્હારાં જે કાર્ય નથી સર્યા, તે સર્વ મ્હારી માતા મૂળાદેવીથી સિદ્ધ થયાં છે. પહેલાં તો શતાનિક રાજાનો ઉપકાર; બીજો પેલા સુભટનો. (કારણ કે, જો તેણે મને વેશ્યાને ત્યાં વેચી હોત તો હું આ જ આ પરમાર્થ પ્રાપ્ત કરી શકત નહી.) વળી ધનાવહ શેઠ પણ મ્હારા પૂર્વ ભવના તાત છે. કારણ કે તેને પસાયે મ્હારાં સર્વ પાપ દૂર થયાં. મૂળા માતાનો પણ મ્હારા ઉપર ઘણો ઉપકાર થયો છે, કારણ કે, જો તેણીએ આમ ન કર્યું હોત તો હું ભગવંતને કેવી રીતે પારણું કરાવત ?"

પછી શ્રી વીર ભગવંતે છ માસમાં પાંચ દિવસ ઓછે પારણું કર્યું. હવે ચંદનબાળા બોલી. "મૂળાદેવીને કોઇએ કંઇ કહેવું નહી," પછી મૂળા શ્રાવિકા થઇ અને ચંદનબાળાએ તેણીને માન આપ્યું. કહ્યું છે કે–ઉપકાર ઉપર તો ઉપકાર સર્વ કરે છે, પણ અવગુણ ઉપર ગુણ કરનાર તો વિરલા જ હોય છે. અહિંથી પ્રભુ અન્યત્ર વિહાર કરી ગયા... અનુક્રમે સર્વ કર્મ ક્ષય થયે તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. અહિં આવીને ચંદનબાળાએ પ્રભુને પ્રણામ કરીને ચારિત્રની યાચના કરી. ને દેવતાએ આપેલું સર્વ દ્રવ્ય સાતક્ષેત્રોને વિષે વાપરીને તેણીએ દીક્ષા લીધી. એકદા શ્રી મહાવીર ભગવાન કૌશાંબી નગરીમાં સમવસર્યા, ત્યાં અનેક દેવો, રાજાઓ, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાઓ ધર્મ સાંભળવા આવવા લાગ્યા. તેમને

પ્રભુએ ધર્મોપદેશ આપ્યો. તે વખતે છેલ્લી પોરશીના વ્યાખ્યાનમાં સૂર્ય ચંદ્ર મૂળ વિમાને ત્યાં આવ્યા. પછી સંધ્યા સમય થયો જાણી ચંદનબાળા ઉઠીને નગરમાં ઉપાશ્રયે ગઇ. મૃગાવતી સાધ્વી વખત ન જાણતી ત્યાં જ રહી. પછી ચંદ્ર સૂર્ય પોતપોતાને સ્થાને ગયા, ત્યારે સર્વ ઠેકાણે અંધકાર વ્યાપી રહ્યો. તે જોઈ મૃગાવતી ઉપાશ્રયે ગઇ. અહિં ચંદનબાળા તો પોરશી ભણી સંથારો કરીને સૂતી હતી. ત્યાં જઈ તેણીના ચરણ ચાંપી, મૃગાવતી પોતે કરેલા અતિચારને લીધે આત્માની નિંદા કરતી, "હવે પછી હું એવું નહીં કરૂં," એ પ્રકારે મિથ્યાદુષ્કૃત્ય દેવા લાગી. તેણીએ ચંદનબાળાને પૂછ્યું, પણ કંઇ ઉત્તર મળ્યો નહી. એવામાં આત્માને નિંદતી એવી મૃગાવતીને તો કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. તે વખતે અંધકારમાંથી આવતો કૃષ્ણ સર્પ દેખી તેણીએ ચંદનબાળાનો હસ્ત ઉપાડીને બીજી બાજુએ મૂકયો. ત્યારે રીસમાં ચંદનબાળા બોલી." તેં મ્હારો હાથ ઉપાડયો ? તું અહિંથી ઉઠ, ને જરા દૂર જા." મૃગાવતીએ ઉત્તર આપ્યો. "કૃષ્ણ સર્પ આવે છે તેથી મેં હાથ ઉપાડીને બીજે મૂકયો." "તેં કેમ જાણ્યું ?" એવા ચંદનબાળાના પ્રશ્નના ઉત્તરમાં મૃગાવતીએકહ્યું. "જ્ઞાનથી." પ્રતિપાતિ જ્ઞાન કે અપ્રતિપાતિ જ્ઞાન." જવાબમાં કહ્યું :—"અપ્રતિપાતિ જ્ઞાન." એ સાંભળીને ચંદનબાળાએ ઉઠીને મિથ્યાદુષ્કૃત્ય દીધું. તે વખતે તેણીને પણ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. ત્યાર પછી તે બન્ને સતી—સાધ્વીઓ મુક્તિએ ગઈ.

# ૩. રાજિમતી

મથુરા નગરીને વિષે ઉગ્રસેન રાજા રાજ્ય કરતો હતો. તેને ધારિણી નામે પ્રિયા હતી. એ ધારિણીની કુક્ષિએ, અપરાજિત વિમાન થકી ચ્યવીને એક દેવ સ્ત્રીપણે અવતર્યો. શુભ દિવસે ધારિણીએ એક પુત્રીને જન્મ આપ્યો, તેણીનો જન્મમહોત્સવ કરીને માતા પિતાએ રાજિમતી એવું નામ પાડયું. એકદા આ ઉગ્રસેન નૃપતિ યાદવોની સાથે દ્વારિકા નગરીએ ગયો. આ વખતે રાજિમતી કન્યા વયે વૃદ્ધિ પામતી બહુ રૂપવતી કન્યારત્ન સમાન થઈ પડી હતી અને સ્વભાવે પણ સુંદર તેમજ તરૂણાવસ્થાથી ત્રણલોકને વિષે શોભાયમાન તેણીના સમાન કન્યા બીજે કોઇ ઠેકાણે નહોતી.

તે વખતે નેમિનાથની માતા દેવી શિવારાણીએ પોતાના પુત્રને કહ્યું. "હે પુત્ર ! હવે તું વિવાહ કર." ત્યારે નેમિકુમાર બોલ્યો, "જ્યારે મને યોગ્ય કન્યા મળશે, ત્યારે હું વિવાહ કરીશ." એમ કહી તે પોતાની માતાને અત્યંત હર્ષ પમાડતો હતો.

એકદા શ્રી નેમિકુમાર પોતાના સમાન વયના મિત્રો સાથે ક્રિડા કરતા કરતા, શ્રીકૃષ્ણની આયુધશાળાને વિષે જઇ ચઢયા. ત્યાં રક્ષકે વાર્યા છતાં પણ ચક્રને હાથમાં લઇને કુંભારના ચાકની પેઠે ફેરવવા લાગ્યા. વળી તેણે ધનુષ્યને પણ કમળ પુષ્પના નાળવાની પેઠે અર્ધું નમાવ્યું; ગદાને ઉછાળવા માંડી; તેનો શંખ પણ પૂર્યો, તે વખતે પોતાનો શંખ અન્ય જને પૂર્યો જાણીને શ્રીકૃષ્ણ બહુ ચિંતાતુર થયા, ને રોષ કરી સભાને વિષે બોલ્યા. "જેણે આ મ્હારો શંખ પૂર્યો છે, તેનું નિશ્ચે મૃત્યુ આવ્યું સમજજો." એમ કહી પોતે સન્નદ્ધ થઇ પોતાની સકળ સેનાને યુદ્ધને

અર્થે સજ્જ કરી. એવામાં તો તેને કોઇ પુરૂષે આવીને ખબર આપી કે, "એ સર્વ નેમિકુમારે કર્યું છે." એ સાંભળી કૃષ્ણે વિચાર્યું. ત્યારે તો જરૂર એ જ વાસુદેવ થશે; હું નહિ. એમ વિચાર કરે છે એવામાં તો નેમિકુમાર ત્યાં આવ્યા. તેને કૃષ્ણે તેના બળની પરીક્ષા કરવાને કહ્યું કે, "હે નેમિકુમાર! મને ત્હારૂં બળ બતાવ. ચાલ પ્રથમ તું મ્હારી ઉંચી કરેલી ભુજલતાને નમાવ." એના ઉત્તરમાં તો નેમિકુમારે તેનાં ભુજલતાને કમળ પુષ્પના નાળવાની પેઠે નમાવી દીધી! પછી નેમિકુમારે પોતાની ભુજલતા ઉંચી કરી શ્રીકૃષ્ણને તે નમાવવાનું કહ્યું. કૃષ્ણે પોતાનું સર્વ બળ તેને નમાવવાને એકઠું કર્યું. એક વાનરની પેઠે તે ભુજલતા પકડીને હિંચકા ખાધા; છતાં તે પ્રભુની ભુજાને લેશ પણ હલાવી શકયા નહીં એટલે તો તેનું મુખ નિસ્તેજ થયું. તેણે ધાર્યું કે, "હવે મ્હારૂં રાજ્ય જવા બેઠું." પણ બળભદ્રે તે વખતે કહ્યું. "ચિંતા ન કરો, નેમિકુમાર રાજ્યના અર્થી નથી." વળી આકાશને વિષે કોઈ દેવતાએ પણ કહ્યું. "હે કૃષ્ણ! તું નેમિકુમારથી ભય ન રાખીશ; એ રાજ્યના અર્થી નથી." એ સાંભળીને કૃષ્ણ સ્વસ્થ થયા, ને નેમિકુમાર ઉપર હર્ષ સહિત પ્રીતિ દર્શાવવા લાગ્યા.

વળી કોઈ અવસરે શિવારાણીએ શ્રીકૃષ્ણને કહ્યું, નેમિકુમાર વિવાહ કરવાની હા જ પાડતા નથી; માટે એવું કરો કે, જેથી તે એ વાતની હા કહે." એ ઉપરથી (શ્રીકૃષ્ણની સૂચના ઉપરથી) એકદા ગ્રીષ્મ ઋતુને વિષે શ્રીકૃષ્ણની જાંબૂવતી આદિ સ્ત્રીઓ જળક્રીડા કરવાને ગઈ ત્યાં રાણીઓ નેમિકુમાર પોતાનો દીયર હોવાથી, તેને હાસ્ય વચનો કહેવા લાગી. "અહો નેમિકુમાર! તમે વિવાહ કેમ કરતા નથી? તમારા ભાઈ બત્રીસ હજાર કન્યા પરણ્યાં છે, તો તમે એક પણ કેમ પરણી શકતા નથી? પૂર્વે સર્વે તીર્થંકરો પણ પરણ્યા હતા; આપણાજ વંશમાં મુનિસુવ્રત જિનેશ્વર પણ પરણ્યા હતા." આવી યુક્તિઓ કરીને તે સ્ત્રીઓએ પોતાના વ્હાલા દિયરને પરણવાની

હા પડાવી. પછી એ વાત શ્રીકૃષ્ણે શિવાદેવીને જણાવી કે, "નેમિકુમારે પરણવાની હા કહી છે." ત્યારે તો "કોઈ યોગ્ય કન્યા શોધી લાવો." એમ શિવાદેવીએ કહ્યું. તે વખતે સત્યભામાએ કહ્યું, "મ્હારી બેન દેવાંગના જેવી રૂપવતી છે; સૌંદર્યમાં અપ્સરાઓ પણ તેણીનાથી ઉતરતી છે." રાજિમતીના રૂપનું આવું વર્ણન સાંભળી શ્રીકૃષ્ણ પોતે ઉગ્રસેનની પાસે જઈ તેની પુત્રીને નેમિકુમારને અર્થે માગી. ઉગ્રસેને કહ્યું. "જે આપને રૂચે તેમ કરો." (અર્થાત્ તેણે પોતાની પુત્રી નેમિકુમારને વરાવી.)

પછી શ્રીકૃષ્ણ, સમુદ્રવિજય આદિ રાજાઓએ લગ્નશાસ્ત્રીઓને બોલાવી લગ્નના શુભ દિવસ માટે પૂછ્યું. તેઓએ પણ પોતાનાં શાસ્ત્ર વિલોકીને કહ્યું. "શ્રાવણનો શુકલ પક્ષ ને છઠનો દિવસ બેય વરકન્યાના વિવાહને યોગ્ય છે." એ ઉપરથી તેમણે તે લગ્ન લીધાં ને પોત પોતાને ઘેર વિવાહ સામગ્રી તૈયાર કરવા મંડયા. વિવાહની સામગ્રી તૈયાર થઇ; ને નેમિકુમાર વસ્ત્રાભૂષણ પહેરી સજ્જ થયા, પછી શ્રાવણ શુદિ છઠને દિવસે લગ્નની વેળા પહેલાં શ્રી નેમિકુમાર સમુદ્રવિજય આદિ રાજાઓની શ્રેણિથી શોભતા અને શિવાદેવી, સત્યભામા, રુકિમણી આદિ બહુ સ્ત્રીજનોથી ગવાતાં ગીતો સહિત ઉગ્રસેન રાજાના ગૃહ સમીપે આવી પહોંચ્યા. તે વખતે પ્રભુએ સારથિને પૂછ્યું; "આ ધવળગૃહ દેખાય છે તે કોનું?" સારથિએ આંગળી વડે બતાવીને કહ્યું, "એ તમારા સસરા ઉગ્રસેન ભૂપતિનું ગૃહ છે." તે વખતે ગવાક્ષમાં રહેલી રાજિમતી નેમિકુમારને જોવા લાગી. તેણીની સખીઓ પણ પરસ્પર કહેવા લાગી. "એક રાજિમતી જ નિશ્ચે સ્ત્રીવર્ગમાં વર્ણવવા યોગ્ય ગુણવાળી છે, એવી લાવણ્યની નિધિને નેમિકુમાર પરણશે." ત્યારે એક બીજી સખી ચંદ્રાનના બોલી, "વિધિએ રાજિમતીનું રૂપ રંભાના રૂપથી પણ અધિક કર્યું છે. જો આમાંથી હવે એ વિધિ વિરહ કરાવે તો નિશ્ચે બહુ અનિષ્ટ થાય." એટલામાં

તો પાછું વળીને જોતાં તેણીએ રાજિમતીને જોઈ એટલે તે ઉત્સુક થઈ કહેવા લાગી. "જો રાજિમતી, તું મને કંઈ ઈનામ આપે તો હું તને નેમિકુમાર બતાવું. જો નેમિકુમાર કેવા છે? પાતાળકુમાર હોયની અથવા કામદેવ હોયની! અથવા સુરપતિ કે મૂર્ત્તિમાન્ પુન્ય-રાશિ હોયની! હું તે એનું કેટલું વર્ણન કરૂં? એ તને પરણવાને આવે છે, તે જાણે આત્માએ કરીને વિધાતાનું લુછણું હોયની! એવો એ નિરૂપમ સૌભાગ્યનો નિધાન છે." વળી હસીને તે બોલી "બીજા જિનેશ્વર તો મેં દીઠાં નથી; આને જોઇનેજ મને સ્વાભાવિક પ્રેમ થઈ આવે છે; માટે ત્હારૂં એની સાથેજ પાણિગ્રહણ યોગ્ય છે."

એવામાં પશુઓનો આર્ત્તસ્વર સાંભળીને નેમિકુમારે દુ:ખ સહિત સારથિને પ્રશ્ન કર્યો કે, "અરે સારથિ? આ દારૂણ સ્વર શેનો છે?" તેણે ઉત્તર આપ્યો, "આપના વિવાહ પ્રસંગે સ્વજનોને ગૌરવ કરવાને (જમાડવાને) માંસને માટે આણેલાં ને એકઠાં કરેલાં પશુઓનો એ કરૂણામય સ્વર છે!" નેમિનાથે તે સાંભળી કહ્યું. "અહો! વિચિત્ર ચિત્તવૃત્તિવાળાઓનાં ચરિત્ર શ્રવણ કરવાં પણ અશક્ય છે, કે જેઓ પોતાના ઉત્સવને અર્થે જંતુઓ સાથે નિષ્કારણ વૈર બાંધે છે!"

આ જ વખતે રાજિમતી બોલી: "અહો સખીઓ! મ્હારૂં દક્ષિણ નેત્ર ફરકે છે, એ શું હશે?" સખીઓએ ઉત્તર આપ્યો, "એ અનિષ્ટ દૂર થાઓ." નેમિકુમારે તે સમયે પોતાના સારથિને રથ પાછો ફેરવવાનું કહ્યું. એટલામાં એક હરિણ નેમિકુમારને જોઇને, પોતાની ડોકથી હરિણીની ડોક ઢાંકી દઇને ભયમાં બોલ્યો. 'મને મારો, એને ન મારો, મ્હારી સ્ત્રી મ્હારી આપત્તિ દૂર કરનારી છે. તેથી જો તેણીનું મૃત્યુ થશે તો મને દુસ્સહ એવો પ્રિયતમાનો વિયોગ

થશે." પણ હરિણી તે વખતે હરિણ પ્રત્યે કહેવા લાગી. "હે સ્વામિ! તમે ચિંતા ન કરો. આ પ્રસન્ન વદનવાળો નેમિકુમાર ત્રિભુવનનો સ્વામિ છે અને નિષ્ઠાવાન બંધુ છે માટે એ તો સર્વ જીવનું રક્ષણ કરશે."

પછી એવા એવા નિરપરાધિ પશુઓનો દયાજનક પોકાર સાંભળીને નેમિકુમારે તે પશુઓના સાચવનારાઓને કહ્યું. "જો તમારો સ્વામિ મ્હારા વિવાહને સમયે એ જીવોને હણશે, તો હું પરણીશ નહીં; માટે એ પશુના રૂધિરથી છંટાયલો માણસ દુર્ગતિ પ્રાપ્ત કરે છે; માટે એવા વિવાહરૂપી વિષવૃક્ષની હમણાં મ્હારે જરૂર નથી." આ સાંભળીને શિવાદેવી ગદ્‌ગદ્ સ્વરે બોલ્યાં. "હે જનની વત્સલ પુત્ર! ત્હારે એ પશુઓને છોડી મૂકી પશુઓનું માંસ જમવા ન જમવાનું પ્રથમ શું કામ છે? ફક્ત પાણિગ્રહણનું કામ છે, માટે તે જ તું કર અને મને સંતુષ્ટ કર." આવું શિવાદેવીનું બોલેલું કાનને અમૃત સમાન વાક્ય સાંભળીને ચંદ્રાનના બોલી. "એ માતાએ કહેલા શબ્દોનો પ્રતિઉત્તર તો આપો; વિના કારણ અવહેલના કરવી રહેવા દ્યો." ત્યારે નેમિકુમાર બોલ્યા. "હે માતા? આગ્રહ ન કરો; માનુષી સ્ત્રી ઉપર મારૂં મન જ નથી. મ્હારી ઇચ્છા મુક્તિરૂપી વધૂને વિષે ઉત્કંઠિત છે." તે સાંભળીને રાજિમતી કહેવા લાગી. "હે ધૂર્ત નેમિકુમાર! જો સકળ સિદ્ધ પુરૂષોને ધૂતનારી એવી મુક્તિરૂપ ગણિકાને વિશેજ તમારૂં મન હતું, તો આવો પરણવા આવવાનો આરંભ કરીને મ્હારી વિડંબના શા માટે કરી?" પણ તેણીની સખીઓ તેણીને કહેવા લાગી. "હે પ્રિયસખી! એ પ્રીતિ રહિત છે, તો એના ઉપર શો પ્રીતિભાવ દર્શાવે છે? આપણે ત્હારે માટે કોઈ અન્ય પ્રીતિકર વર શોધશું." પણ રાજિમતી એ સાંભળતાં કાન બંધ કરીને કહેવા લાગી. "જો આ સૂર્ય પશ્ચિમ દિશાએ ઉદય પામે, તો પણ આ નેમિનાથને મૂકીને હું અન્ય સ્વામિ કરનારી નથી.

આ વખતે વળી સમુદ્રવિજય બોલ્યા, "હે અત્યંત નિર્મળ અંતઃકરણવાળા પુત્ર ? તું અમારા મનોરથ પૂર્ણ કર; ઋષભદેવ આદિ જિનેશ્વરો પણ પરણીને મુક્તિએ ગયા છે (નથી ગયા એમ નથી.) હે કુમાર ? બ્રહ્મચારીને એથી (મોક્ષથી) એકે ઉચ્ચ સ્થાન મળતું નથી; કારણ કે એથી એકે બીજું ઉચ્ચ પદ છેજ નહીં." ત્યારે નેમિકુમારે કહ્યું, "હે પિતા ? એક વખતના સ્ત્રીસંગમથી અસંખ્ય જંતુઓનો ઘાત થાય છે તો એવા અકાર્ય જેવા વિવાહ કાર્યમાં તમે શા માટે આગ્રહ કરો છો ?" ત્યારે શ્રીકૃષ્ણ બોલ્યા, "હે શાણા બંધુ ? એકવાર પ્રસન્ન થઈને માત પિતાનો મનોરથ પૂર્ણ કર ને વિવાહ કરવા દે." નેમિકુમારે એ સાંભળીને કહ્યું. "એક વાર તમારા અને માતાપિતાના આગ્રહથી તો મેં વિવાહ કરવાનું અંગીકાર કર્યું હતું, પણ અહિં તો વિવાહ કરવામાં અનેક જીવોનો સંહાર થાય છે માટે હવે તમારે ન બોલવું" એ ઉપરથી સમુદ્રવિજય પ્રમુખ સૌ મૌન રહ્યાં; ને નેમિકુમાર ઘેર પાછા ગયા.

તે સમયે સારસ્વતાદિ લોકાંતિક દેવોએ આવીને કહ્યું. "હે કંદર્પ ઉપર વિજય મેળવનારા અને અનેક જંતુઓને અભય આપનારા સ્વામિ ? આપ નિત્ય ઉત્સવને અર્થે તીર્થને પ્રવર્તાવો." એ પ્રમાણે સ્વામિ નેમિનાથ ભગવાનને પ્રણામ કરીને લોકાંતિક દેવતાએ વિનંતિ કરી. ત્યાર પછી શોક કરતા સમુદ્રવિજય રાજા અને શિવાદેવીને જોઇને કૃષ્ણે કહ્યું, "અહો માતાપિતા ? હર્ષને સ્થાને આ વિષાદ શાનો ?" પછી પ્રભુએ સૂર્યના ઉદયથી પોરશી પર્યંત એક ક્રોડ ને આઠ લાખ સોનૈયાનું દાન હંમેશાં એક વર્ષ પર્યંત આપ્યું. એ પ્રમાણે દાન દઈ દીક્ષા ગ્રહણ કરી. પછી સર્વ કર્મનો ક્ષય થતાં તેમને રેવતાચળ ઉપર કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. એટલે તે વખતે ઇંદ્રોએ મળીને સમવસરણ રચ્યું. ત્યાં અનેક દેવો, રાજાઓ, કૃષ્ણ આદિ ધર્મ સાંભળવા આવ્યા. તે વેળા પ્રભુએ દેશના દીધી. "હે જીવો ! આ સંસાર છે તે ભયાનક અટવીતુલ્ય છેઃ શરીર છે તે બહુ છિદ્રોએ યુક્ત એવું એક ગૃહ છે. આ બળવાન કાળ એક ચોર છે; માટે

મોહરૂપી અંધકારમય રાત્રીને વિષે તમે ધ્યાન રૂપી ખડ્ગ, વિરતિરૂપી ઢાલ અને શીયળરૂપી કવચ લઈ સાવધાન રહી ચક્ષુઓ સ્થિર રાખી જાગતા રહો. આ સંસારરૂપી સમુદ્રમાં પ્રાણીઓ કર્મ રૂપી કલ્લોલમાં ભમતા ભેગા થાય છે અને જૂદા પણ થાય છે; તો તેમાં કોને કોનો બાંધવ કહેવો ?"

પ્રભુનો આવો ધર્મોપદેશ શ્રવણ કરીને વરદત્ત પ્રમુખ અનેક મહિપતિઓએ દીક્ષા ગ્રહણ કરી. તેમને પ્રભુએ ગણધર પદવી આપી. તે સમયે રાજિમતીએ ઉભા થઇને પ્રભુને નમસ્કાર કરી તેમની પાસે દીક્ષા માગી, એટલે તેમણે તેણીને દીક્ષા આપી, તે ગ્રહણ કરી તેણીએ નાના પ્રકારની તપશ્ચર્યા કરતાં સંયમ પાળ્યો. એવામાં નેમિનાથ પ્રભુના નાના ભાઈ રથનેમિ પણ પિતાની આજ્ઞા લઇને ભગવાનની પાસે દીક્ષા અંગીકાર કરીને તપ કરવા લાગ્યા.

એકવાર એમ બન્યું કે, રાજિમતી સાધ્વી નેમિનાથ ભગવાનને વાંદવાને જતા હતા, એવામાં રસ્તે મેઘવૃષ્ટિ થવા લાગી. મેઘ અત્યંત વર્ષવાથી વસ્ત્ર ભીંજાયા, તેથી તે સુકવવાને તે એક ગુફામાં ગયા. ત્યાં જઇ પોતાનાં સર્વ વસ્ત્રો તેમણે છુટાં છુટાં સુકવ્યાં. એ વખતે શ્રી નેમિશ્વરનો લઘુભાઈ *રથનેમિ સાધુ પણ અકસ્માત તે જ ગુફામાં આવ્યા. તે રાજિમતીને વસ્ત્ર રહિત જોઇને કામાતુર થયા, ને ભોગની ઈચ્છાએ તેની પ્રાર્થના કરવા તેણીની પાસે ગયા. તેને પાસે આવતા જોઈ રાજિમતિએ વસ્ત્ર પહેરી લીધાં. એકાંત જાણી રથનેમિએ તેણીને કહ્યું. "હે રાજિમતિ ! મ્હારી સાથે ભોગ ભોગવ; ને મ્હારી ભોગની ઈચ્છાને પૂર્ણ કર. એકવાર ભોગ ભોગવ્યા પછી ફરી આપણે વ્રત પાળીશું." એ સાંભળી એ સાધ્વીએ વિચાર્યું. "ઓહો ! એ મૂઢ

---

*આ ઠેકાણે બીજા અનેક ગ્રંથોમાં એમ છે કે, પ્રથમ રથનેમિ કાઉસગ્ગ કરીને ગુફામાં રહ્યા હતા, ને રાજિમતી વર્ષાદને લીધે પછી ગુફામાં ગયા, માટે તત્ત્વ કેવળી ગમ્ય.

જણાય છે. કામી પુરુષ રાગાંધ નેત્રવાળો થઈ કૃત્ય અકૃત્ય જાણતો નથી. કહ્યું છે કે—આ જગતને વિષે અંધ પુરુષ હોય છે તે પોતાની આગળ રહેલી એવી દૃશ્ય વસ્તુને જોઈ શકતો નથી. પણ જે રાગે કરીને અંધ છે તે તો પોતાની પાસે હોય તેને પરિહરે છે, ને ન હોય તે દેખે છે. કારણ કે, તે અશુચિના સમૂહવાળા સ્ત્રીના અવયવોમાં દાંતને કુંદના ફુલની માફક, ચક્ષુને નીલકમળ સમાન, મુખને પૂર્ણ ચંદ્ર સમાન, સ્તનને સુવર્ણના કળશ સમાન, બાહુને લતા સમાન અને હોઠને પલ્લવ સમાન માનીને હર્ષ પામે છે. વળી મનુષ્ય, પંડિત, કુલિન ને વિવેકી ત્યાં સુધી જ ગણાય છે કે જ્યાં સુધી દુષ્ટ કામાગ્નિ તેનામાં પ્રજ્વલિત થયો નથી. એ કામદેવ કળામાં નિપુણ એવાઓને ક્ષણમાં વિકળ કરે છે, પવિત્ર પુરુષોનો ઉપહાસ કરે છે, તે ધૈર્યવાનનાં ધૈર્ય મુકાવી દે છે.” આ પ્રમાણે વિચારીને રાજિમતીએ કહ્યું. “અરે મહાભાગ! તમે એમ કેમ કહો છો? તમારે રાગ ન કરવો ઘટે. કહ્યું છે કે—ચેતના રહિત વસ્તુઓમાં પણ રાગ છે તે દોષનું જ પોષણ કરે છે; કારણ કે, મજીઠ રાગ (રંગ) યુક્ત છે તો તેને બહુ માર સહન કરવો પડે છે અને તાપની વેદના ભોગવવી પડે છે. વળી મૃત્તિકા જે (લાલ) માટી તેના જેવી એકેંદ્રિય વસ્તુમાં રાગ (રંગ) નો દોષ છે, તો તેને પાષાણ વડે વાટે છે. અને પછી તેને છાણમાં નાંખે છે. વળી તમે જે મને કહ્યું, તે કહેવાથી તો પ્રાણીને નરક ગતિ મળે છે. કહ્યું છે કે—જેણે પરસ્ત્રીના સામી ખોટી દૃષ્ટિ કરી છે, તેણે પોતાના આત્માને ધૂળ મેળવ્યો છે, સ્વજનને ખાર દીધો છે અને પગલે પગલે માથા ઢાંકણું કર્યું છે. વળી પરાક્રમથી જગતનો પરાભવ કરનાર રાવણ પણ પરસ્ત્રીની સાથે રમવાની ઇચ્છાથી કુળનો ક્ષય કરીને નરકને પામ્યો છે. વળી હે અપયશના અભિલાષી! તને ધિક્કાર થાઓ કે, તું અસંયમી જીવિતવ્યને માટે નેમિનાથ ભગવાને ત્યાગ કરેલા ભોગાદિકને ભોગવવાની ઇચ્છા કરે છે! તેથી મર્યાદાને ઉલ્લંઘન કરનારા! તને મરણ તે જ ભલું છે અર્થાત્ ત્હારે મરણ

સારૂં છે પણ આવું વિપરીત કાર્ય કરવું સારૂં નથી. વળી હે રથનેમિ ! હું ભોજકવૃષ્ણિ કુળના રાજા ઉગ્રસેનની પુત્રી છું, અને તું અંધકવૃષ્ણિકુળના રાજા સમુદ્રવિજયનો પુત્ર છે, તેથી ઉત્તમ કુળમાં જન્મેલા આપણે બંને ગંધન કુળમાં ઉત્પન્ન થએલા સર્પો જેવા એટલે વમેલું વિષ પાછું ચૂસી લે તેવા અર્થાત ત્યાગ કરેલા ભોગને પાછા ફરી ગ્રહણ કરનારા ન થવું જોઇએ. તે જ કારણ માટે તું નિશ્ચળ થઈને સર્વ પ્રકારના દુઃખને નિવારણ કરનારા સંયમને ધારણ કર. હે રથનેમિ ! જો તું જે જે સ્ત્રીઓને દેખીશ, તે તે સ્ત્રીઓમાં "આ સારી, આ વધારે સારી, આને હું સેવું." એવો ભાવ કરીશ, તો વાયુથી પ્રેરાયેલા અને મૂળ બંધાયા વિનાના વૃક્ષની પેઠે અસ્થિર આત્માવાળો થઈશ. અર્થાત્ સર્વ દુઃખનો ક્ષય કરનારા સંયમ ગુણમાં ત્હારૂં મૂળ બંધાયેલું થશે નહી, તેથી આ સંસાર સમુદ્રમાં પ્રમાદરૂપ પવને પ્રેરેલો તું આમ તેમ ભટક્યા કરીશ." ઇત્યાદિ રાજિમતીનાં વચનો સાંભળીને રથનેમિ તેણીને ચરણે પડ્યો ને બોલ્યો. "હું ખરેખર અભાગ્યવાન છું; તોપણ તમે આમ મ્હારૂં મન ઠેકાણે આણ્યું. તેથી તમે મ્હારા ગુરુને ઠેકાણે છો. માટે હવેથી તમે મ્હારા ગુરુ છો." રાજમતિએ કહ્યું. "તમારી ભૂલ સમજ્યા તેથી તમને ધન્ય છે." આ પ્રમાણે રથનેમિને પ્રબોધ આપીને તે પોતાને ઉપાશ્રયે ગઈ. અનુક્રમે તે સર્વ કર્મનો ક્ષય કરીને નેમિનાથના નિર્વાણ પહેલાં જ મુક્તિએ પહોંચી...

卐

# ૪. દ્રૌપદી

પંચાળ દેશનું વિભૂષણ કપિલપુર નામનું શોભાયમાન નગર છે. ત્યાં દ્રુપદ નામે રાજા ન્યાયથી રાજ્ય કરતો હતો. તેને એક પુત્રી થઇ, તેનો જન્મોત્સવ કરીને તેણે દ્રૌપદી એવું નામ પાડ્યું. અનુક્રમે વયે વૃદ્ધિ પામી એટલે પિતાએ તેણીને ધર્મ–કર્મ શાસ્ત્રાદિમાં પ્રવીણ કરી. કહ્યું છે કે–જેણે પહેલી અવસ્થામાં વિદ્યા, બીજી અવસ્થામાં ધન અને ત્રીજી અવસ્થામાં ધર્મ નથી ઉપાર્જન કર્યો તે ચોથી અવસ્થામાં શું કરશે ? વળી રૂપ અને યૌવનથી પૂર્ણ, તથા વિશાળ કુળમાં ઉત્પન્ન થએલા પ્રાણીઓ જો વિદ્યારહિત હોય તો નિર્ગંધ એવા કેસુડાની (ખાખરાના પુષ્પની) પેઠે શોભતા નથી. અન્યદા તેણીને યૌવન પામેલી જોઈ, પરણવાને યોગ્ય ઉમ્મરે પહોંચેલી જાણી, રાજા વરને શોધવાની ચિંતારૂપ સમુદ્રને વિષે નિમગ્ન થયો. કહ્યું છે કે– પોતાના ઘરને શોષનારી, પારકા ઘરને મંડન કરનારી, કુળના કલંકરૂપ અને કલહના ભવનરૂપ એવી પુત્રી જેને ત્યાં નથી, તે લોક સુખી જાણવા. પછી રાજાએ કહ્યું. "જે રાધાવેધ સાધશે, તે આ મ્હારી પુત્રીને પરણશે." આ ઉપરથી બહુ બહુ દેશોમાં કુંકુમપત્રિકા મોકલાવી યુધિષ્ઠિર આદિ રાજાઓને તેડાવ્યા. પછી એક ઉંચા સ્તંભ ઉપર સોળ આરાનું ચક્ર મૂકી, તે ઉપર એક પૂતળી મૂકી, નીચે (ભૂમિ ઉપર) તેલની ભરેલી એક કઢાઈ મૂકી. હવે સૃષ્ટિના સંહાર માટે જ હોયની ? તેમ ફરતા એવા એ ચક્રની ઉપર રહેલી પૂતળીની ડાબી ચક્ષુને, જે કોઈ નીચે રહેલી તેલની કઢાઇમાં પડતા પ્રતિબિંબ તરફ જ નજર રાખી, તથા મુષ્ટી ઉંચે રાખીને તીરવડે વિંધે, તેણે રાધાવેધ સાધ્યો કહેવાય. (રાધા એટલે પુતળી અને વેધ એટલે

વિંધવું.) આ કામ કોઈ પણ રાજા કરી શક્યો નહિં; એટલે અર્જુને ઉભા થઈને પૂતળી વિંધી, ને રાધા વેધ સાધ્યો. તે વખતે દ્રૌપદીએ તેના કંઠને વિષે વરમાળ આરોપી. તે વરમાળ બીજા ચારે ભાઇઓના કંઠને વિષે પણ પડી! રાજાએ વિચાર્યું. "હવે શું કરવું? માળા તો પાંચેના કંઠને વિષે પડી!" એવામાં તો અકસ્માત ત્યાં ચારણ શ્રમણ મહાત્મા આવ્યા; સર્વે રાજાઓ ઉભા થઇને તેમને નમ્યા, સર્વેએ તેમનો ધર્મોપદેશ શ્રવણ કર્યો. ત્યાર પછી દ્રુપદ રાજાએ તેમને પૂછ્યું; આ મ્હારી પુત્રીએ અર્જુનના કંઠને વિષે આરોપેલી વરમાળા, બીજા ચારે ના કંઠને વિષે કેવી રીતે પડી? હવે કેમ થશે?" તે વખતે મુનિએ "દ્રૌપદીને પૂર્વ ભવને વિષે કરેલું કર્મ આવી લાગ્યું છે;" એમ કહ્યું; ને તેની સાથે એમ જણાવ્યું કે, "પૂર્વે ચંપાપુરીને વિષે સોમદેવ, સોમભૂતિ અને સોમદત્ત નામના ત્રણ બ્રાહ્મણ ભાઈઓ વસતા હતા, તેમને અનુક્રમે નાગશ્રી, રતિભૂતિ અને યજ્ઞશ્રી નામની સ્ત્રીઓ પોત પોતાને વારે સર્વ કુટુંબને અર્થે રસોઈ કરતી. એકવાર પોતાને વારે નાગશ્રીએ અતિ ઉત્તમ રસવતી બનાવી અને સાથે સરસ તુંબડાનું શાક બનાવ્યું; પણ તેણીએ જ્ઞાનથી વિચાર્યું કે, "એ તુંબડીનું શાક તો કડવું હશે, છતાં એમાં દ્રવ્યનો વ્યય થયો છે માટે મ્હારાથી એ નાંખી કેમ દેવાય?" એમ ધારી એક જૂદા વાસણમાં કાઢી નાખ્યું; ને બીજું શાક નિપજાવી સર્વ કુટુંબને જમાડયું. એવામાં ત્યાં શ્રીધર્મઘોષ મુનિ આવ્યા હતા, તેમના શિષ્ય ધર્મરુચિ માસ ખમણને પારણે નાગશ્રીને ઘેર ભિક્ષા અર્થે આવ્યા. યતિની દ્વેષિલી નાગશ્રીએ તેમને પેલા રાખી મૂકેલા કડવા તુંબડાનું શાક વહોરાવ્યું; તે લઇને શિષ્ય તો ગુરુપાસે આવ્યા. ત્યાં તેણે આણેલો તુંબડીનો આહાર જોઇને ગુરુએ કહ્યું. "આ તુંબડી ફળ અતિ કડવું છે, તેથી પ્રાણહારક છે; માટે એને કોઈ નિરવદ્ય સ્થાનને વિષે પરઠવી આવ." ગુરુનો તેવો આદેશ સાંભળીને શિષ્ય ઉદ્યાનને

વિષે ગયો; ત્યાં એક બિંદુ ભૂમિ ઉપર પડી ગયું, તેથી એકઠી થયેલી હજારો કીડીઓ મરી ગઈ! તે જોઈ ધર્મરુચિ શિષ્યે વિચાર્યું, "જો હું આ તુંબડીનું શાક ભૂમિને વિષે પરઠવીશ, તો બહુ જીવની હાનિ થશે, માટે હું જ એનું ભક્ષણ કરૂં." એમ વિચારી પોતે ખાઈ ગયો. તેથી તે શુદ્ધ સંયમ આરાધક પંચ પરમેષ્ઠીના ધ્યાનમાં મૃત્યુ પામીને સર્વાર્થસિદ્ધ વિમાને ગયો. પાછળ 'ધર્મરુચિ બહુ સમય થયો છતાં પાછો ફર્યો નહી,' એમ જાણી ગુરુએ તેની શોધમાં અન્ય સાધુઓને મોકલ્યા. સાધુઓએ તેનું મૃત્યુ થએલું જોઈ તેનાં ઉપકરણ ગુરુ પાસે આણ્યાં. ગુરુએ જ્ઞાનબળથી જોયું કે તે સર્વાર્થસિદ્ધ વિમાને ગયો છે. તે વાત એમણે બીજા સાધુઓને પણ જણાવી કે, "ધર્મરૂચિ મૃત્યુ પામ્યો છે; પણ એનો ભાગ્યશાળી જીવ જીવયત્નાને લીધે સર્વાર્થસિદ્ધ વિમાને ગયો છે." અનુક્રમે નાગશ્રી પણ કરેલું દુષ્કાર્ય આળોવ્યા વિના મૃત્યુ પામીને છઠ્ઠી નરકે ગઈ. ત્યાંથી તે મત્સ્ય થઈ. ત્યાંથી વળી સાતમી નરકે ગઈ. ફરી મત્સ્ય થઈ, વળી નરકમાં ગઇ. એમ સાત સાત વાર નરકગમન અને મત્સ્ય ભવ થયા. એમ બહુ ભ્રમણ કરીને ગિરિનદી ન્યાયે અંતે નાગશ્રીનો જીવ ચંપાનગરીને વિષે સાગરદત્ત શ્રેષ્ઠીની સુભદ્રા નામે પત્નીની કુક્ષિએ અવતર્યો. સમય થયે સુભદ્રાએ એક પુત્રીને જન્મ આપ્યો. માતાપિતાએ સુકુમારિકા એવું નામ આપ્યું. વયવૃદ્ધિ પામ્યે જ નગરના જિનદત્ત શ્રેષ્ઠીના સાગર નામના પુત્ર વેરે તેણીને પરણાવી, ને સાગરદત્ત શ્રેષ્ઠીએ તે જમાઇને પોતાને ઘેર રાખ્યો.

એકદા રાત્રીને વિષે સાગર, સુકુમારિકા સાથે શય્યામાં સુતો હતો, તેવામાં તેણીના શરીરનો સ્પર્શ ખેરના અંગારા સમાન જણાયો! તેથી તે ક્ષુબ્ધ થઇ તેણીને સૂતી મૂકી પોતાને ઘેર જતો રહ્યો. સાગરને ગયો જાણીને પ્રભાતે સુકુમારિકા અત્યંત રૂદન કરવા લાગી કે, "આજે મ્હારા પતિ મને ત્યજી ગયા છે." જ્યારે માતાપિતાએ

પુત્રીના રૂદનનું કારણ દાસી મારફતે જાણ્યું, ત્યારે તેમણે આવીને કહ્યું. "હે પુત્રી! રૂદન ન કર. રાજા કે રંક, કોઈ કર્મના બંધનથી છૂટતું નથી. તેં પૂર્વ ભવને વિષે કોઇનો પણ વિયોગ કરાવ્યો હશે, તેથી આજ ત્હારે એમ થયું છે." પછી સાગરદત્તે જઈને જિનદત્તને કહ્યું કે, "તમારો પુત્ર મ્હારી પુત્રીને પરણીને જતો રહ્યો છે, તેથી તમેજ એને કાંઇ કહો." તે ઉપરથી શ્રેષ્ઠીએ પોતાના પુત્રને બોલાવીને કહ્યું કે, "હે પુત્ર! પુરૂષે જે નારી અંગીકાર કરી હોય, તે તેનાથી ત્યજાય નહી. તો તારા જેવા કુલીનથી તો કેમ ત્યજાય? તેં આ શ્રેષ્ઠી પુત્રીને કેમ ત્યજી દીધી? સુગુણ હોય કે નિર્ગુણ હોય, પણ એકવાર અંગીકાર કર્યું એટલે તે મુકાંયજ નહિં. કારણ કે શિવ કલંક યુક્ત અને કુટિલ એવા ચંદ્રમાને એક વાર અંગીકાર કર્યાં પછી ત્યજતા નથી. માટે હે પુત્ર! આ તારી મનોહર પ્રિયાને શીઘ્ર અંગીકાર કર. હિતવાંછક જનો માત પિતાના વચનને સારી રીતે પાળે છે."

તે સાંભળીને સાગરે પોતાના પિતા પ્રત્યે કહ્યું. "હે તાત! કહો તો અગ્નિને વિષે પ્રવેશ કરું; પણ એ સ્રીના શરીરનો સ્પર્શ અંગારાથી વિશેષ ઉગ્ર છે, માટે તેણીની પાસે ક્ષણવાર પણ હું રહી શકતો નથી." એ સાંભળીને સાગરદત્ત પોતાની પુત્રી પાસે આવીને કહેવા લાગ્યો, હે પુત્રી! એ સાગર તને મનથી પણ ચિંતવતો નથી, માટે અન્ય ભર્તારને વર. હું ત્હારે માટે ઉત્તમ, કુલીન, વિનીત, અને હિતકારક બીજો સ્વામી લાવીશ; એ વાતમાં ત્હારે દુઃખ ધરવું નહીં."

પછી સાગરદત્તે નિર્ધન પુરૂષોને પોતાની પુત્રીના પાણિગ્રહણને અર્થે આણ્યા; પરંતુ તે સર્વે તેણીને સૂતી મૂકીને નાસી ગયાં! છેવટે સાગરદત્ત ભિક્ષા માગતા એક ભીખારીને પોતાને ઘેર લઇ આવ્યા. તેની ભિક્ષા માગવાની ખોપરી મુકી દેવરાવી સુવાસિત જળથી સ્નાન કરાવી નાના પ્રકારનાં આભૂષણો પહેરાવી તેને પોતાની પુત્રી આપી. આ રંક પુરૂષને પણ તે સુકુમારિકાનું શરીર અંગાર સમાન લાગ્યું.

તેથી તે વિચાર કરવા લાગ્યો. "શું અંગારાની સગડી સમાન દેખાતી સ્ત્રી રાક્ષસી હશે?" એમ વિચારી તે પણ સાગરની પેઠે તેણીને ત્યજી ગયો અને ફરી તેણે ખોપરી ગ્રહણ કરી. તે ઉપરથી શેઠે પૂછ્યું. "અરે તું કેમ મ્હારી પુત્રીને ત્યજી જતો રહે છે?" પેલાએ ઉત્તર આપ્યો. "અગ્નિ પ્રવેશ સારો પણ તમારી પુત્રીનો સ્પર્શ સારો નથી." આમ થવાથી તો શેઠની પુત્રી પૂર્વની પેઠે રૂદન કરવા લાગી. તે જોઈ તેનો પિતા ત્યાં આવી કહેવા લાગ્યો. "પૂર્વે કરેલાં કર્મ છૂટતાં નથી. કારણ કે, જો પૂર્વ કર્મના વિપાકથી સૂર્યને આકાશને વિષે ભ્રમણ કરવું પડે છે; ગુણી જનને પણ ભિક્ષાર્થે ભટકયા કરવું પડે છે. અને કોઇ પુરૂષ તો મૂર્ખ છતાં સંપત્તિ ભોગવે છે. કહ્યું છે કે– જોઇએ તો પર્વતના શિખર ઉપર ચઢો, સમુદ્રને ઉલ્લંઘી જાઓ, પાતાળને વિષે પ્રવેશ કરો; પણ વિધિએ લખી મુકેલી અક્ષરમાળા ફળવાનીજ. માટે હે પુત્રી? પૂર્વના કર્મના છેદનને અર્થે દાન આપ, તપશ્ચર્યા કર અને આત્માને શાંત કરીને રહે." પિતાના આવા વચન સાંભળીને સંતોષપૂર્વક સુકુમારિકા જૈનધર્મ પાળવા લાગી. તેણીને ત્યાં એકદા કોઈ સાધવી ગોચરી માટે આવી ચડયા, તેમને તેણીએ શુદ્ધ અન્ન પાનથી ભાવ સહિત પ્રતિલાભીને તેમની પાસે તેણીએ દીક્ષા ગ્રહણ કરી; પોતાનાં પૂર્વનાં ઉપાર્જેલાં દૃઢ કર્મને છેદવાને માટે દુષ્કર તપ આદર્યો.

એકદા તે પોતાની ગુરૂણી પ્રત્યે કહેવા લાગી. "મેં પૂર્વે સંસારને વિષે બહુ દૃઢ કર્મબંધ કર્યો છે, માટે મ્હારી એવી ઈચ્છા છે કે, મનુષ્ય રહિત વનને વિષે જઈને છઠ્ઠ અઠ્ઠમ આદિ તપ કરી સૂર્ય સામે પ્રગટ દૃષ્ટિ રાખી એકાગ્ર મનથી આતાપના લઉં." તે સાંભળીને પ્રવર્તિનીએ કહ્યું. "હે વત્સ? બહાર ઉદ્યાનને વિષ જઈને આતાપના લેવી એ સાધ્વી માટે લેશ પણ યુક્ત નથી." સુકુમારિકા બોલી. "એમ છે તોપણ હું તો બહાર ઉદ્યાનમાં જઇને

આતાપના લઇશ માટે આદેશ આપો," એમ આગ્રહ કરી આદેશ મેળવી સુકુમારિકા બહાર ઉદ્યાનમાં ગઇ. ત્યાં આતાપના લેતાં સાત આઠ દિવસ થયા; એવામાં ત્યાં કોઈ એક વેશ્યા અકસ્માત્ એક પુરૂષના ખોળામાં સુતી હતી, બીજો પુરુષ તેણીના મસ્તક ઉપર પુષ્પની વેણી બાંધવા લાગ્યો, ત્રીજો પુરૂષ વળી તેણીને પંખાવડે પવન ઢોળવા લાગ્યો, ચોથો તેણીના મસ્તક ઉપર છત્ર ધરી રહ્યો અને પાંચમો તેણીના શરીરનો થાક ઉતારવા લાગ્યો, આ પ્રમાણે પાંચ પુરુષોથી સેવાતી ગણિકાને જોઇને સુકુમારિકાએ વિચાર્યું; "અહો! આ સ્ત્રીને ધન્ય છે કે, પાંચ પુરૂષો તો એની સેવા કરે છે! અને મને તો આ જ ભવમાં ફરી ફરી પતિએ ત્યજી છે." આમ વિચારી સુકુમારિકાએ એવું નિયાણું બાંધ્યું કે, "જો મેં આદરેલા તપનું કંઈ પણ ફળ મળવાનું હોય તો મને પણ એની જ પેઠે પાંચ ભર્તાર મળજો." બીજી સાધ્વીઓએ એને એવું નિયાણું બાંધતાં વારી, પણ એ રહી નહીં! તેથી તેણીને જૂદા ઉપાશ્રયમાં રાખી. અનુક્રમે આઠ માસ પર્યંત સંલેખન કરી અંતે સૌધર્મ દેવલોકને વિષે નવ પલ્યોપમની આયુષ્યવાળી દેવી રૂપે ઉત્પન્ન થઈ. ત્યાંથી ચ્યવીને તે આ કાંપિલ્લપુરને વિષે દ્રુપદ રાજાની પુત્રીપણે અવતરી. અહીં તેણીએ અર્જુનના કંઠમાં આરોપેલી વરમાળા પાંચે પાંડવોના કંઠને વિષે પડી, એ તેણીએ કરેલા નિયાણાને લીધેજ. એ પ્રમાણે એના કર્મનો ઉદય થયો. કર્મની આગળ કોઈ છૂટી શકતું નથી. કહ્યું છે કે–પુરુષ ગમે તેવો બુદ્ધિશાળી હોય, પણ તેના કર્મથી પ્રેરાતો હોય ત્યાં તે શું કરી શકે? કારણ કે પ્રાયે મનુષ્યોની બુદ્ધિ તેના કર્મને જ અનુસરનારી હોય છે. પૂર્વ જન્મને વિષે જે શુભાશુભ કર્મ ઉપાર્જન કરે છે, તે દેવ કે દૈત્ય પણ અન્યથા કરી શકતા નથી.

દ્રૌપદીના પૂર્વ ભવનું આવું વૃત્તાંત શ્રવણ કરીને ઘણા માણસોએ જૈનધર્મ અંગીકાર કર્યો. હવે પાંચે પાંડવો દ્રૌપદીને પોત પોતાને વારે ભોગવવા લાગ્યા. જે દિવસે એકનો વારો હોય, તે દિવસે બીજા

પાસે તે જાય નહીં. એકદા દ્રૌપદી પોતાના શરીર પ્રમાણ દર્પણને વિષે પોતાનું અંગ જોતી હતી, તેવામાં ત્યાં અકસ્માત્ નારદ ઋષિ આવ્યા. પણ દ્રૌપદી તો આરીસામાં પોતાનું શરીર ફરી ફરી નિહાળતી હતી, તેથી તેણીએ તેમને મનથી પણ આવ્યા જાણ્યા નહીં; એટલે નારદ રોષ સહિત ત્યાંથી ઉભા થઇને ધાતકીખંડમાં આવેલ અમરકંકા નગરીએ ગયા. ત્યાં પદ્મોત્તર રાજા રાજ્ય કરતો હતો. તેની પાસે નારદ ગયા, એટલે તે રાજાએ વિનયપૂર્વક ઉભા થઇને પાંચ અભિગમન સાચવીને તેને વંદન કર્યું; પછી પૂછ્યું કે, "હે ઋષીશ્વર! આપ ક્યાં ગયા હતા? અને અહીં આવવાનું શું કારણ છે?" નારદે ઉત્તર આપ્યો. "હું હસ્તિનાપુર ગયો હતો, ત્યાં પાંડવોના અંતઃપુરને વિષે મેં દ્રૌપદીને જોઈ, તેવી એક પણ સ્ત્રી ત્હારા અંતઃપુરને વિષે નથી." એ ઉપરથી તો પદ્મોત્તર રાજાએ તેણીને મેળવવાને એક દેવને આરાધ્યો, તેથી દ્રૌપદી તેની પાસે આવી. તેણીને તે કહેવા લાગ્યો. "હે દ્રૌપદી! તું મારી સાથે ભોગ ભોગવ, આ રાજ્ય ત્હારૂં છે. આ પટ્ટકુળાદિ પણ ત્હારાં છે, તે તું અંગીકાર કર. તને મ્હારી સર્વ પત્નીઓમાં મુખ્ય ગણીશ, હું મ્હારૂં સર્વ કામ તને પૂછીને કરીશ." આ પ્રમાણે બહુ બહુ પ્રકારે તે રાજાએ દ્રૌપદીનું શિયળ ખંડન કરવાને યત્ન કર્યો, પણ તેથી તેણીના અંતઃકરણને વિષે લેશ માત્ર વિકાર થયો નહીં. તે તો પંચ પરમેષ્ઠીના ધ્યાનને વિષે જ લીન હતી, ને છઠ્ઠ અઠ્ઠમ આદિ તપ કરવા લાગી.

અહિં પાછળ દ્રૌપદીનું હરણ થયું જાણી પાંચે પાંડવો શ્રીકૃષ્ણ પાસે ગયા, ને તેને સર્વ વૃત્તાંત નિવેદન કર્યો. તે સાંભળી શ્રીકૃષ્ણે કહ્યું "દ્રૌપદીને કોણ હરી ગયું છે? હમણાં જણાતું નથી." એવામાં તો નારદ પોતે ત્યાં આવ્યા. તેને શ્રીકૃષ્ણે પૂછ્યું. "હે નારદ ઋષિ! તમે ક્યાંય દ્રૌપદીને દીઠી?" નારદે ઉત્તર આપ્યો. "ધાતકી ખંડની અમરકંકા નામની નગરીના રાજા પદ્મોત્તરના અંતઃપુરને વિષે મેં એક દ્રૌપદી જેવી સ્ત્રી જોઈ છે." તે સાંભળી શ્રીકૃષ્ણે સુસ્થિત

દેવને આરાધ્યો; એટલે છએ જણ રથમાં બેસીને અમરકંકા નગરીની બહારના ભાગમાં પહોંચ્યા. ત્યાં શ્રીકૃષ્ણ સિવાય પાંચ પાંડવોએ એ રાજા પદ્મોત્તરની સાથે યુદ્ધ કર્યું; પણ તેમાં તેઓ હાર્યા. એટલે શ્રીકૃષ્ણે પોતે રણસંગ્રામને વિષે આવી જય મેળવ્યો. પદ્મોત્તર રાજા ગઢમાં પેસી ગયો, ને કિલ્લાના દ્વાર દઢ રીતે બંધ કરાવ્યાં; એટલે શ્રીકૃષ્ણે કિલ્લા ઉપર ચઢીને નરસિંહ રૂપ ધારણ કરી પૃથ્વીને એવી રીતે કંપાવી કે, નગરવાસીઓના ઘર પણ પડી ગયાં! તેથી ભય પામીને પદ્મોત્તર રાજા શ્રીકૃષ્ણ પાસે આવી નમ્યો, તેના ચરણમાં પડીને ક્ષમા માગી કહેવા લાગ્યો." મેં પ્રથમ એ મૂઢતા કરી કે, મેં દ્રૌપદીનું હરણ કર્યું, અને બીજી એ કે આપની સાથે સંગ્રામ કર્યો. હવે મારા ઉપર કૃપા કરી દ્રૌપદીને અંગીકાર કરો. ઉત્તમ પુરૂષોને ત્યાં સુધી કોપ રહે છે કે, જ્યાં સુધી સામો માણસ આવીને નમતો નથી. (પણ હું તો હવે નમું છું.)"

એ સાંભળી શ્રીકૃષ્ણે પોતાનું મૂળરૂપ કર્યું. પછી પદ્મોત્તર રાજા શ્રીકૃષ્ણને નગર વિષે લઈ ગયો; ને ત્યાં ભોજનદાન આદિથી તેની ભક્તિ કરી, ને અંતઃપુરને વિષેથી દ્રૌપદીને આણીને તેને સોંપી; એટલે એ મહાસતિને લઈને શ્રીકૃષ્ણ પાછા વળ્યા. એ વખતે ધાતકી ખંડના જિનેશ્વર પાસે ત્યાંનાજ વાસુદેવે સાંભળ્યું કે, "જંબુદ્વીપનો વાસુદેવ શ્રીકૃષ્ણ અહિં આવ્યો છે." તે ઉપરથી સમુદ્રને કાંઠે એને મળવા ગયો. ત્યાં બન્ને વાસુદેવે શંખ પૂર્યો. પછી સમુદ્ર ઉતરીને બધા ગંગા તટે આવ્યા. ત્યાંથી પહેલા પાંડવો નાવમાં બેસીને નદી ઉતર્યા, પણ તેમણે શ્રીકૃષ્ણના બળની પરીક્ષા કરવા માટે એ નાવને પાછી ન મોકલી; પરંતુ શ્રીકૃષ્ણ તો ભુજા વડે નદી ઉતરીને પાંડવો પાસે આવ્યા, ને તેમના ઉપર કોપાયમાન થઈ તેણે તેમનું રાજ્ય લઈ લીધું, ફક્ત મથુરા આપ્યું. પછી કુંતી હર્ષ પામી દ્રૌપદીને ઘેર લઈ ગઈ, ને ત્યાં પુન્યદાન કર્યાં. શ્રીકૃષ્ણ પણ દ્વારિકા ગયા.

એક વખત દુર્બુદ્ધિ દુર્યોધનની કપટજાળમાં ફસાઈ જતાં યુધિષ્ઠિર જુગારની રમતમાં દ્રૌપદી સહિત રાજ્યને હારી બેસવાથી દુઃશાસન દ્રૌપદીની વેણી પકડીને તેણીને સભામાં ઘસડી લાવી તેણીની લાજ લેવા ચીર ખેંચવા લાગ્યો; પરન્તુ શિયળના માહાત્મ્યથી સતી દ્રૌપદીના ચીર ખેંચાતા જવા છતાં તેણીના શરીર પર નવા ચીર આવતા ગયા એટલે તેણીના શરીરપરનું વસ્ત્રાચ્છાદન સદંતર ખસી જઈ શક્યું નહિ. આવા આશ્ચર્યકારક બનાવથી અન્તે તેણે તેણીને છોડી દીધી. આવી રીતે કીચકની દુષ્ટ વૃત્તિને પૂરી પાડવા વિરાટ પતિની પત્ની સુદેષ્ણાએ પણ દ્રૌપદીને પોતાના ભાઈ પાસે છેતરીને મોકલી હતી; પરન્તુ દગાની જાણ થતાં દ્રૌપદીએ ધૈર્ય રાખી વીરત્વ દાખવી પોતાનું શિયળ સાચવ્યું. પોતાનું અમૂલ્ય સતિત્વ રક્ષવા માટે નારદના છળ કપટથી પદ્મોત્તર રાજાના રાણી વાસમાં તથા સુદેષ્ણાના છળથી કીચકના ભુવનમાં સપડાયા છતાં આમરણાન્ત કષ્ટ સહન કર્યું; પણ પરપુરૂષ સાથે રાગ દૃષ્ટિએ વાદવિવાદ પણ ન કર્યો. તે સતિ સ્ત્રીએ પોતાના સ્ત્રી ધર્મને સંપૂર્ણપણે મહાકષ્ટે પણ જાળવી રાખ્યો. ધન્ય છે તે જગદ્વંદ્ય મહાસતીને.

શ્રી નેમિનાથ ભગવાન્ મથુરાને વિષે આવી સમવસર્યા એટલે કુંતી પાંચે પુત્રો તથા દ્રૌપદીને લઇને તેમને વંદન કરવા ગઈ. ત્યાં પ્રભુએ ધર્મોપદેશ આપ્યો, કે આ લોકને વિષે મનુષ્યપણું, આર્યક્ષેત્ર, ઉત્તમ જાતિ, સારૂં રૂપ, નિરોગીપણું, લાંબુ આયુષ્ય, સારી બુદ્ધિ, શાસ્ત્રનું શ્રવણ અને શુદ્ધ સંયમ, એ સર્વ પામવાં દુર્લભ છે." ઈત્યાદિ ઉપદેશ સાંભળીને એ સાતે જણાએ સમકિત મૂળ બાર વ્રત ગ્રહણ કર્યાં. અનુક્રમે પાંચે પાંડવોએ પોતાના પુત્રને રાજ સોંપ્યું, ને કુંતી તથા દ્રૌપદી સહિત ગુરૂ પાસે દીક્ષા લીધી. ત્યાર પછી દ્રૌપદી નાના પ્રકારની તપશ્ચર્યા કરવા લાગી. અનુક્રમે એકદા તે શ્રી શત્રુંજય તીર્થે ગઇ, ત્યાં પણ બહુ તપ કરતી આયુષ્ય ક્ષય થયે પાંચમે દેવલોકે ગઈ. ત્યાંથી ચ્યવીને અનુક્રમે તે થોડા ભવમાં મોક્ષ પામશે.

卐

# ૫. કૌશલ્યાની કથા

એ સમયમાં અર્ધ ભરતક્ષેત્રના રાજ્યભોક્તા રાવણે સભામાં કોઈ એક નૈમિત્તિકને પૂછ્યું કે 'હે નિમિત્તજ્ઞ! દેવતા અમર કહેવાય છે, પણ તેઓ નામના જ અમર છે, પરમાર્થે અમર નથી; જે કોઈ સંસારવર્તી પ્રાણી છે તેઓનું મૃત્યુ અવશ્ય થવાનું હોય છે; તો તેમાં મારું મૃત્યુ સ્વપરિણામથી છે કે કોઇ બીજાથી છે? તે નિઃશંકપણે કહો; કેમકે આપ્ત પુરૂષો સ્ફુટ ભાષીજ હોય છે.' નિમિત્તિઆએ કહ્યું–'હવે પછી થનારી જાનકી (જનક રાજાની પુત્રી) ના કારણને લીધે દશરથ રાજાના હવે પછી થનારા પુત્રથી તમારૂં મૃત્યુ થશે. આ પ્રમાણેનાં તેનાં વચન સાંભળીને વિભીષણ બોલ્યો કે–આ નિમિત્તિઆનું વચન જો કે નિરંતર સત્ય જ હોય છે; પણ આ વખત તો હું તેને સત્વર અસત્ય કરી દઈશ; કારણ કે તે કન્યાના અને વરના પિતા થનારા જનક તથા દશરથ કે જે બંને આ અનર્થના બીજ રૂપ છે તેમને જ હું હણી નાંખીશ; એટલે આપણું વિઘ્ન દૂર થશે. તેઓના મરણથી પુત્ર–પુત્રીના જન્મની સંભાવના જ નષ્ટ થશે, એટલે નિમિત્તિઆનું વચન સ્વયમેવ અસત્ય થશે.' રાવણે અનુમોદના કરવાથી કાર્યપરત્વે તત્પર વિભીષણ સ્વગૃહે આવ્યો.

બીજી તરફ આ સભામાં હાજર રહેલ નારદ ઋષિ રાજા દશરથ પાસે અયોધ્યા ગયા અને કહ્યું: હું લંકામાં રાવણને

ત્યાં ગયો હતો, નિમિત્તિઆએ રાવણનો વધ જાનકીના નિમિત્તે તમારા પુત્રથી કહ્યો તે મારા જાણવામાં આવ્યું. વિભીષણે તમને અને રાજા જનકને મારવાની પ્રતિજ્ઞા કરી તે મેં સાંભળ્યું. હવે તે મહા બળવાન અલ્પ સમયમાં જ અહીં આવશે. સાધર્મિકપણાની પ્રીતિને લીધે હું આ સમયે તમને ચેતવણી આપવા ઉતાવળે અહીં આવ્યો છું.' દશરથ રાજાએ નારદજીની ભક્તિ કરીને વિદાય કર્યા. શ્રી નારદ મુનિએ ત્યાંથી જનક રાજા પાસે જઇને તેમને પણ ઉપર મુજબ વાત કહીને ચેતાવ્યા.

હવે દશરથ રાજા મંત્રીઓ સાથે મંત્રણા કર્યા પછી પોતાનું રાજ્ય મંત્રીઓને સોંપી ગુપ્ત રીતે ત્યાંથી ચાલી નીકળ્યા. મંત્રીઓએ રાજાના સ્વરૂપની એક પ્રતિમા કરાવી રાજ્યમંદિરના એક અલ્પ પ્રકાશવાળા ભાગમાં પધરાવી. જનક રાજાના રાજ્યમાં પણ તેની નકલ કરવામાં આવી. બંને રાજાઓ એકઠા થઇ પૃથ્વીતળ ઉપર ફરવા લાગ્યા.

હવે વિભીષણ કોપાયમાન થયેલો અયોધ્યા આવ્યો ને રાજ્ય-મંદિરમાં પ્રવેશી રાજાને શોધવા લાગ્યો; અંધારામાં રહેલી રાજાની મૂર્ત્તિને રાજા સમજીને ખડ્ગ વડે છેદી નાંખી. સમગ્ર નગરમાં કોલાહલ થઈ રહ્યો. દશરથ રાજાને મૃત્યુ પામ્યો સમજીને તે પાછો લંકા તરફ ગયો. એકલા જનકથી કાંઇ થઇ શકે એમ નથી એવું ધારીને તેણે જનકને મારવાની જરૂર જોઇ નહિ.

દશરથ રાજાએ પરિભ્રમણ કરતાં કૈકેયીને રાણી તરીકે પ્રાપ્ત કરી. કૈકેયીને લઈને તે રાજગ્રહી નગરે ગયા. રાવણની ધાસ્તીને લીધે અયોધ્યા ગયા જ નહિ; પરંતુ અપરાજિતા વગેરે રાણીમંડળ (અંતઃપુર) ને ત્યાંજ બોલાવી ક્રિડા કરવા લાગ્યા.

અન્યદા અપરાજિત (કૌશલ્યા) પટરાણીએ રાત્રીના શેષ ભાગે બલભદ્રના જન્મને સૂચવનારાં હાથી, સિંહ, ચંદ્ર, સૂર્ય, એ ચાર

સ્વપ્ના જોયાં, તે સમયે કોઇ મહર્દ્ધિક દેવ બ્રહ્મ દેવલોકમાંથી ચ્યવીને તે અપરાજિતાના ઉદરમાં આવ્યો. અનુક્રમે વર્ણથી પુંડરીક કમળને અનુસરતા અને મનુષ્યોમાં પુંડરીક જેવા, સંપૂર્ણ લક્ષણવાળા એક પુત્રને જન્મ આપ્યો. દશરથ રાજા અત્યંત હર્ષ પામ્યા, યાચકોને મનોવાંચ્છિત દાન દીધાં. પ્રજાજનોએ પણ રાજપુત્રનો જન્મમહોત્સવ પૂર્ણ ઉત્સાહથી ઉજવ્યો. રાજાએ તેનું લક્ષ્મીને નિવાસ કરવા રૂપ પદ્મ ( કમળ ) નામ આપ્યું, અને લોકોમાં તે રામ નામથી પ્રસિદ્ધિ પામ્યો.

એકદા સત્યભૂતિ નામે ચતુર્જ્ઞાની મહામુનિ સંઘની સાથે તે નગરીએ સમોસર્યા; તે ખબર જાણીને દશરથ રાજા સપરિવાર ત્યાં જઈ વંદના કરી દેશના સાંભળવા તેમની સમીપે બેઠા. તે સમયે વૈતાઢ્ય ગીરીથી વિદ્યાધરોના અનેક રાજાઓ સહિત ભામંડલના પાલક પિતા ચંદ્રગતિ સીતાની અભિલાષાથી તપ્ત એવા ભામંડળને સાથે લઇ અયોધ્યા નગરીમાં આકાશ માર્ગે આવી ચડયા. સત્યભૂતિ મુનિને ત્યાં સમવસરેલા જોઇ તે આકાશમાંથી નીચે ઉતર્યા અને તે પણ તેમને વંદન કરી દેશના શ્રવણ કરવા બેઠા. ભામંડળની મનોકામના જાણી લઇ મુનિએ સમયને યોગ્ય દેશના આપી; તેમાં પ્રસંગોપાત પાપમુક્ત થવાને ચંદ્રગતિ અને પુષ્પવતી તથા ભામંડલ અને સીતાના પૂર્વ ભવો કહી સંભળાવ્યા; જે સાંભળતા જ ભામંડલને જાતિસ્મરણજ્ઞાન થયું. અને તે મૂર્છિત થઈને પૃથ્વીપર પડી ગયો. ભામંડળે સીતાને બ્હેન જાણીને નમસ્કાર કર્યો; અને સહર્ષ સીતાએ ભાઈ જાણીને તેને આશિષ આપી; વિનયી ભામંડળે લલાટ વડે પૃથ્વી સ્પર્શ કરી રામને પણ નમસ્કાર કીધા. સંસારની વિચિત્રતાથી અને મોહમાયાથી વિરક્ત થઇને ચંદ્રગતિએ ભામંડલને રાજ્યભાર સોંપી દિક્ષા લીધી. રાજા દશરથે પણ પોતાના પૂર્વભવ વિષે પૂછ્યું; એટલે મુનિરાજે રાજાને તેના પૂર્વ

જન્મોનું વર્ણન કહી બતાવ્યું. એટલે દશરથે પણ રામને ગાદી સોંપી દિક્ષા લેવા નિશ્ચય કર્યો.

રાજ્યાભિષેકની તૈયારી થતી જાણી, કૈકેયી રાણીએ પૂર્વે માગી લીધેલા વચન પ્રમાણે દશરથ રાજા પાસે તેનું સ્મરણ કરાવી કહ્યું કે "મારા પુત્ર ભરતને રાજ્ય અને રામને વનવાસ આપો." આવાં દુઃખકર વરદાનની યાચનાથી દશરથ રાજાને મૂર્ચ્છા આવી ગઈ; પરંતુ રામને આ બાબતની જાણુ થતાં તેણે સહર્ષ વનવાસ સ્વીકારવા તત્પરતા દર્શાવી; અને પિતાનો માતા (કૈકેયી) ને અપાયેલો કોલ પ્રમાણ (સત્ય) થાય એવા કારણે તે પ્રયાણું કરવા નિશ્ચળ બન્યો. ભરત, લક્ષ્મણ અને સીતા પણ રામને અનુસરવા તૈયાર થયા એટલે રામે ભરતને પિતાના વચનને પ્રમાણ કરવા માતાના વરદાનને યથોચિત પાળવા ગાદી સંભાળવા આજ્ઞા કરી. રામ પ્રથમ કૈકેયીને નમસ્કાર કરી રજા લઈ પછી માતા કૌશલ્યા પાસે રજા લેવા આવ્યા.

માતા કૌશલ્યાજી દશરથના પટરાણી છતાં રાજાનો મોહ કૈકેયી રાણી તરફ વિશેષ હોઈ તેના રાણીવાસમાં વિશેષ હાજર રહેવા છતાં, કૈકેયી તરફ દ્વેષને બદલે એક ન્હાની બ્હેનના જેવો જ વર્તાવ રાખત અને રાજાને પોતાનું મનદુઃખ જણાવવાને બદલે પોતાનો સમય ધર્મમાર્ગે જ વાળવા લાગેલા; રામચંદ્ર જેવા પુત્રરત્નના જન્મથી જ સ્વજીવનને સંતુષ્ટ ગણી કાળ નિર્ગમન કરતા હતા. રાજ્યાભિષેકના સમયે રામના વનવાસની વાત સાંભળી, મંથરા દાસીના પ્રપંચનું આ પરિણામ જાણ્યા છતાં અન્ય કોઇ ઉપર જરા પણ કટુતા વાપર્યા વિના રામને જ માત્ર યોગ્ય શબ્દોમાં નિરાધાર (દિક્ષા લેવા ઉત્સુક દશરથનો નજીકના સમયમાં જ વિયોગ થવાનો હતો તેથી) માતા તરફની ફરજનું ભાન કરાવી. 'વનવાસનો પ્રપંચી ખટપટને લીધે અપાયેલો આદેશ' નહિ સ્વિકારવાને બહુ સમજાવ્યું; પરન્તુ રામચંદ્રે પતિ તરફ પત્નિધર્મ અને પિતા તરફ પુત્રધર્મ સંબંધી વિવેચન કરી માતાનું મન શાન્ત કરી આશિષ લઈ પ્રયાણ કરવાની રજા લીધી.

રામ કૌશલ્યાજી પાસે રજા લેવા આવ્યા ત્યારે કૌશલ્યાજી મૂર્છા પામ્યા હતા; ભાન આવતાં જ તેઓ બોલવા લાગ્યા, "અરે ? મને આ શું સંભળાય છે ? રામને વનવાસના સમાચાર સાંભળી હું ફાટી કેમ પડતી નથી ? પતિનો દિક્ષામાર્ગ અને પુત્રનો વનવાસ–એ બે સ્વજનના વિરહ મ્હારાથી કેમ સહન થશે ? હું જીવતી કેમ રહી શકું ? મૃત્યુ કેમ પામતી નથી ? તે સમયે જ રામે હાજર થઈ કહ્યું કે "હે, માતાજી ? શૂરવીર રાજા–દશરથના પત્નિના મુખમાં પામર સ્ત્રીઓને યોગ્ય એવા શબ્દો શોભે ? સિંહણ પુત્ર વનમાં એકલો જ જાય છે, તથાપિ સિંહણ સ્વસ્થ બેસે છે, જરા પણ અકળાતી નથી. હે, માતા ? મારા પિતાને માથે વરદાનનું ઋણ છે. હું અહીં રહું, ભરત રાજ્ય ન લે તો પછી પિતા ઋણમુક્ત શી રીતે થાય ?" ઈત્યાદિ યુક્ત વચન પ્રમાણથી માતાને શાન્ત કર્યા. તે વેળાએ સીતાજીએ દૂરથી દશરથને નમસ્કાર કરી માતા (સાસુ) કૌશલ્યાજી પાસે આવી શ્રી રામની સાથે જવાની આજ્ઞા માગી. તે સમયે જાનકીજીને ઉત્સંગમાં બેસારી પાસામાં લઈ છાતી સાથે દબાવી નેત્રમાંથી ખરતા ઉષ્ણ અશ્રુઓ વડે નવરાવતી કૌશલ્યાજી બોલ્યા–"વત્સે, વિનિત રામચંદ્રજી પિતાની આજ્ઞાથી વનમાં જાય છે, તો તે નરસિંહ પુરૂષને દુષ્કર નથી; પરન્તુ તેં તો જન્મથીજ ઉત્તમ વાહનોમાં જ માર્ગ ચલન કીધું છે. પાદપ્રવાસ તો કદી પણ કીધો નથી. તું તે વ્યથા કેમ સહન કરીશ ? કમળના ઉદર જેવું ત્હારૂં સુકોમળ શરીર કેમ નભી શકશે ? ત્હારા અસહ્ય કષ્ટ ભારથી રામને પણ દુઃખ થશે ! પતિનું અનુગમન કરવામાં ઉત્સાહિત ત્હને હું આજ્ઞા કે નિષેધ કશું પણ કરી શકતી નથી." તે સાંભળીને સીતાજી કમળવત્ પ્રફુલ્લ મુખે બોલ્યાં કે "હે, માતાજી ? આપના ઉપરની મ્હારી ભક્તિ મ્હને માર્ગમાં પ્રેરણાશક્તિ આપ્યાંજ કરશે. મ્હને મેઘની પાછળ વિદ્યુતની જેમ રામની પાછળ જવા માટે આશિષ અને આજ્ઞા આપો." એમ કહી ફરીફરી નમી રામનું રટણ કરતાં બ્હાર નીકળ્યા. માતા સુમિત્રાની

રજા લઈ લક્ષ્મણે પણ રામનું અનુસરણ કર્યું. પોતાની માતાની રજા લઈને પછી કૌશલ્યાજીની રજા લેવા ગયા. તેમને આશિષ આપી કૌશલ્યાજી બોલ્યા 'હે, વત્સ? હું મંદભાગી મરવા જેવી થઈ ગઈ છું; તેમાં તું પણ મ્હને છોડી જાય છે. હે લક્ષ્મણ? રામના વિરહથી વ્યાકુળ એવી મ્હને આશ્વાસન આપવાને તું એક તો અહીં રહે કે જેથી મ્હને દુખમાં થોડી ઘણી પણ ધીરજ મળે." લક્ષ્મણે કહ્યું, "હે માતા? તમે રામનાં માતા છો, છતાં તમે ધીરજ કેમ ધારી શકતા નથી? શુરવીર પુત્રના શુરવીર માતાજી! તમારે તો સૌને આશ્વાસન આપી ધૈર્ય ધારણ કરવું જોઇએ, શાન્ત થાવ અને મ્હને રજા આપો. મ્હારા વડિલ બન્ધુ દૂર પહોંચી ગયા છે તેને અને મ્હને વધારે છેટું ન પડે તે માટે જલદી રજા અને આશિષ આપો." એમ કહી નમન કરી આશીર્વાદ અને રજા લઈ તે જલ્દી જલ્દી રામને માર્ગમાં આવી મળ્યા. અહો બન્ધુ પ્રેમ?!

દીર્ઘ કાળ સુધી સ્વજનના કશા વર્તમાન નહિ મળવાથી કૌશલ્યા વગેરે માતાઓ અયોધ્યામાં દુઃખમાં દિવસો કાઢતી હતી. તેવામાં નારદમુનિ ત્યાં આવી ચડયા; તેમણે માતાઓના ચિંતાગ્રસ્ત મુખો જોઈ પ્રશ્ન કર્યો અને ગ્લાની પામવાનું કારણ પૂછ્યું. કૌશલ્યાજીએ કહ્યું "મ્હારા પુત્રો રામ અને લક્ષ્મણ પિતાની આજ્ઞાથી મ્હારી પુત્રવધૂ સીતાને સાથે લઈ વનમાં ગયા છે, ત્યાં સીતાજીનું હરણ થવાથી તેઓ લંકા તરફ ગયા છે; ત્યાં યુદ્ધમાં રાવણે શક્તિથી લક્ષ્મણને પ્રહાર કર્યો તે શક્તિનું શલ્ય દૂર કરવા વિશલ્યાને ત્યાં લઈ ગયા છે, ત્યાર પછી લક્ષ્મણ જીવતા છે કે નહિ તે વિશે કશા ખબર નથી; તેથી અમોને ઘણી ચિંતા થાય છે.' એમ બોલતાં સર્વ માતાઓ સાથે સુમિત્રા રૂદન કરવા લાગ્યા. નારદ મુનિ સર્વને શાંત કરી પુત્રોને અહીં લઈ આવવાનું વચન આપી રામ પાસે જવા લંકા તરફ વિદાય થયા. લંકા જઈ રામને સર્વ વાત જણાવીને અધીર માતાઓને જઈ મળવા પુત્રોને પ્રોત્સાહિત કર્યા. એ રીતે રામ લક્ષ્મણ

યોગ્ય સમયે પાછા ફરતાં અયોધ્યા નગર પ્રવેશ મહોત્સવ કરવામાં આવ્યો; અને સર્વેએ માતાઓને અષ્ટાંગ પ્રણામ કર્યા. સીતાને આશીર્વાદ આપ્યા ને લક્ષ્મણને કૌશલ્યાદેવી વારંવાર પીઠે હાથ ફેરવતાં અને મસ્તક પંપાળતા બોલ્યા "હે વત્સ! સારે ભાગ્યે મ્હને ત્હમારા દર્શન થયા છે, હું તો તમને હમણા ફરી જન્મ પામ્યા હો એમ માનું છું. કારણ કે તમો વિદેશગમન કરી જય મેળવી સ્વદેશ સહી સલામત પાછા આવ્યા છો; રામે અને સીતાએ તમારી સેવાથી જ વનવાસના કષ્ટ ઉલ્લંઘન કર્યાં છે." લક્ષ્મણ બોલ્યા "હે માતા! વનવાસમાં તો પિતાની જેમ બન્ધુ રામે અને માતાની જેમ સીતાજીએ મ્હારૂં લાલનપાલન કર્યું છે; આપના આશીર્વાદથી જ અમો અત્રે ક્ષેમકુશળ આવી શક્યા છીએ."

ત્યારબાદ દશરથ રાજા અને કૌશલ્યાએ વૈરાગ્ય પામી એક સાથે પ્રવર્જ્યા અંગીકાર કરી અને આત્મ કલ્યાણ કર્યું.

卐

# ૬. મૃગાવતીની કથા

શ્રી વીર સ્વામીની હૈયાતીમાં કૌશંબી નગરીની અંદર શતાનિક નામનો પ્રૌઢ પ્રતાપશાલી રાજા રાજ્ય કરતો હતો. એ રાજાની પટરાણી (ચેટક રાજાની પુત્રી) મૃગાવતી હતી, અને એ મહારાણી શ્રી જૈન ધર્મની પૂર્ણ રાગિણી હતી, જેથી નિરંતર પતિભક્તિમાં પરાયણ રહ્યા છતાં પણ પોતાના નિત્ય નિયમની અંદર જરા પણ અનિયમિત રહેતી ન હતી.

એજ નગરીનો રહેનાર એક ચિતારો ચિત્રકળામાં પ્રવીણ થવાને માટે સાંકેતનપુર ગયો અને તેણે પોતાનું નામ પલટાવી એક ઘરઠી ચિતારણને ત્યાં જઈ મુકામ કર્યો, કેમકે તેણીનો પુત્ર ચિત્રકળામાં ઘણો જ હોશિયાર હતો એથી તેમ કરવાની જરૂર પઠી હતી.

બીજે દિવસે એવો સંજોગ બન્યો કે-તે ડોસીના દીકરાના નામની ચીઠ્ઠી લઇ યમદૂત સરખા રાજસેવકો (પોલીસના માણસો) ત્યાં આવ્યા. એ જોઇ તે બિચારી ડોસી તો હૈયું ને માથું કૂટતી, રડતી ને પછાડો ખાતી બેહોશ બની ગઈ. ચિત્રકળા શિખવા આવનારે એમ કલ્પાંત કરવાનું કારણ પૂછ્યું એટલે ડોસી બોલી કે-“ વીરા! અહીં એક સુરપ્રિય નામના યક્ષનું સ્થાન છે, ત્યાં દર વર્ષે મેળો ભરાય છે. એ મેળાને દિવસે ચિતારાઓને માથે એવી ફરજ હતી કે એક જણ તે યક્ષનું આબેહુબ ચિત્ર ચિતરે; પરંતુ ચિતરવામાં જો જરા પણ ખામી રહી જાય તો તે યક્ષ તે ચિતારાનો પ્રાણ લઇ લે. અથવા તે મેળાને દિવસે મરવાની બ્હીકે કદાચ ચિત્ર ચિતરે જ નહીં, તો તે કોપાયમાન થઈ તે શહેરના લોકોમાં મરકી પેદા કરી હજારો

અમૂલ્ય જીવોનો ધાણ કાઢી નાખે. આમ કાશીમા કરવતની પેઠે બિના થઈ પડવાથી ચિતારાઓએ પોતાનો જીવ બચાવવા ઉચાળા ભરી બીજે ગામ જઈ નિવાસ કર્યો. પણ યક્ષના કોપથી સાકેતન નગરમાં મહામારી ફેલાઈ પુષ્કળ ત્રાસ વર્તવા લાગ્યો, જેથી રાજાએ તે યક્ષને રાજી રાખી પ્રજાનું દુઃખ ટાળવા સીપાઇઓ મોકલી તે ચિતારાઓને તાબે લઈ પાછા પોતાના નગરમાં લાવી રાખ્યા, અને મેળાને દિવસે ઘડામાં દરેકના નામની ચીઠ્ઠી લખીને નાખી. કન્યાના હાથથી કઢાવતાં જેના નામની ચીઠ્ઠી નીકળે તે ચિતારો યક્ષનું ચિત્ર ચિતરવા જાય અને યક્ષનો ભોગ થાય એવો ઠરાવ કર્યો. એ નિયમાનુસાર આજે યક્ષના મેળાનો દિવસ છે અને મારા દીકરાના નામની જ ચીઠ્ઠી નીકળી છે એથી હું આવી દશાને પામી છું. મારે આ એકનો એક દીકરો છે અને એની જ ઉપર મારા ઘરનો નિભાવ ચાલે છે. જ્યારે એને કાળના ઘરનું તેડું આવ્યું છે. છેલ્લી અવસ્થામાં મારી શી દશા થાય? તે વિષે મને હવે મુંઝવણ-થાય છે.” હકીકત સાંભળી ચિત્ર શિખવા આવનાર બોલ્યો—“ માજી! તમો દિલગીર થશો નહીં. હું યક્ષનું ચિત્ર ચિતરી તેને પ્રસન્ન કરવા માટે તમારા પુત્રની બદલીમાં જઉં છું. મારી કશી ફિકર કરશો નહીં.” એમ કહી રાજસેવકોની સાથે સાહસવીરે ચાલવા માંડ્યું અને છઠ્ઠનો તપ ઉચ્ચરી તથા કેસર, કસ્તુરી વગેરે સુગંધી દ્રવ્ય લઈ, યક્ષના મંદિરે જઈ પહોંચ્યો. ત્યાં તેણે મહા સુગંધી ચંદન-કેસર-કસ્તુરી વગેરે પદાર્થોના જુદા જુદા રંગો બનાવી નવી નવી પીંછીઓ વડે યક્ષનું ચિત્ર આલેખ્યું, પછી તેની પૂજા કરી અને તે પછી ત્રિકરણશુદ્ધ આત્માને દૃઢ કરી એકાગ્ર ચિત્તે યક્ષની સન્મુખ રહી હાથ જોડી કહ્યું-“ હે યક્ષાધિરાજ! મેં આપને આલેખ્યા છે, તેમાં મારી અજ્ઞાનતાથી કાંઇ પણ અયુક્ત થયું હોય તો તે માટે આ સેવકને ક્ષમા બક્ષશો અને પ્રસન્ન થશો. આપ તો ત્રણે જગતના જીવોના હિતકારક તેમજ

તેઓને સુખ દેનારા છો. આપના સંતુષ્ટ થવાથી કોઈ સૌખ્ય સંપાદન નથી કરતું શું? અલબત્ત, આપની કૃપાથી સર્વ મંગલ-આનંદની પ્રાપ્તિ થાય." તે ચિતારાની સ્તુતિ સાંભળીને યક્ષ સંતુષ્ટ થયો ને બોલ્યો—"હે ચિતારા! હું તારા પર તુષ્ટમાન થયો છું માટે જે ઇચ્છા હોય તે વર માગ." ચિતારે કહ્યું—"જો આપ સંતુષ્ટ થયા હો તો હવે પછી આ નરકદાયી જીવહિંસા ન કરવા મારી પુનઃ પુનઃ વિનંતિ છે. દયા એજ સ્વર્ગ અપવર્ગને દેનારી ધર્મજનેતા છે!" આવું પરોપકારભર્યું તેનું બોલવું સાંભળી યક્ષ વિશેષ ખુશી થયો અને ફરીને કહેવા લાગ્યો—"હવે પછી હું જીવનપર્યંત કદી પણ જીવની હિંસા કરીશ નહિ. પણ આ વરદાન તો મારી સદ્ગતિને માટે અથવા પરોપકાર માટે માંગેલું છે; માટે હવે તું પોતાને માટે વરદાન માગ." ચિતારો બોલ્યો—"જો આપ મને બીજું વરદાન આપવા પ્રસન્ન હો તો મારી માગણી છે કે જે આપે હિંસા બંધ કરવાની કબુલાત આપી અનેક જીવોને જીવિતદાન દીધું એજ મને વધારે હર્ષદાતા છે, હવે એથી વિશેષ હું શું માગું? પણ આપ આપના આત્માના કલ્યાણ તરફ વિશેષ મન લગાડો.' આ વચન પણ પોતાના સ્વાર્થનું નહીં હોવાથી યક્ષ અત્યંત પ્રસન્ન થઇ બોલ્યો—"એ બધું મેં સ્વીકાર્યું, પણ તું તારૂં કંઈ પણ વાંછિત વર માગ." આ પ્રમાણે વારંવાર યક્ષનું કહેવું સાંભળી ચિતારે કહ્યું—"જો આપ અતિ આગ્રહ સાથે મારી વાંચ્છના પૂર્ણ કરવા આતુરતા ધરાવો છો, તો મને એ ઇચ્છિા છે કે કોઇ મનુષ્યના શરીરનો કોઇપણ ભાગ મારી નજરે પડી જાય તો તેના આખા શરીરનું આબેહુબ ચિત્ર ચિતરી શકું એવો વર આપો." યક્ષે કહ્યું—"તથાસ્તુ! વાંછિત સિદ્ધ પ્રાપ્ત થતાં ચિતારો અાત હર્ષ પામીને નમ્યા પછી પોતાના ઉતારે જઇ પહોંચ્યો. યક્ષે હવેથી કોઇ પણ જીવની હિંસા ન કરવાની ખાસ પ્રતિજ્ઞા લીધી છે એમ ચિતારાના કહેવાથી, તેમજ એ જીવતો આવ્યો એ ઉપરથી જાણી રાજા તથા પ્રજા બન્ને બહુ જ રાજી થયા.

એં સંબંધી આનંદોત્સવ કરી સર્વને નિર્ભયતા જાહેર કરી; તે પછી એ ચિતારો પોતાના વતન–કૌશંબી નગરીએ ગયો અને પોતાની ચિત્રકળાની પ્રવીણતાથી તે જગજાહેર થઈ ગયો.

એક વખતે તે નગરના શતાનિક રાજાએ પોતાની ચિત્રશાળા ચિતરવાને માટે તે ચિત્રકારને બોલાવ્યો અને તેની અપરિમિત પ્રશંસનીય કલમથી તે ચિત્રશાળામાં વિવિધ પ્રકારનાં જાનવરો તથા વિવિધ દેખાવો ચિતરવા માટે તેને સૂચના કરી. એથી તે ચિતારે ઘણાં જ ખુબીદાર જાનવરો ચિતર્યાં. એટલું જ નહીં, પણ તે નિર્જીવ છતાં જાણે હમણાં બોલશે, ત્રાપ મારશે, કે ખાઈ જશે એવી સજીવ ક્રૂર અને અક્રૂર પ્રાણીઓની પૂર્ણ ભાવ ભરેલી તસવીરો ચિતરી. એક વખત ગોખમાં બેઠેલી મહારાણી મૃગાવતીનો અંગૂઠો તે ચિતારાની નજરે પડી ગયો. એથી યક્ષના વરદાન પ્રમાણે તેણીનું રૂપ તેણે તે ચિત્રશાળામાં આબેહુબ ચિતર્યું. અને વિશેષ એ થયું કે તેણીના સાથળ ઉપર એક કાળા તલના જેવું ચિહ્ન પીંછીમાંથી ટપકું પડીને થઇ આવ્યું! એ જોઇ ચિતારે તે ચિહ્ન કહાડી નાખ્યું; તો પણ ત્યાં તેવો જ ડાઘ પડયો; એમ વારંવાર ડાઘ કહાડયા છતાં પણ તે ડાઘ ફરી ફરીને પડવા માંડયો, એથી ચિતારે જાણ્યું કે—'એ બાઇને આ જગોએ તેવો ડાઘ હશે જ. એથી વરદાનના પ્રતાપે તાદૃશ રૂપ થવા એ કહાડયા છતાં પણ પડયા કરે છે; તો પછી એનો ઇલાજ શો? જો કે આ ચિહ્ન શંકાને પેદા કરનાર છે; પરંતુ મટાડયું મટે નહિ ત્યાં લાચારી સાથે કાયમજ રાખવું પડે છે. એ ચિત્રને વસ્ત્ર ધારણનો રંગ આપીશ એટલે એ એબ ઢંકાઈ જશે એટલે તે વાતનો અંત આવશે, એમ વિચારી તે કામ બીજા દિવસ ઉપર મુલતવી રાખ્યું.

બીજે દિવસે બનવા યોગે એવો બનાવ બન્યો કે, ખુદ મહારાજા જ તે ચિત્રશાળામાં આવી ચડયા અને અનેક પ્રકારનાં ચિત્રોની અજબ ખુબી જોઈ બહુ જ પ્રસન્ન થયા; પરંતુ જ્યારે મૃગાવતીનું

વસ્ત્ર પહેરાવ્યા વિનાનું ચિત્ર ચિતરાતું જોતાં પ્રથમ તો તેના તાદૃશ ચિતાર માટે અજાયબી પામ્યા, પણ પછીથી સાથળ ઉપરનો ડાઘ જોવાથી મહાન્ શંકાને સ્વાધીન થઈ ગુસ્સો લાવી વિચારવા લાગ્યા કે– “ કહો ન કહો, પણ આ ચિતારો મૃગાવતીની સાથે ખરાબ વર્ત્તણુંકથી વર્ત્તનારો હોવો જ જોઈએ. નહીં તો છૂપા ભાગમાં રહેલા ડાઘની એને કયાંથી ખબર હોય ? માટે એ મહા ગુન્હાને પાત્ર થયેલાને દેહાંત દંડની શિક્ષા જ આપવી જોઇએ.” એમ નિશ્ચય કરી તેને માટે વધાધિકારીને હુકમ ફરમાવી દીધો કે–‘ એનો વધ કરી નાખવો.’ ત્યારે ચિત્રકારે અરજ કરી કે–“ પ્રભુ ? મને યક્ષ તરફથી વરદાન મળ્યું છે એ વાત જગજાહેર છે અને ખુદ આપની જાણ બહાર પણ નહિ જ હોય, એથી હું કોઈ પણ મનુષ્યનો, કોઈ પણ શરીરનો અવયવ જોઈ લઉં તો તેનું આબેહુબ ચિત્ર ઉતારી શકું છું. મેં મહારાણીનો માત્ર અંગુઠો જોઈ લીધો જેથી આખું રૂપ ચિતર્યું. અને તે ડાઘને વારંવાર કહાડી નાખ્યો છતાં ફરી ફરીને પડવો શરૂ જ રહ્યો, એથી થાકીને બીજે દિવસે વસ્ત્રનો રંગ આપતાં તેને દબાવી દેવાનું ધારી પડતો મૂકયો. આ સત્ય હકીકત છે. હવે નામદાર ચાહે તો મારા મસ્તકને શિરપાવથી શોભિત કરે અગર ફરિયાદની દાદ ન મળતાં તરવારને તાબે કરે; આપ મારા માલિક છો.”

આ પ્રમાણે તેનું બોલવું થતાં તેની પ્રતીતિની ખાતર એક કુબ્જક દાસીનું ફક્ત મ્હોં દેખાડી તેણીનું તાદૃશ રૂપ ચિતરવા તાકીદ આપી. જેથી ચિતારે વરદાન બળના જોરે તેણીનું કુબડું રૂપજ ચિતરી પોતાને મળેલા વરદાનની ખાત્રી કરાવી; છતાં પણ અદેખા રાજાએ ‘ ફરીથી આવી રીતે જનાનામાં રહેનારી સ્ત્રીનું રૂપ ન ચિતરે’ એ માટે તેની એક આંગળી કાપી નંખાવી; વાંચનાર ! રાજાઓનાં મન આવાં જ હોય છે, તે હુન્નરીના હુન્નરની પરીક્ષા મળ્યા છતાં પણ આવી જ કદર બૂઝે છે. એમનાં મન હંમેશાં શંકાથી ભરેલ અને

પરોન્નતિ નાશક જ હોય છે. એવા કદર વિનાના મનુષ્યો ખચિત નાલાયકીને જ પાત્ર ગણાય છે.

આવું રાજાનું બેકદરપણું જોઈ ચિતારાને બહુ દુઃખ લાગ્યું અને તેણે એવું ધાર્યું કે-'ગમે તે પ્રકારે એજ રાણીથી રાજાને વિયોગ કરાવું.' એવો નિશ્ચય કરી તેણે એક કપડા ઉપર મૃગાવતીનું આબેહુબ ચિત્ર ચિતર્યું, અને તે ચિત્ર લઇ એ રાજા (શતાનિક) ના કટ્ટા શત્રુ અવંતીનગરીના પતિ ચંડપ્રદ્યોતનને જઇ બતાવ્યું.

રાજા ચંડપ્રદ્યોતન મહાન્ સ્વરૂપવતીનું ચિત્ર નિહાળી અત્યંત ચમત્કાર પામ્યો અને માથું ધુણાવી તેને પૂછવા લાગ્યો કે-"આ સ્ત્રી કઈ ભાગ્ગશાલીની છે? અને એનો કયો મહા ભાગ્યશાળી પતિ છે?" ચિતારે કહ્યું "આ સ્ત્રી આપ નામદારના કટ્ટા દુશ્મન શતાનિક રાજાની રાણી મૃગાવતીની છે." આ શબ્દ સાંભળતાંજ અંતરનું વૈર કામવિકારને લીધે જાગૃત થઇ આવ્યું અને તેણે મન સાથે ધાર્યું કે-"એ કંગાલ રાજાના રાજમહાલયમાં આવી સુંદરી અપાત્રની રાણી થવા વિધિએ શા સારૂ સરજી હશે? ખચિત એ મનહારિણી મારા જ રાજ્ય ભૂવનના ભૂષણરૂપ હોવાથી તેણીને ગમે તે ઉપાયે હાથ કરવી એજ યોગ્ય છે." એવો નિશ્ચય કરી પોતાના વજ્રજંઘ નામના દૂતને બોલાવી શતાનિક રાજાની પાસે મૃગાવતીની માંગણી કરવા તાકીદે રવાના કર્યો. મજલ દરમજલે તે દૂત પંથ પસાર કરી કૌશંબી નગરીએ જઇ પહોંચ્યો.

દૂત શતાનિક રાજા આગળ જઇ ચંડપ્રદ્યોતન મહારાજાનો સંદેશો કહેવા લાગ્યો કે-"નામદાર! મારા મહારાજાએ આપની રાણી મૃગાવતીનું માગું કર્યું છે; અને કહેવરાવ્યું છે કે—સીસાની સાથે રહેલ મણિ જેમ ઓપતો નથી; તેમ આપની સાથે રહેલી મૃગાવતી શોભતી નથી; માટે તરત તેણીને મારા સ્વાધીન કરી દો. કારણ કે મુકુટ તો માથા ઉપર જ શોભે છે, પણ પગ ઉપર શોભતો નથી;

તેમજ જીવવા અને રાજ્યની આબાદી રાખવા ચાહતા હો તો મૃગાવતીને વગર આનાકાનીએ સોંપી દેશો. સઘળાનો નાશ થતો અટકાવવાને વિચક્ષણ પુરૂષો એક વસ્તુનો નાશ થવા દે છે."

દૂતનું આવું બોલવું સાંભળી શતાનિક રાજા કોપયુક્ત થઈ બોલ્યો કે—"પહેલાં તો તારો રાજા મહામૂર્ખ છે કે દુનિયાની રીતિથી વિરૂદ્ધ માગણી કરે છે, હમેશાં કન્યાનું માગું થાય છે, પણ વહુનું માગું કયાંય થતું સાંભળ્યું નથી. એથી વિરૂદ્ધ વર્ત્તનવાળા તારા ધણીને જઈ કહેજે કે તારા કહેવા પ્રમાણે મુગટરૂપ મૃગાવતી તારા જેવા ચરણરૂપ રજપુતને છાજે તેમ નથી, જેથી આ મારા મસ્તકરૂપ દિવ્ય અંતઃપુરમાં જ શોભવા યોગ્ય છે. તારા અંતઃપુરનો, જીવનનો અને રાજ્યનો બચાવ કરવાની આશા રાખતો હોય તો તેનાજ (પોતાના) વાકયાનુસારે અલ્પ વસ્તુના નાશ માટે બધી વસ્તુનો નાશ થતો અટકાવવો એજ ડહાપણ છે."

આ પ્રમાણે કહી દૂતને વગર અડચણે ત્યાંથી વિદાય કરી દીધો. દૂતનું અપમાન કરવું એ રાજનીતિ વિરૂદ્ધ છે, માટે દૂત ખુશીની સાથે જવા પામ્યો. અનુક્રમે અવંતીનગરીએ જઇ પહોંચી પોતાના રાજેંદ્રને શતાનિક રાજાનો પ્રતિઉત્તર કહી સંભળાવી રજા લઇ પોતાને ઠેકાણે ગયો. તે પછી ચંડપ્રદ્યોતને રોષ લાવી ચૌદ મોટા રાજાઓના પ્રચંડ લશ્કર સહિત કૌશાંબી ઉપર હલ્લો કરવા નિશ્ચય કર્યો, અને તે તરફ પ્રયાણ કર્યું. અનુક્રમે કૌશાંબી નગરીએ પહોચી તે શહેરને ઘેરો ઘાલ્યો.

રાજા શતાનિક પણ દુશ્મનને પોતાના રાજ્ય ઉપર ચડી આવેલો જોતાં લશ્કરને તૈયાર કરી કિલ્લાના દરવાજાનો બંદોબસ્ત રખાવી ચંડપ્રદ્યોતનની સ્હામે કેટલોક વખત વીરતાથી લડયો, પરંતુ સાગર સરખી મહાસેનાને જોઇ આખર હિમ્મત હારી ગયો અને એથી ભયાતિસાર રોગ પેદા થતાં મૃત્યુ પામ્યો.

અકસ્માત પોતાના સ્વામીનું મરણ થયું જોઈ સતી મૃગાવતીએ સમયને માન આપી પોતાના શીળસંરક્ષણ માટે ચંડપ્રદ્યોતન સાથે એવી યુક્તિભરી વિષ્ટિ ચલાવી કે—“ મારા નાથ આપના ભયથી મરણને શરણ થઇ ગયા છે એથી હાલ હું લોકરીતિ મુજબ શોકવંત બની છું, તેમ મારો કુંવર ઉદયન ન્હાની વયનો છે તેથી આ રાજ્ય સંભાળી શકે તેવો નથી. માટે થોડા વખત પછી એ રાજ્ય સંભાળવા લાયક થતાં અને શોક મુક્ત થતાં હું આપની ઇચ્છાને તાબે થઈશ આપ કોઈ વાતે નારાજ થશો નહીં તેમ શંકાપણ લાવશો નહિ. કદાચ મારા આ બોલો તરફ બેદરકારી બતાવી હાલમાં હું શોકવશ થયેલી છું તે વેળા મારા ઉપર જોર જુલ્મ કરી તાબે લેવા યત્ન આદરશો, તો મારે પ્રાણ આપવા પડશે. જેથી આત્મહત્યા આપીશ અને તમારા મનોરથ ધુળમાં મળશે માટે લડાઈ માંડી વાળી પોતાના રાજ્ય તરફ પાછું વળવું એજ હાલ તો લાભદાયી છે.” આ પ્રમાણેનું કહેણ દાસીના મુખથી સાંભળી તેણે મૃગાવતીના વિચારને જ માન આપી તરત લશ્કર સહિત પાછી કૂચ કરી; કેમકે ‘પ્રીતિ પરાણે થતીજ નથી.’ ખૂમારી હોવાથી, તેમજ કામી પુરૂષો સ્ત્રીના બોલવા ઉપર ખાસ ભરોસો રાખતા લલચાય છે. એ નિયમ મુજબ ભૂલ થાપની રમતમાં ચંડપ્રદ્યોતન પણ મશગુલ થઈ ગયો. જેથી પોતાના રાજ્યનો માર્ગ પકડીને ચાલતો થયો. પછી મૃગાવતીએ સ્વામીના શરીરનો અંતિમ સંસ્કાર કરી વ્યવહાર ધર્મ સાચવ્યો. અને પછી મૃગાવતીએ કૌશાંબી અને અવંતી વચ્ચે મજબુત કિલ્લો બંધાવી સ્વરાજ્યનું રક્ષણ કર્યું અને પોતાના કુંવરને અસ્ત્ર શસ્ત્ર ને વિદ્યામાં નિપુણ કરી રાજ્યની લગામ હાથમાં સંભાળી શકે તેવો બનાવ્યો.

ચંડપ્રદ્યોતન પણ પોતાના મનોરથ પૂર્ણ થવાની જ વાટ જોતો હતો. જ્યારે મૃગાવતીએ કહેલો સમય આવી પહોંચ્યો ત્યારે પોતાના સેવકોને મોકલી મૃગાવતીને તેડી લાવવાની ગોઠવણ કરવામાં તત્પર

થયો. સેવકોએ કૌશંબી જઈ મૃગાવતીને તેડી જવાની વિચારણા દર્શાવી. એટલે મૃગાવતી બોલી કે—"હું મનથી પણ તમારા રાજાને ચાહતી નથી, તો શરીરવડે તો ચાહું જ શાની? એ તો મારા શિયળ સંરક્ષણને માટે યુક્તિ રચી વખતને માન આપ્યું હતું; માટે સીધા જે રસ્તેથી આવ્યા છો એજ રસ્તે ઈજ્જતભર પાછા ચાલ્યા જાઓ."

આ પ્રમાણે મૃગાવતીનું બોલવું સાંભળી રાજસેવકો પણ ચકિત થઈ ગયા અને વિચારવા લાગ્યા કે—"શાબાશ છે એની યુક્તિને કે જોરાવર રાજેન્દ્રને પણ છેતરી પોતાનો ધર્મ જાળવ્યો!"

રાજસેવકો નિરાશ થઈ પાછા ફરી પોતાને વતન ગયા, અને પોતાના અન્નદાતાને સઘળી બિના નિવેદન કરી ઉભા રહ્યા. બિના સાંભળતાંજ ચંડપ્રદ્યોતને મૃગાવતીના મુલક ઉપર ચડાઈ કરી અને કૌશંબી નજીક ડેરા નાંખી દુત મારફત કહેવરાવ્યું કે—"મૃગાવતી! જો તું તારૂં અને તારા પુત્રનું કુશળ ચાહતી હોય તો જલદી બોલેલું પાળી મને આનંદ આપ, નહીં તો તારું રાજ્ય વગેરે ધુળમાં જ મેળવી દઈશ."

આવો મામલો જોતાં મૃગાવતીએ પણ પોતાના કોટ–કિલ્લા વગેરેનો પુરો બંદોબસ્ત કરાવી શીળના પ્રભાવિક દેવોનું સ્મરણ કરી નવકાર મંત્રનો જાપ જપવો શરૂ કર્યો; તેથી શાસનદેવ મહાવીર સ્વામી જાણે આકર્ષાઈને પધાર્યા હોયની! તેમ ત્યાં પધારી સમોસર્યા. દેવોએ સમવસરણ રચ્યું અને બારે પર્ષદાઓ એકઠી મળી.

પ્રભુના અતિશયના પ્રતાપથી રાજા ચંડપ્રદ્યોતનનું મન મૃગાવતી તરફ નિર્વૈર બની ગયું અને પ્રભુની પર્ષદામાં આવી નમન કરી ધર્મોપદેશ શ્રવણ કરવા બેસી ગયો. મૃગાવતીને એ સંબંધી બાતમી મળતાં સહર્ષ દરવાજા ઉઘડાવી પોતાના પુત્ર સહિત પોતે પણ પ્રભુને વાંદવા ગઈ અને ભગવંતને વિધિસહ વાંદીને ઉપદેશ સાંભળવા બેઠી. જગદ્ગુરૂએ પણ જગજ્જનોના હિતાર્થે ધર્મોપદેશ દેવો શરૂ કર્યો.

પ્રભુના સમવસરણમાં બેઠેલી મૃગાવતી રાણીએ ઉભી થઈને પ્રભુ પ્રત્યે પ્રાર્થના કરી કે–" હે પ્રભુ ! જો આ ચંડપ્રદ્યોતન રાજા મને રજા આપે તો હું ચારિત્ર લેવા અતિ આતુરતા ધરાવું છું." મૃગાવતીના ઉત્તરમાં ચંડપ્રદ્યોતન બોલ્યો, "બાઈ ! જે તમને રૂચે તે કરો. હું તમારા કુંવરને કશી પણ અડચણ કર્યા વગર પોતાની રાજ્યગાદી ભોગવવા દઈશ." એવું કહી પ્રભુને વાંદી પોતે તેમજ અન્ય પર્ષદામંડળે પણ નિજ સ્થાનકનો માર્ગ લીધો. અને તે પછી મૃગાવતીના પુત્ર ઉદયન કુમારને રાજ્યાભિષેક કરી કૌશંબીની રાજ્યગાદી પર બેસારી અભય કર્યો. વીરવાણીથી વૈરરહિત બનેલા ચંડપ્રદ્યોતનની આઠ રાણીઓ સહિત દીક્ષા અંગીકાર કરી. તે નવે નવીન દીક્ષિત સાધ્વીઓ વડીલ ચંદનબાળા સાધ્વીની શિષ્યા થઈ.

મૃગાવતી સાધ્વીને કર્મક્ષય થતાં કેવળજ્ઞાન ઉત્પન્ન થયું અને મોક્ષસુખ અનુભવવા ભાગ્યશાલી થઈ ! એ બાબત સતી ચંદનબાળાની કથામાં આવી ગઈ છે.

卐

# ૭. સુલસા

જંબૂદ્વીપને વિષે આવેલા ભરતખંડના વિભૂષણરૂપ રાજગૃહ નામના નગરમાં શ્રેણિક નામે રાજા રાજ્ય કરતો હતો. ધર્મના અને વ્યવહારનાં બન્ને કાર્ય કરતો તથા ન્યાય પૂર્વક પૃથ્વીનું પાલન કરતો તે, આલોક તેમ જ પરલોકને અર્થે વધતી જતી સુખ સંપત્તિને મેળવતો હતો. તેને સુનંદા, આદિ બહુ સ્ત્રીઓ હતી. સુનંદાને ઉત્પાતિકી, વિનયિકી, કાર્મિકી અને પરિણામિકી એ ચાર પ્રકારની બુદ્ધિનો નિધાન એવો અભયકુમાર નામનો પુત્ર હતો.

હવે એજ નગરને વિષે સમૃદ્ધિવાન અને ગુણરૂપી મણિનો ભાજન એવો નાગ નામનો રથિક રહેતો હતો. તેને શ્રેષ્ઠ શીળ ગુણે શોભતી સુલસા નામે સ્ત્રી હતી. આ નાગ રથિકે એકદા શ્રી ગુરુની સન્મુખ એવો નિયમ કર્યો કે, "હવે મ્હારે કદાપિ બીજી સ્ત્રી કરવી નહીં." એ દંપતી પરસ્પર સ્નેહયુક્ત હતાં; ગુણવાન્, સદ્‌ભાગ્યવાન્, અને વળી ધર્માનુરક્ત તથા શુભ ભાવયુક્ત થઇ, સુખમાં કાળ નિર્ગમન કરતાં હતાં. એ નાગ રથિક શ્રેણિક રાજાની સેવા કરતો હતો.

અન્યદા તે નાગ રથિક કોઈ દેવકુમાર તુલ્ય શ્રેષ્ઠીના પુત્રોને આંગણામાં લાલન પાલન સહિત રમતા જોઈ ચિંતવવા લાગ્યો કે, "અહો ! જ્યાં સ્વજનોની સારી રીતે સંગતિ ન હોય, જ્યાં ન્હાનાં ન્હાનાં બાળકો ન હોય, જ્યાં ગુણ ગૌરવની ચિંતા ન હોય તેવાં ઘરોને ઘર ન જાણવાં. હા ! મ્હારે આવા પ્રકારનો વૈભવ છતાં સંતતિ નથી તે સારૂં નહીં." એવી રીતે તે ચિંતા કરવા લાગ્યો. કહ્યું છે

કે-જ્યાં સુધી બહુ દ્રવ્ય હોતું નથી, અર્થાત્ થોડું દ્રવ્ય હોય છે ત્યાં સુધી બહુ દ્રવ્ય ઉપાર્જન કરવાની ચિંતા થાય છે અને વળી બહુ દ્રવ્ય પ્રાપ્ત થાય છે ત્યારે તેનું રક્ષણ કરવાની ચિંતા રહે છે; આમ માણસોનાં મન સદા પાપથી વ્યગ્ર જ રહે છે. જ્યાં સુધી લાવણ્ય અને ચાતુર્ય યુક્ત સ્ત્રી પ્રાપ્ત થઇ નથી, ત્યાં સુધી પુરુષ તેને મેળવવા દુઃખી થયા કરે છે. વળી તે મળે છે ત્યારે પણ પુરુષને પુત્ર મેળવવાની ઇચ્છા દુઃખી કરે છે. વળી ધનાઢ્ય, કલત્રવાન્, અને પુત્રવાન્ અને બહુ જનોએ આશ્રિત એવો સમર્થ પુરુષ પણ, કાષ્ટ જેમ ઘૂણ જાતિના કીડાથી પરાભવ પામે છે, તેમ રાગ અને શોકથી બળ રહિત થઇ જાય છે."

આવા આવા વિચાર આવવાથી નાગ રથિકનું મુખ શ્યામ થઈ ગયું. પતિનું એવું વદન જોઇને સુલસાએ પૂછ્યું, "અહો પ્રાણેશ? આપ વંધ્યાટવીના એકલા પડી ગયેલા હસ્તીની પેઠે શું ચિંતવો છો? રાજ્યથી ભ્રષ્ટ થયેલા રાજપુત્રની પેઠે આમ કેમ શ્યામ વદનવાળા જણાઓ છો? શું, રાજાએ આપનું અપમાન કર્યું છે? અથવા લોકોએ કંઈ આપની વિરુદ્ધ વાર્તા કહી છે? શું થયું છે? કોઈ અભીષ્ટ વસ્તુનો વિયોગ થયો છે? આપના ચિત્તને વિષે જે ચિંતા હોય તે કહો." પ્રિયાનાં આવાં વચન શ્રવણ કરીને નાગ રથિક હસીને બોલ્યો, "હે પ્રિયે! મ્હારે ત્હારાથી છાનું કંઈ નથી કે જે ત્હારી પાસે ન કહેવાય. તને અદ્યાપિ પુત્ર થયો નહી તેથી મને બહુ દુઃખ લાગે છે. સકળ કાર્યમાં કુશળ અને અધિક સત્યવાન્ એવો એક જ પુત્ર હોય, તો પછી વધારેની જરૂર નથી. ચંદ્રમા એકલો છતાં સર્વ દિશાઓને પ્રકાશિત કરે છે, જે કરવાને તારાનો સમૂહ પણ અસમર્થ છે. વળી સ્ત્રીઓ પુરૂષને પુત્રરૂપી ફળ આપનારી છે." સુલસાએ કહ્યું. "હે નાથ! જૈન ધર્મી થઈને એવો શો ખેદ કરો છો? જેને પુત્ર હોય તે નરકે ન જાય, એવો કંઇ નિયમ નથી. હે સ્વામિન્! કોઇ ગુણાઢ્ય નર પણ પોતાના માતા પિતાને નરકે જતાં

રક્ષણ કરી શકતો નથી. કહ્યું છે કે-પિતા, માતા, પુત્ર, પુત્રી, બાંધવ, ભરતાર કે દ્રવ્ય, કોઈ મનુષ્યને નરકમાં પડતો બચાવી શકતું નથી, ફક્ત ધર્મ જ એ કાર્ય કરવાને સમર્થ છે. પુત્રના પરિવારવાળા બ્રહ્મદત્ત ચક્રવર્તિને પણ કર્મના વશથી અંધાવસ્થા ભોગવવી પડી; શ્રી કૃષ્ણને પણ નરકમાં જ જવું પડયું. તેના પુત્રો પણ તેને રાખી શકયા નહી. પુત્રોમાં ને પુત્રોમાં જ ધૃતરાષ્ટ્રનું ગોત્ર ક્ષીણ થઈ ગયું. રાવણનો વંશ પણ પુત્રથી જ કલંકિત થયો અને છ ખંડ પૃથ્વીનો સ્વામી સગર ચક્રવર્તિ પણ (સાઠ હજાર) પુત્રના દુઃખના લીધેજ મૃત્યુ પામ્યો. બહુ પુત્રો કંઈ સ્વર્ગ કે મોક્ષ આણી આપતા નથી; આત્માની જ કરણી તે મેળવી આપવાને સમર્થ છે. ફક્ત પુત્રોના ગુણે કરીને તો ધીર પુરૂષો સંસાર સમુદ્રનો માર્ગ પ્રવર્તાવે છે."

પ્રિયાનાં આવાં વચનો સાંભળીને નાગ રથિક બોલ્યો. "હે પ્રિયે! તેં જે કહ્યું તે સત્ય છે, પણ સંસારમાં (સારા અથવા નરસા) પુત્ર વિના દંપતીનું મન ધીરજ ધરતું નથી. વળી જેમ બાંધવ વિના દિશાઓ શુન્ય લાગે છે, જડ પુરુષોનાં ચિત્ત પણ જેમ સદા શુન્યકાર જણાય છે, નિર્ધન જનોને સમસ્ત વિશ્વ શુન્ય છે, તેમ અપુત્રીઆ માણસોને ગૃહ શુન્ય જણાય છે. જેને વિષે કયારે પણ સ્વજનનું આગમન નથી, જેને વિષે અધિક ગુણવાળાઓનું ગૌરવ નથી અને જેને વિષે ન્હાનાં ન્હાનાં બાળકો નથી, એવાં ગૃહો તે નકામાં જ છે. સંસારમાં રહેલા મનુષ્યોને ત્રણ વિશ્રામસ્થાન કહ્યાં છેઃ-પ્રિય સ્ત્રી, વિનયવંત પુત્ર, અને સર્વ ગુણે કરીને ઉત્તમ એવી સત્સંગતિ. વળી જેમ ચંદ્રરૂપી દીપકથી રાત્રિને વિષે સર્વ પદાર્થ પ્રકટ થાય છે, તથા સૂર્યરૂપી દીપકથી દિવસને વિષે સર્વ વસ્તુઓ પ્રકાશિત થાય છે; તેમ સુપુત્રરૂપી દીપકથી કુટુંબની પ્રસિદ્ધિ થાય છે. જેમ અધિક વાસ યુક્ત ચંદન તરુથી વન સુવાસિત થઇ રહે છે, તેમ મ્હોટા ભાગ્યે પ્રાપ્ત થયેલા એક જ સુપુત્રથી વંશ ઉજ્જવળ થાય છે. આ લોકમાં પુત્રને લીધે ઉત્કૃષ્ટ ભાવને પામેલા

માતા–પિતાઓની કીર્ત્તિ સ્થિરતા પામે છે. જેમકે સગર ચક્રવર્તિની કીર્ત્તિ પુત્રોએ કરીને સાગરરૂપ સ્થિર થઇ."

પતિનાં આવાં વચન સાંભળીને સુલસા બોલી, " હે સ્વામીનાથ ? મ્હારા ઉદરથી બાળકની ઉત્પતિ થશે નહી એમ લાગે છે. માટે આપ બીજી સ્ત્રી કરો, તે પુત્ર પ્રસવશે, એટલે આપ પુત્રવાન્ થશો." ત્યારે પતિએ કહ્યું, " હે પ્રાણેશ્વરી ? જો કોઇ મને રાજ્ય સહિત પોતાની પુત્રી આપે તો પણ હું બીજી સ્ત્રી કરવા ઇચ્છતો નથી; ક્ષીરને મૂકી થૈંશના અન્નની કોણ વાંચ્છા કરે ? જો આ ભવમાં ત્હારા થકી પુત્રની પ્રાપ્તિ થશે તો ભલે; નહિતર પુત્ર વિના રહીશું."

સ્વામિએ આમ કહ્યું, એટલે સુલસા ચિંતવવા લાગી. "માણસોને ધર્મ એજ કલ્પવૃક્ષ, એજ ચિંતામણિ, એજ કલ્પલતા અને એજ કામધેનુ કહ્યો છે. મૂઢ પુરુષો આવા સ્વર્ગ અને મોક્ષને આપનારા ધર્મને ત્યજીને બીજે રક્ત થાય છે. વળી ઉત્તમ કુળ, પરસ્પર પ્રેમ, આયુષ્યની દીર્ઘતા, દેહને વિષે પટુતા ( પાંચે ઇંદ્રિયોથી પૂર્ણતા ) અભિષ્ટ વસ્તુનો સંયોગ, ગુણને વિષે અનુરાગ, સત્પુત્રનો લાભ, તથા લોકને વિષે પ્રભુતા એ સર્વ ધર્મથી થાય છે. એટલું જ નહિ પણ ગૃહને વિષે લક્ષ્મી, સુખને વિષે સુભાષિત વાણી, બાહુને વિષે વીર્ય, હાથને વિષે દાન, અંગને વિષે સૌભાગ્ય, હૃદયને વિષે અમૃત અને વક્ષસ્થળ (હૃદય)ને વિષે કીર્તિ એ સર્વનું કારણ પણ ઉજ્જવળ એવો ધર્મ જ છે. હે જીવ! બીજાઓની મનોહર વસ્તુઓને જોઇને તું વૃથા ખેદ ન કર; જો ત્હારે તે અભિષ્ટ વસ્તુ જોઇતી હોય તો તું પુન્ય કર; કારણ કે પુન્ય વિના ઈષ્ટ અર્થ પ્રાપ્ત થતો નથી." એવો વિચાર કરીને સુલસા ધર્મકાર્યને વિષે વિશેષે તત્પર થઇ; જિનભક્તિ કરવા લાગી અને ચતુર્વિધ આહાર સત્પાત્રને વિષે આપવા લાગી. વળી બ્રહ્મચર્ય, ભૂમિ ઉપર શયન અને આયંબિલનો તપ કરવા લાગી.

એવામાં ઇંદ્રે તેણીનું આવું ઉત્તમ અનુષ્ઠાન જોઈ, અવધિજ્ઞાન વડે જાણીને, પોતાની સભામાં તેણીની પ્રશંસા કરી કે, " હમણાં મૃત્યુ

લોકને વિષે સુલસા નામની શ્રાવિકા છે કે, તેણીને કોઈ ધર્મકાર્યથી ચળાવી "શકે તેમ નથી" ઇંદ્રના આવાં વચન સાંભળીને હરિણગમેષી દેવ સુલસાની પરીક્ષા કરવાને અર્થે સ્વર્ગથી ત્યાં આવ્યો. બે સાધુઓનું રૂપ કરીને તે નાગ રથિકને ઘેર ગયો. બે સાધુઓને આવતા જોઈને સુલસા હર્ષ પામીને ઉભી થઈ, ને ચિત્તને વિષે તે વિચારવા લાગી. પૂર્વનાં પાપને દૂર કરવામાં હેતુરૂપ અને ભવિષ્યમાં થનાર ઉચ્ચ ફળના લાભને દર્શાવનાર અને સર્વ તીર્થમય એવા જે સાધુ તે કદી પોતાના ચરણ કમળથી અભવ્ય જીવના ગૃહને પાવન કરતા નથી. વળી મનુષ્ય જન્મ પ્રાપ્ત કર્યાનું ફળ એજ છે કે, અતિથિ સંવિભાગ કરવો (જમતી વખતે ભોજનમાં અતિથિનો ભાગ પાડવો.); કારણ કે, જે પોતાના જ ઉદરની પૂર્ત્તિ કરે છે, તે તો ખરેખર પશુઓનું જ લક્ષણ છે. વળી મુનિને આપતાં બાકી રહે તે જ (આપણો) આહાર ગણવો; પાપ ન કરવું એનું નામ પ્રાજ્ઞતા; કોઈનું કાર્ય પરોક્ષ રીતે કરી આપવું તેનું નામ મિત્રતા અને દંભવિના આચરવો તેજ ધર્મ."

દાન દેવામાં પ્રવીણ એવી સુલસા એમ ચિંતવીને બે હસ્ત જોડીને સાધુઓને નમી પોતાને કૃતાર્થ માનતી વિનંતી કરવા લાગી "હે મુનિમહારાજ! આપે આપના આગમનથી મ્હારૂં ઘર પવિત્ર કર્યું છે; આપને જે ખપ હોય તે નિવેદન કરો." યતિએ કહ્યું: "ત્હારા ઘરમાં લક્ષપાક તેલના કુંભ (ઘડા) છે એમ સાંભળ્યું છે; તો અમારામાંથી બહુ સાધુઓ ગ્લાનિ પામી ગયા છે, તેમની ચિકિત્સાને અર્થે એનો ખપ છે." તે સાંભળી હર્ષ સહિત સુલસા એક કુંભ લઈ બહાર આવી. તેવામાં તે દેવે અન્ય રૂપ કરી અદૃશ્ય રહી તે તેલનો કુંભ પાડી નાંખી તેલ ઢોળાવી નાંખ્યું. એમ સુલસાએ બીજો, ત્રીજો, ને ચોથો કુંભ આણ્યો, તે સર્વે એ દેવે પાડીને ભાંગી નાંખ્યા, તો પણ સુલસાના મનમાં કિંચિત્ માત્ર ખેદ થયો

નહીં. તેથી તે દેવ પ્રગટ થઇને બોલ્યો. " હે સુલોચના ! તને ધન્ય છે ! ઇંદ્રે ધર્મને વિષે ત્હારી સ્થિરતાનું જેવું કીર્તન દેવસભાને વિષે કર્યું હતું, તેવું જ મેં આજે જોયું છે. હું હરિણગમેષી દેવતા ત્હારી પરીક્ષા કરવાને આવ્યો હતો; હું ત્હારા ઉપર સંતુષ્ટ થયો છું; માટે કાંઈ વર માગ." ત્યારે સુલસા બોલી. " હે દેવ ! તું ઇંદ્રનો સેનાપતિ છે, અને જ્ઞાનબળથી મ્હારો મનોરથ જાણે છે." એ સાંભળી તે દેવતાએ હર્ષ સહિત તેણીને બત્રીસ ગૂટિકા ( ગોળીઓ ) આપીને કહ્યું, " ત્હારે એકેકી ગૂટિકા ખાવી; એના પ્રભાવથી તને બત્રીશ પુત્રો થશે. જ્યારે તને કંઈ મહાન્ અંતરાય આવી પડે, ત્યારે તું મ્હારૂં સ્મરણ કરજે, જેથી હું ત્હારૂં વિઘ્ન દૂર કરીશ." એમ કહીને દેવતા વિજળીની પેઠે અંતર્ધાન થઈ ગયો. હવે જિનસ્તુતિમાં તત્પર એવી સુલસા ભોગવિલાસને વિષે પણ આદરવાળી થઈ.

હવે એકદા ઋતુકાળ પ્રાપ્ત થયે છતે ધર્મશીળા સુલસા ધ્યાવા લાગી કે, "મ્હારે ઘણા પુત્રોને શું કરવા છે ? જો એકજ પુન્યવાન્ અને સર્વજ્ઞની સેવા કરનારો પુત્ર પ્રાપ્ત થાય, તો તે એકથીએ સુખ પ્રાપ્ત થશે; બત્રીશ ગૂટિકાના ભક્ષણથી બત્રીશ પુત્રો થાય તેનાં મળ મૂત્રાદિથી મને ધર્મ કાર્યમાં બહુ વિઘ્ન નડશે. માટે જો એકજ બત્રીશ લક્ષણ યુક્ત પુત્ર થાય તો બહુ સારૂં. બહુ પુત્ર કરતાં કાર્ય કરવાવાળો એકજ પુત્ર થાય તે સારો; ચંદ્રમા એકલો છતાં દિશાઓને તેજોમય કરે છે; પણ સમુહબંધ તારા કરી શકતા નથી. સદા ઇચ્છિત દાન દેવામાં દક્ષ એવી એકજ ભવ્ય કામધેનું સારી; પણ દ્વારમાં રહેલી ઘાસની તંગી પડાવનારી હજારો વૃદ્ધ ગાયો સારી નહીં." એમ વિચારી સુલસા પેલી બત્રીશે ગૂટિકા એકી વખતે ખાઈ ગઇ ! તેના પ્રભાવથી તેણીના ઉદરને વિષે બત્રીશ ગર્ભ પ્રકટ થયા. તે અનુક્રમે વૃદ્ધિ પામવા લાગ્યા. એટલે તેણીના ઉદરમાં તે એવી પીડા કરવા લાગ્યા કે, તેના પ્રાણ જતા રહેવા માંડયા. જેવી રીતે એક દ્રોણું પ્રમાણુ ( નાની ) તપેલીમાં ખાંડી

પ્રમાણુ (ઘણું) અન્ન રાંધવા મુક્યું હોય.તો તે તપેલીને ભેદી (ઉઘાડી) નાખે છે, તેવી રીતે તે ગર્ભથી તેણીનું ઉદર ભેદાવા લાગ્યું. આ અસહ્ય વેદના સહન નહિ થવાથી સુલસાએ વિઘ્નની શાંતિને અર્થે કાયોત્સર્ગ કર્યો, ને પેલા દેવતાને સંભાર્યો. તેણીના સત્વથી આકર્ષાઇને પેલો હરિણગમેષિ દેવતા આવીને બોલ્યો. "હે મહાસતી ? તેં મને જે કાર્ય અર્થે બોલાવ્યો હોય તે કહે. "સુલસાએ તે સાંભળી કાયોત્સર્ગ પૂર્ણ કરી પોતે કરેલા કાર્ય વિષે તેને કહ્યું. તે ઉપરથી દેવતાએ કહ્યું. 'હે મુગ્ધા ! તેં અવિચારી કાર્ય કર્યું છે. તેં બત્રીશે ગૂટિકા એકી વખતે ખાધી તેથી તને બત્રીશ પુત્રો એકી વખતે પ્રસવશે. જો એક પુત્ર મૃત્યુ પામશે, તો બત્રીશે પુત્રો મૃત્યુ પામશે. જો તેં ગૂટિકા જુદી જુદી ખાધી હોત તો તું બત્રીશ પુત્રોને જુદા જુદા પ્રસવત." ત્યારે સુલસા બોલી. "જીવ જે શુભાશુભ કર્મ બાંધે છે, તે તેને ભોગવ્યા વિના છૂટકો નથી." માટે હે હરિણગમેષિ ! મ્હારે શું કરવું ? મેં એ કાર્ય વગર વિચારે કર્યું છે, જો કર્મ મને અનુકૂળ હોય અને ત્હારી શક્તિ હોય તો તું મ્હારા ઉદરની વ્યથા શમાવ. નહિં તો હું મ્હારું કર્મ ભોગવીશ. જો તું વ્યથા શમાવીશ તો જિન શાસનની ઉન્નતિ થશે."

તે ઉપરથી દેવે પ્રસન્ન થઇને તેણીના ઉદરની વ્યથા દૂર કરી; અને પછી પોતાને સ્થાને ગયો. પછી સુલસા ધર્મને વિષે ચિત્ત જોડી, શુભ આહારથી ગર્ભને પોષવા લાગી. પછી તેણીએ સંપૂર્ણ સમયે સુસ્વપ્ને સૂચિત એવા બત્રીશ પુત્રોને જન્મ આપ્યો; નાગ રથિકે મહા દાન દઈ તેમનો જન્મોત્સવ કર્યો. પુત્ર જન્મથી હર્ષ પામેલા નાગ રથિકે પુત્ર જન્મની વધામણી લાવનાર દાસી અને માગણ લોકોને બહુ સુવર્ણ રત્નો આપ્યાં. બારમે દિવસે સ્વજનોને જમાડીને નાગ રથિકે પોતાનાં પુત્રોનાં જુદાં જુદાં નામ પાડયાં.

પછી પાંચ પાંચ ધાવમાતાથી જુદા જુદા ઉછેરાતા એ પુત્રો

અનુક્રમે વૃદ્ધિ પામતાં દેવકુમાર તુલ્ય થયા વળી તે પુત્રો આમ તેમ ફરતાં પોતાને પગે બાંધેલી ઘુઘરીયોના શબ્દવડે માતા પિતા પ્રમુખ અનેક જનોને હર્ષ આપવા લાગ્યા. પછી જ્યારે તેઓ પાંચ વર્ષની વયે પહોંચ્યા, એટલે તેમને નિશાળે ભણવા મૂકયા. ત્યાં તેઓએ ધર્મ, કર્મ, શસ્ત્ર, સંબંધી સમસ્ત કળાઓનો અભ્યાસ કર્યો અને તેઓ સર્વે ધર્મ કર્મમાં તત્પર થયા. પછી તેઓ શ્રેણિક રાજાના સેવકો થયા. જ્યારે તેઓ યુવાવસ્થાએ પહોંચ્યા, ત્યારે નાગ રથિકે તેમનાં શ્રેષ્ઠી-પુત્રીઓ સાથે લગ્ન કર્યાં અને એ નવી આવેલી વિનયવતી વધૂઓથી સુલસા સુખી થઈ.

એકદા પ્રસંગે શ્રેણિક અને ચેટક રાજા વચ્ચે યુદ્ધ થયું તેમાં સુલસાનો એક પુત્ર હણાયો એટલે બાકીના એકત્રીશે પુત્રો મરણ પામ્યા.

હવે જ્યારે સુલસાને પોતાના પુત્રના મરણની ખબર પડી, ત્યારે તે અત્યંત કલ્પાંત કરવા લાગી. “ અરે દૈવ ! તેં મ્હારા જગત્ પ્રિય પુત્રોને એક કાળે કેમ હરી લીધા ? ” તેનું કલ્પાંત સાંભળી અન્ય જનો પણ શોક કરવા લાગ્યા. તે વખતે અભયકુમારે પણ નાગ રથિકને ઘેર આવી તેને પ્રબોધ વચન કહેવા માંડયાં કે, “ જૈનમતના અર્થને જાણનાર અને વળી ધર્મ ભાવનાથી ભરપૂર એવા તમને અવિવેકી માણસની પેઠે શોક સાગરમાં પડવું યુક્ત નથી. આ સંસાર જ ઈંદ્રજાળ સમાન છે, ઈંદ્રધનુષ્યના જેવો ચપળ છે, ગજેંદ્રના કાનની પેઠે ચપળ છે અને સંધ્યાના રંગ જેવો અસ્થિર છે; પવને ઉડાડેલા આકડાના રૂના જેવો તથા ઉષ્ણ કાળમાં મૃગ-તૃષ્ણાના જેવો મિથ્યા છે, અને યુવતીના નેત્રની પેઠે તથા સમુદ્રના કલ્લોલના જેવો ચંચળ છે. મૃત્યુ છે તે તો શરીરધારીઓની પ્રકૃતિજ છે; જીવન એ તો વિકૃત છે; માટે જો જરા પણ સ્થિરતા મળે તો, તે એક લાભ ગણવો; અને વૃથા શોચ ન કરવો. ડાભના અગ્રભાગ ઉપર રહેલા જળબિંદુના જેવું, પરિપક્વ પત્રના ડાલ્લાના જેવું અને

પાણીના પરપોટાના જેવું. આ જીવન ક્ષણભંગુર છે. તેનું અશ્વ, હાથી, રથ, મનુષ્ય, સુભટ, ધન, બંધુ, દેવતાઓ કે, અન્ય કોઈ પણ સાધનો મૃત્યુથી રક્ષણ કરી શકતા નથી." અભયકુમારનાં આવાં પ્રબોધ પૂર્ણ વચનો શ્રવણ કરી નાગરથિક અને સુલસાએ શોક મૂકયો.

હવે એ અવસરે ચંપાપુરી નગરીને વિષે શ્રી વીર ભગવાન સમવસર્યા. તેમનો પ્રતિબોધ સાંભળવાને અનેક દેવ અને રાજાઓ આવવા લાગ્યા. ત્યાં પ્રભુએ ઉપદેશ દીધો કે, "આ જન્મરૂપી કલ્લોલથી પૂર્ણ એવા સંસાર સાગરને વિષે મનુષ્ય જન્મ છે, તે ચુલ્લાના, પાસાના, ધાન્યના, દ્યુતના, રત્નના, સ્વપ્નના, કાચબાના, યુગના અને પરમાણુના એમ દશ દૃષ્ટાંતે કરી દુર્લભ છે. (મનુષ્ય ભવના દુર્લભ દસ દૃષ્ટાંત વાંચો.) જેમ સર્વ ધાન્યોમાં ધઉં શ્રેષ્ઠ છે, સર્વ જળમાં મઘા નક્ષત્રનું જળ શ્રેષ્ઠ છે, સર્વ કાષ્ટોમાં કલ્પવૃક્ષનું કાષ્ટ શ્રેષ્ઠ છે અને સર્વ ધાતુઓમાં કાંચન શ્રેષ્ઠ છે, તેમ લક્ષ ભવને વિષે પણ મનુષ્ય ભવ એજ શ્રેષ્ઠ છે," ઈત્યાદિ ધર્મોપદેશ શ્રવણ કરીને અંબડ પરિવ્રાજક જેણે પૂર્વે શ્રાવકધર્મ અંગીકાર કર્યો હતો અને હમણાં ત્રિદંડી થયો હતો, તેથી જેના હાથમાં કુંડિકા (કમંડળ) હતી, જેના વસ્ત્ર રક્ત હતાં, હસ્તને વિષે કુશાસન (ડાભનું આસન) હતું અને જેણે તપોબળથી અનેક વિદ્યા અને લબ્ધિઓ પ્રાપ્ત કરી હતી એવો સર્વજ્ઞનો આજ્ઞાપાળક તે પ્રભુને પ્રણમીને કહેવા લાગ્યો. "હે પ્રભો! મેં અનેક સ્થળોએ જઇ મુનિઓને વાંદ્યા છે; હવે રાજગૃહ નગરે જવાની ઈચ્છા છે; માટે આપને જો ત્યાં કંઇ કાર્ય હોય તો આદેશ કરો." પ્રભુએ કહ્યું. "ત્યાં સુલસા શ્રાવિકાને ત્હારે મ્હારા ધર્મલાભ કહેવા." "બહુ સારૂં" એમ કહીને તે અંબડ પ્રભુને નમીને ચાલવા લાગ્યો. રાજગૃહ નગરની નજીક જઇને તેણે વિચાર્યું કે, "જેણીના સદ્ગુણથી રંજિત થઇને ભગવાન્ પણ ધર્મલાભ કહેવરાવે છે, તે સ્ત્રી કેવી હશે? તેણીની મ્હારે પ્રથમ પરીક્ષા કરવી; પછી

હું પ્રભુએ કહેલું તેણીને કહીશ." એમ વિચારી તે પ્રથમ સત્પાત્ર યતિનું રૂપ લઈને સુલસા પાસે સચિત્ત વસ્તુ આદિ યાચીને તેણીની પરીક્ષા કરવા લાગ્યો. પણ તે ચળી નહી. પછી તેણે બ્રહ્માનું રૂપ ધારણ કર્યું ને પૂર્વ દ્વારે આવીને બોલ્યો. "હું બ્રહ્મા છું." બ્રહ્માને આવ્યા જાણી સુલસા વિના સર્વે જન તેને વાંદવા લાગ્યા. એટલે તેણે બીજે દિવસે દક્ષિણ દિશાને વિષે કૃષ્ણનું રૂપ લીધું, તો પણ સુલસા તો આવી નહી. ત્રીજે દિવસે પશ્ચિમ દિશાએ આવી ઈશ્વરનું રૂપ લીધું, તોપણ તે ન આવી, ત્યારે ચોથે દિવસે ઉત્તર દિશામાં જિનેંદ્રનું રૂપ કરી, સુવર્ણ—રત્નમય ગઢ આદિ સમગ્ર જિનચિન્હ પ્રગટાવીને રહ્યો ને ધર્મોપદેશ આપતો બોલ્યો. "હું પચીશમો તીર્થંકર ઉપદેશ આપવા આવેલો છું." તે વાત સાંભળીને સુલસા વિચારવા લાગી. "તીર્થંકર તો ચોવીસ જ હોય; પચીશ હોય જ નહી; માટે આ જુઠો છે." એમ વિચારી ત્યાં પણ તેને વંદન કરવાને સુલસા ગઈ નહી; ત્યારે તે પાંચમે દિવસે ધોતીઆ પ્રમુખ પહેરી શ્રાવકનો વેષ લઈ સુલસાને ઘેર ગયો. તેને આવતો દેખીને સુલસા હર્ષ પામીને સન્મુખ ગઇ, ને આદર સહિત "વંદન કરૂં છું." એમ તેમને બેસવા માટે આસન આપીને બોલી. "હે ભગવન્? સુખશાતા છે?" તેણે કહ્યું. "દેવ ગુરુને પ્રસાદે." પછી તેણે કહ્યું. હું ચંપાપુરી ગયો હતો. ત્યાં ભગવાન્ શ્રી વીરસ્વામીને વાંદીને તેમનો ધર્મોપદેશ સાંભળીને અહિં આવ્યો છું. મેં અહિં આવવાનું કહ્યું એટલે મને ભગવાને કહ્યું. '**ત્હારે રાજગૃહ નગરને વિષે સુલસા શ્રાવિકાને મ્હારા ધર્મલાભ કહેવા.**"

એ સાંભળીને સુલસા ઉભી થઈને ખમાસમણ પૂર્વક પ્રભુને વાંદીને સ્તવના કરવા લાગી. "મોહરૂપી મલ્લના બળનું મર્દન કરવાને વીર છો; પાપરૂપી પંકને દૂર કરવામાં નિર્મળ પાણી છો; કર્મરૂપી

રજને ઉડાડી દેવામાં વાયુ છો એવા હે વીર જિનેશ્વર ! તમે જયવંતા વર્તો."

આ પ્રમાણે શ્રી વીર પ્રભુની સ્તુતિ કરીને સુલસાએ પોતાના ભાઈની પેઠે ભક્તિ સહિત અન્ન પાનાદિવડે અંબડને ભોજન કરાવ્યું. પછી અંબડ ત્યાંથી ગયો. હવે સુલસા પણ શ્રી વીર જિનેશ્વરની સ્તુતિ કરતી, ઉભય કાળ પ્રતિક્રમણ કરવા લાગી. સત્પાત્રને વિષે દાન દેતી તથા છઠ અઠ્ઠમ આદિ તપશ્ચર્યા કરતી પોતાના દેહને પાપ રહિત કરતી. તેણીનો સ્વામી નાગ રથિક પણ વિશેષ પ્રકારે જૈન ધર્મ પાળવા લાગ્યો.

એકદા સુલસા અંતસમય આવ્યો જાણીને ગુરુ પાસે અંજલી જોડીને કહેવા લાગી, " હે ભગવન્ ! મને આરાધના કરાવો. " તે ઉપરથી ગુરુએ આરાધના કરાવી. એ આરાધના પામી શ્રી વીરપ્રભુને હૃદયમાં ધારણ કરી સુલસા સ્વર્ગે ગઈ. ત્યાંથી ચ્યવીને તેણીનો જીવ આ જ ભરતક્ષેત્રને વિષે ભાવિ (આવતી) ચોવીશીમાં નિર્મમ નામે પંદરમો તીર્થંકર થશે અને એ જ ભવમાં તે મુક્તિ પામશે.

卐

# ૮. મહાસતી સીતાજીની કથા

આ ભરતક્ષેત્રની અંદર મિથિલા નામની નગરી હતી. ત્યાં હરિવંશી વાસુકી રાજાની વિપુલા રાણીના ઉદરથી પેદા થયેલ જગદ્-વિખ્યાત જનકરાજા રાજ્ય કરતો હતો. એ રાજાનું બીજું નામ વિદેહ હતું. એને વિદેહા નામની રાણી હતી, તેણી પ્રાણેશ્વર સંગાથે સાંસારિક સુખો વિલસતાં સગર્ભા થઇ અને ગર્ભકાળ પૂર્ણ થયે તેણીએ પુત્ર-પુત્રીનું જોડલું પ્રસવ્યું.

સૌધર્મ દેવલોકનો વાસી પિંગલ નામનો દેવ કે જે વિદેહાએ જન્મેલા જોડલામાંના પુત્રના પૂર્વના ભવનો દુશ્મન હતો, તે દેવે પોતાનું વેર યાદ લાવી વિદેહાના પ્રસૂતિ ગૃહમાં આવી તરતના જન્મેલા પુત્રને ઉંચકી લઇ તે બાળકને મારી નાખવાના વિચારે રસ્તો માપ્યો, પરંતુ તે બાળકનું અદ્ભૂત રૂપ નિહાળી તે દેવના મનમાં દયા આવી જેથી તે બાળકને દાગીના પહેરાવી વૈતાઢ્ય પર્વતના વનની અંદર મૂકી દઈ તે દેવ ચાલતો થયો. માતાના સ્તનપાન અને સુખનો વિયોગ પડાવી તેને વનમાં રઝળતો રાખી જવામાં જ પોતાનું વૈર પૂરું થયું માનતો હોવાથી તે જતો રહ્યો

તે દેવ તે બાળકને દુઃખમાં મૂકી જતો રહ્યો. પરંતુ બાળકનું પ્રારબ્ધ તેને છોડી ગયું ન હતું. આયુષ્યના જોરને લીધે તેને સુખનો સંયોગ પ્રાપ્ત થયો. દૈવની મદદથી અને વૈતાઢ્ય પર્વત ઉપરના રથનુપુર નગરનો અધિપતિ ચંદ્રગતિ નામનો વિદ્યાધર વનક્રિડા કરતો કરતો જ્યાં તે બાળક પડેલ હતો ત્યાં આવી પહોંચ્યો. તે અત્યંત રૂપવંત બાળકને જોતાં બહુ જ સાનંદાશ્ચર્ય પામી તેણે તુરત તે બાળકને

ઉંચકી લઈ પોતાના મકાનનો માર્ગ લીધો; સ્વગૃહે જઈ પોતાની ધર્મપત્ની પુષ્પવતીને આપ્યો. આથી પુષ્પવતી પણ બહુ રાજી થઈ, કેમકે તેણીને કશું ફરજંદ હતું નહી, તેથી એ બાળકને જોઇ તેણી વિશેષ પ્રસન્ન થઇ.

બાળક કેવી રીતે પ્રાપ્ત થયો એ વાત ધણી ધણીયાણી સિવાય બીજું કોઇ જાણતું ન હતું; તેથી વિદ્યાધરે સ્ત્રીની સલાહ લઈ તે પુત્રને પોતાના જ પુત્ર તરીકે જાહેર કર્યો.

ચંદ્રગતિ અને પુષ્પવતી વચ્ચે પૂર્ણ પ્યાર હતો, જેથી એવી મસલત કરી હતી કે, 'આ પુત્રને આપણો જ ઠરાવી લ્હાવો લઇએ. જ્યાં લગી છુપું છે ત્યાં લગી જે ધારિયે તે થઇ શકશે. છ કાને વાત પહોંચ્યા પછી માણસ પોતાની ધારણા ભાગ્યે જ સફળ કરી શકે છે.' ઇત્યાદિ વિચારી તેઓએ શહેરમાં અને પોતાના સંબંધીઓ તથા જ્ઞાતિજનોમાં એવી વાત ફેલાવી કે—"રાણી સગર્ભા હતી, આટલો વખત તે વાત ખાનગી રાખવા માટે કેટલાંક સબળ કારણો હતાં, ભાગ્ય બળે તેણીએ આજે પુત્ર રત્નને જન્મ આપ્યો છે માટે પુત્ર જન્મોત્સવના આનંદમાં સર્વે પરિજન, પુરજનોએ ભાગ લેવા આવવું." એવા અર્થની વાત જાહેર કરી પુત્રનો જન્મોત્સવ કર્યો, અને તે બાળકના શરીર ઉપર ભામંડળનું ચિહ્ન હતું તેથી તે પુત્રનુ નામ ભામંડળ પાડ્યું, અને લાલન પાલન તથા પોષણ સહિત દિનપ્રતિદિન બીજના ચંદ્રમાની પેઠે તે બાળક મોટો થતો ગયો. અનુક્રમે જ્યારે યૌવન અવસ્થાને પ્રાપ્ત થયો ત્યારે તેના લગ્ન કરવાની ચંદ્રગતિ હીલચાલ કરવા લાગ્યો.

એ ભામંડળના વિયોગથી વિદેહ રાજા અને વિદેહા રાણીની બીજી બાજુ શી દશા થઇ? તે તરફ હવે જરા ધ્યાન દઇએ! જ્યારે રાજા જનકને પુત્ર હરણની ખબર મળી ત્યારે તે અત્યંત શોકગ્રસ્ત થયો અને એથી તેને મુર્છા આવી ગઈ, પરંતુ વિદેહ રાજા અધ્યાત્મ-

જ્ઞાની હતા એટલે ગઈ વસ્તુનો શોક ન કરવો, એ સિદ્ધાંતને ધ્યાનમાં લઈ પુત્રીને જ પુત્ર માની લઈ મન વાળ્યું. અને તે પુત્રીનું નામ સીતા પાડ્યું.

સીતાકુંવરી કડવી વેલની પેઠે વગર હરકતે વૃદ્ધિ પામવા લાગી. કિશોર વય થતાં સ્ત્રીઓની ચોસઠે કળાએ ગુરુમુખ દ્વારા શીખી સારી પેઠે વિદ્યા સંપન્ન થઈ, અને જ્યારે યૌવનાવસ્થાએ પહોંચી ત્યારે તેણીના સરખા રૂપ, ગુણ, શીળ સંપન્ન વરને શોધવા માટે જનક રાજાને ચિંતા પેદા થઈ. શાસ્ત્રકારોએ કહેલું છે કે–" કન્યા જ્યારથી જન્મે ત્યારથીજ તેના માબાપને શોક થાય છે." કન્યા મોટી થાય એટલે તેણીના સરખો લાયક વર શોધવાની ફિકરમાં પડવું પડે છે, વર યોગ્ય મળ્યો તો પરણાવતી વખતે પહેરામણી આપવા પૈસા જોઈએ તેની ખટપટમાં ઉતરવું પડે છે, પરણાવ્યા પછી તેણીનો ગૃહસંસાર સંતોષકારક ચાલે છે કે નહિ. તેને સંતતીનું સુખ મળ્યું કે નહિ? તેણીનાં છોકરાં વરાયાં કે નહીં? અને તેણીને અવસરે કશું માઠું લાગ્યું કે સાસરીયાં સગાં સંબંધી તરફથી કનડગત થઈ કે નહીં? વગેરે અનેક પ્રકારની ચિંતા થયા કરે છે. અને એટલા માટે જ કહ્યું છે કે–" દુહિતા ભલી ન એક!"

પુત્રિના પિતા જનક રાજાને સીતાને માટે લાયક વર શોધી કાઢવાની ચિંતા થઈ, જો કે થનાર હોય છે તે જ થાય છે, તથાપિ મનનો ધર્મ જ છે કે–તે નાહક ફાંફા મારવા લાગે છે. સુખને માટે દોડાદોડ કરવાની કશી જરૂર નથી, કેમકે પોતપોતાના કર્મોદયવડે પોતાના સુખો પોતાને જ શોધતાં આવે છે, છતાં મનરૂપી માંકડું આમથી તેમ માથાફોડ કર્યા વિના રહેતું જ નથી!

એક બાજુએ જનક રાજા ચિંતાનો ઉદ્યમ ચાલુ રાખી રહ્યો હતો અને બીજી બાજુએ સીતાનું પૂર્વસંચિત કર્મ વરપ્રાપ્તિના સંજોગો ઊભા કરવા યત્ન આદરી રહ્યું હતું. છેવટમાં કર્મનો જ

વિજય થતાં એવો સંયોગ બન્યો કે—કોઈ મ્લેચ્છ લોકો દૈત્યની પેઠે જનક રાજાનો પરાજય કરવા ચઢી આવ્યા; અને તેણે પ્રાણ સંકટથી બચવા પોતાના મિત્ર રાજા દશરથને એ બાબત ખાનગી જાસુસો મારફત જણાવી તેની મદદ માંગી. તેથી અયોધ્યાપતિ રઘુવંશી દશરથ રાજાએ પોતાના પાટવી કુંવર રામચંદ્ર કે જે મહાબળવાન હતા તેને તરત મિથિલાપૂરી તરફ વિદાય કર્યા. રામચંદ્રે આવતાંની સાથે જ તે મ્લેચ્છોનો પરાજય કર્યો.

દશરથ કુળદીપક રામચંદ્રનું યુદ્ધકૌશલ્ય જોઈ જનક રાજાએ અતિ આનંદથી રામચંદ્રને રાજમંદિરમાં સત્કાર્યા. તેમણે શત્રુનો નાશ કર્યા બદલ કહો કે તેમના પરાક્રમ ઉપર ફિદા થયાના બદલામાં કહો, પોતાની કન્યા સીતાને તેમની સાથે પરણાવવા નિશ્ચય કર્યો.

એ દરમ્યાન વિઘ્નસંતોષિ અને કલહપ્રિય નારદ મુનિનું ત્યાં આગમન થયું. મુનિ નારદ અંતઃપુરમાં જઈ પહોંચ્યા અને તેમની પીળી બાબરી, ઉભી ચોટલી, વિચિત્ર વેષ અને હાથમાં છત્ર વગેરે ધારણ કરેલ હોવાથી તેમને જોતાં જ સીતા ભયભીત બની નાસવા લાગી, એ જોઈ તેણીની દાસીઓએ પણ શોરબકોર કરી મૂકયો. આવો બનાવ બનતાં રાજસેવકોએ ત્યાં આવી તે બીહામણા વેષવાળા નારદને ગળેથી પકડી અપમાન સાથે જનકના મહેલમાંથી બહાર કહાડી મૂકયા. તેથી નારદઋષિને બહુ ક્રોધ ચડયો, અને કરેલા અપમાનનો બદલો વાળવા તેણે એવી ખટપટ ચલાવી કે, સીતાની આબેહુબ છબી ચિત્રી અને તે છબી લઈ ભામંડળને દેખાડી, એટલે ભામંડળ તે છબી ઉપર ફિદા થઈ ગયો, એટલું જ નહી, પણ તે છબીવાળી રાજકન્યાને પોતાની સ્ત્રી બનાવવા આતુર બની ગયો. કામ વિહ્વલતાને લીધે વિરહની અવસ્થાઓ એક પછી એક લાગુ થઇ. તેના શરીરની શોચનીય દશા થઈ પડી. અહા ! કામ એ પણ દુષ્ટ રોગ છે કે જેના ઝપાટાથી હાલહવાલ થઈ કાળના મુખમાં મનુષ્ય સપડાઇ દુર્ગતિના દ્વારે પહોંચે છે.

એ સમયે ચંદ્રગતિનું ભામંડળની પાસે કોઈ કાર્ય પ્રસંગે આવવું થયું અને તેની શોચનીય દશા જોતાં તેણે પોતાના પુત્રને પૂછ્યું કે-"વ્હાલા પુત્ર! તારી આવી દશા શાથી થઈ છે?" પિતાના સવાલના જવાબમાં પુત્રે કામવશ થઈ મર્યાદા રહિત બની પોતાના અંતઃકરણની પીડા પિતાની આગળ જાહેર કરી. પિતાએ તેને દિલાસો આપી ચપલગતિ નામના દૂતને બોલાવી જનકરાજાની તરફ તેની પુત્રી સીતાનું માગું કરવા મોકલ્યો. નામ પ્રમાણે કામ કરનારો તે દૂત ચપળતાથી મિથિલા જઇ પહોંચ્યો. મિથિલેશને નમી તેણે આવવાનું કારણ કહી બતાવ્યું, એટલે જનકરાજાએ કહ્યું કે-"ભાઈ! તમારા રાજાની માગણી યોગ્ય છે; પણ મારી સીતાને મેં પ્રથમથી જ કુળ દીપક દશરથનંદન રામચંદ્રજીને આપવા નિશ્ચય કરેલો છે, છતાં સ્વયંવરમંડપ રચાવી, દેશોદેશના ભૂપતિઓને તેડાવી મારી પાસે જે બે દેવાધિષ્ઠિત વજ્રાવર્ત્ત નામના ધનુષ્યો છે તે મંડપમાં મૂકાવીશ અને જે રાજકુંવર તે ધનુષ્યોની પણછ ચડાવશે તેને વગર આનાકાનીએ મારી પુત્રી સીતા વરાવીશ. માટે તમારા રાજકુમારને પણ તે પ્રસંગે બેલાશક અત્રે મોકલવા, જો તે પ્રતિજ્ઞા પૂર્ણ કરશે તો એની મેળે સીતાના હક્કદાર થશે." ઈત્યાદિ કહી તે દૂતને શિરપાવ આપી વિદાય કર્યો.

દૂત વિદાય થઈ અનુક્રમે પોતાના અન્નદાતાની હજુરમાં જઇ પહોંચ્યો અને સઘળી હકીકત કહી સંભળાવી. તે વાત સાંભળીને વિદ્યાધરે સ્વયંવર વખતે ત્યાં જઈ પ્રતિજ્ઞા પૂર્ણ કરી સીતાને લાવવા નિશ્ચય કર્યો.

જનકરાજાએ પણ દૂતના ગયા પછી તરત કુશળ કારીગરો બોલાવી સુંદર સ્વયંવર મંડપ રચાવ્યો. પછી દેશ વિદેશના રાજાઓને આમંત્રણ પત્રિકાઓ મોકલી તેડાવ્યા. જ્યારે રાજસમાજ એકઠો થયો ત્યારે તે બંને દેવતાઈ ધનુષ્ય મંડપની અંદર મધ્યભાગમાં મૂક્યાં.

પછી પોતાની પ્રતિજ્ઞા સઘળા રાજપુત્રોને જાહેર કરી. આ પ્રસંગે ચંદ્રગતિ પોતાના ભામંડળ કુમારને, અને રાજા દશરથ રામચંદ્રજીને લઈ ત્યાં આવેલા હતા.

નિયત કરેલા સમયે સીતા ઉત્તમ પોશાક ધારણ કરી હાથમાં વરમાળા લઈ આનંદી ચ્હેરે સુંદર ગતિએ ચાલતી મંડપના મધ્યમાં આવી ઉભી રહી. સીતાના રૂપ આગળ ઉર્વશી, રંભા, સાવિત્રી, રતી અને પાર્વતી પણ શરમાઈ જાય તેમ જણાતું હતું. એવી રૂપગુણ-સંપન્ન સીતાને નિહાળી કેટલાક સીતાના રૂપમાં જ મુગ્ધ બની અનેક પ્રકારના તર્કવિતર્ક કરતા પોતાને જ એ સ્ત્રીરત્ન પ્રાપ્ત થાય એ હેતુથી પોત પોતાના ઇષ્ટદેવોનું સ્મરણ કરી, દેવોની બાધા–માનતા રાખી મત્ત થઈ સીતાનું જ ધ્યાન ધરવા લાગ્યા, અને જે ભાગ્યનો ભરોંસો રાખી બેઠા હતા તેઓ સંકલ્પ વિકલ્પ કર્યા વગર આનંદથી દૃશ્ય જોયા કર્તા હતા.

જ્યારે વિદેહરાજા તરફથી ધનુષ્ય ચડાવવાની સૂચના થઈ ત્યારે એક પછી એક રાજા અને રાજકુમારો બળનો ગર્વ ધારણ કરી, ધનુષ્ય ચડાવવા ધનુષ્યની પાસે આવી, પોતાના બળને અજમાવવા લાગ્યા; પરંતુ જેમ કામી જનોના વચન–વિલાસથી સતી સ્ત્રીનું મન અડગ રહે છે, તેમ તે ધનુષ્ય રાજપુત્રોએ અસીમ બળ અજમાવ્યા છતાં પણ અડગ રહ્યું. તેઓ ધનુષ્યને જમીનથી જરાપણ ચલિત કરી શકયા નહીં, ત્યારે પણછ ચડાવવાની તો વાત જ કર્યા રહી ! જે વખતે ધનુષ્ય ચડાવવા આવતા હતા, તે વખતે રાજકુમારો છાતી કહાઢી અક્કડ બની આવતા હતા, પણ ધારેલી ધારણા ધૂળમાં મળતી હતી ત્યારે નીચું મ્હોં કરી પાછા ફરતા અને પોતાનું આસન લઈ નીચું ઘાલી બેસી જતા હતા. આવો બનાવ જોઈ જનકરાજા નિરાશ થવા લાગ્યા, માત્ર દશરથપુત્ર રામ બાકી રહેલા હોવાથી કંઇક આશાને આલંબન હતું. એટલામાં દશરથ પુત્ર રામ ધનુષ્યની પ્રત્યંચા

ચડાવવા ઉભા થયા, અને લીલા માત્રમાં ધનુષ્યની પણછ ચડાવી દીધી. સીતાએ પ્રતિજ્ઞા પૂર્ણ થઈ જોતાં રામચંદ્રના કંઠમાં વરમાળા નાંખી દીધી–એથી ત્યાં જય જયકાર થયો.

દશરથ રાજા પુત્રને પરણાવી પોતાના વતન તરફ જવાની તૈયારી કરવા લાગ્યા, અને બીજા રાજાઓ પણ પોતપોતાને ઠેકાણે જવા ચાલી નીકળ્યા, પરંતુ ભામંડળ જ્યારે આશાભંગ થઇ અતિ દુઃખી દિલે રવાના થયો ત્યારે તેના દુઃખની શાંતિ રુપ એવી આકાશવાણી થઇ કેઃ—

" હે ભામંડળ! તું જરાપણ દિલગીર ન થા. જે થયું તે સારું જ થયું છે. એ સીતા તારી સગી માની જણી બ્હેન થાય છે અને જનક રાજા તારો પિતા થાય છે. જન્મ થતાં જ તારા દુશ્મન દેવે તારું હરણ કરી તને વૈતાઢ્યના વનમાં ફેંકી દીધો હતો; ત્યાં તું ચંદ્રગતિને હાથ ચડ્યો; માટે શોચ ન કર, પણ થયેલા દોષની સીતા પાસે ક્ષમા માગ."

આવી દેવવાણી સાંભળતાં જ ભામંડળ આશ્ચર્ય પામ્યો. તુરત પાછા ફરી તેણે પોતાના જન્મદાતા પિતાને પ્રણમી અને બ્હેન સીતાને મહા હર્ષ સહિત ભેટી પોતાની અજ્ઞાનતાને લીધે થયેલી ભૂલ માટે બહુ જ દિલગીરી જાહેર કરી ક્ષમા માગી, અને તે પછી તે પિતા જનકની રજા લઈ ચંદ્રગતિ સહિત આનંદથી વૈતાઢ્ય ભણી રવાના થયો.

એક વખત દશરથ રાજાએ કૈકેયી રાણીને પ્રસન્ન થઇ બે વરદાન આપેલા, પણ તેણીએ મૂકેલી થાપણની પેઠે 'ખપ વખતે માગી લઈશ' એવા ઈરાદાથી તે વેળા કંઈ માગ્યું ન હતું. પોતાનો સમય આવ્યો જાણી તેણીએ તરત તે બે વરદાનમાંથી એક માગી લીધું કે–" મારા પુત્ર ભરતને રાજ્યગાદી અને રામને વનવાસ આપો."

વચનથી બંધાયેલા દશરથ રાજાએ દુઃખી દિલડે ભરતને રાજ્ય આપ્યું અને રામને વનવાસ જવાનો હુકમ કર્યો. રામે પણ પિતાના હુકમને માથે ચઢાવી લઇ સીતા અને લક્ષ્મણ સહિત વનનો માર્ગ લીધો.

સીતા લક્ષ્મણ સહિત વનમાં ફરતા ફરતા રામ દંડકારણ્યમાં જઇ પહોંચ્યા, ત્યાં સુર્પણખાના પતિનું લક્ષ્મણના હાથે મરણ નિપજવાથી તેણે પોતાના ભાઈ રાક્ષસપતિ રાવણને ઉશ્કેર્યો, એટલે 'દંડકારણ્યમાં વસતા તપસ્વીઓ તારા બેઠા છતાં મને રંડાપો આપવા હિમ્મત ચલાવી શક્યા જેથી તારા પૌરૂષ બળને ધિક્કાર છે! વળી તેઓની પાસે મહારૂપવંત એક સ્ત્રી છે કે જેની બરોબરી કરે તેવી તારા અંતઃપુરમાં સ્ત્રી જ નથી.' કહી રાવણને ચઢાવ્યો. જેથી વાસુદેવના હાથથી જ પ્રતિવાસુદેવનું મરણ થવાનો નિયમ હોવાને લીધે પ્રપંચ રચી રાવણે સીતાનું હરણ કર્યું. એટલે રામે વનચરોની સેના સાથે લંકા જઇ રાવણનો પરાજય કરી સીતાને પાછી હાથ કરી. લક્ષ્મણે રાવણનો નાશ કર્યો. વિભીષણને રાજ્ય અને પોતાના મદદગારોને સંતોષ આપી, રામ ચૌદવર્ષનો અવધિ પૂર્ણ થતાં પોતાને દેશ આવ્યા. રામે ભાઈઓની સમ્મતિ સહિત પિતાની રાજ્યગાદી ઉપર બેસી ન્યાય પૂર્વક રાજ્ય ચલાવી પ્રજાને પૂર્ણ સંતોષ આપ્યો, અને બીજા ભાઇઓને બીજા દેશોનું રાજ્ય આપી ખુશી કર્યા.

થોડા વખત પછી સીતાને ગર્ભ રહ્યો. પુણ્યશાળી ગર્ભના પ્રભાવથી જે જે સારા દોહદ ઉત્પન્ન થયા તે તે સર્વે દોહદ રામે પૂર્ણ કર્યા; કેમ કે સ્ત્રીઓને ગર્ભ સમયમાં જે જે ઇચ્છાઓ થાય તે તે પૂરી થવી જ જોઇએ, નહીં તો શરીર સૂકાય છે અને એમ થતાં ગર્ભ ઉપર માઠી અસર થાય છે.

એક વખતે રઘુકુળ રામચંદ્ર રાત્રિના વખતે નગર ચર્ચા જોવાને માટે સાદા વેષથી નિકળ્યા, અને ફરતા ફરતા એક ધોબીના ઘર આગળ જઈ પહોંચ્યા, તો ત્યાં ધોબીએ પોતાની બૈરીને બહારથી

બહુ મોડી આવેલી જોઇ પાટુ મારી કહ્યું કે–" રાંડ ! અત્યાર લગી તું ક્યાં ભટકવા ગઈ હતી ? " સ્ત્રીએ કહ્યું–" તમે તો ભલા દેખાઓ છો ! મહારાજા રામચંદ્ર કરતાં પણ તમે વધારે ડાહ્યા છો ! મહારાજાએ તો રાવણને ત્યાં છ મહીના લગી સીતા રહ્યાં છતાં પણ તેમને શુદ્ધ સતી માની પાછાં લાવી અંતઃપુરમાં સાથે રાખ્યાં છે, અને તમે તો જરા વારમાં અધીરા બની ( બીજાને ઘેર હું જરાવાર જઇને બેસું તો પણ ) ધમાધમ કરી મૂકો છો એ કેટલો બધો અન્યાય ? " ધોબી ચીડાઇને બોલ્યો–" મહારાજા રામચંદ્ર તો બૈરીના વેચાણ ને તાબેદાર છે, પણ હું તારો તાબેદાર કે વેચાણ નથી, સમજી ? હું તારી એ ચાલ માટે જરા પણ દરગુજર કરવાનો નથી."

આ પ્રમાણે વિવાદ સાંભળી શ્રી રામે વિચાર્યું કે–" હું સ્ત્રીનો વેચાણ ને તાબેદાર છું એવો લોકાપવાદ વ્હોરવો એ ધિક્કારને પાત્ર થવા જેવો પ્રકાર છે, માટે એ અપવાદથી મુક્ત થવું એ જ ઉત્તમ છે." એવો નિશ્ચય કરી બીજે દિવસે અનુજ લક્ષ્મણને ગયે દિવસે બનેલી બાબત કહી રામચંદ્રે કહ્યું કે–" બંધુ ! પટરાણી માટે લોકો શંકા લાવે છે તો તે અપવાદથી છુટવા તેણીનો ત્યાગ કરવા ચાહું છું."

લક્ષ્મણે વિનયપૂર્વક કહ્યું–" જો કે હું આપની આગળ ડહાપણ ચલાવવા લાયક નથી, તોપણ હું કહું છું વડીલ બંધુ ! લોકોના બોલવા પર આધાર રાખી સુશીલ જનકકુમારી જાનકીજીનો ત્યાગ કરવો એ ઠીક નથી. લોકો તો હંમેશાં ઘર ભાંગનારાજ હોય છે, પગ હેઠળ બળતું નહીં જોતાં ડુંગરે બળતું જ દેખવાના. પારકા છિદ્રો ખોળવામાં તેઓ બહુજ રસિયા હોય છે. બીજાને દુઃખ દીધા વિના તેઓને અનાજ પચતું નથી, માટે તેવા છિદ્ર–શોધકોને, વિઘ્ન સંતોષિઓને તો નીતિવંત નરેંદ્રોએ અવશ્ય સખ્ત શિક્ષા કરી હદપાર કરવા જોઇયે."

રામચંદ્રે કહ્યું–" વ્હાલા લઘુ બન્ધુ ! તું કહે છે તે વ્યાજબી છે તોપણ નીતિના જાણનારાઓએ કહ્યું છે કે–'યદ્યપિ શુદ્ધં લોક વિરુદ્ધં

**ना करणीयं ना चरणीयं**'-લોક વિચાર વિરૂદ્ધ કામ કરવું નહીં ને આચરવું પણ નહીં, માટે એ નીતિ-વાકયને અનુસરી પટરાણીને ત્યજી દેવી એવો મારો નિશ્ચય થયો છે." પછી રામચંદ્રજીએ તુરત લશ્કરી અમલદારને બોલાવી હુકમ આપ્યો કે-"તું પટરાણીને રથમાં બેસાડી જંગલમાં મૂકી આવ.

ઉપર પ્રમાણે અયોધ્યાનાથનું ભાષણ સાંભળી 'જેવો નામદાર અન્નદાતાનો હુકમ.' એટલુંજ બોલી સેનાપતિ મર્યાદા પૂર્વક પ્રણામ કરી ચાલતો થયો, અને રથ જોડી સીતાજી પાસે જઈ વિનય પૂર્વક કહેવા લાગ્યો. "હે સ્વામિની? હું આપ શ્રીમતિને રઘુકુલ ભૂષણ મહારાજાનો હુકમ મળતાં જંગલમાં લઈ જવા માટે આવ્યો છું; માટે સત્વર બહાર ઉભા રાખેલા રથમાં આરૂઢ થાઓ."

સેનાપતિનું આવું બોલવું સાંભળી તરત સીતા સતી ઉભા થઇ મહેલમાંથી નીચે ઉતરી રથમાં બેઠા. એટલે સેનાપતિએ તુરત રથ ચલાવ્યો અને થોડીજ વારમાં તે રથને એક ઘોર જંગલમાં લઈ જઈ તેણે સીતાજીને કહ્યું-"પૂજ્ય માતા? આપના મસ્તકના મુકુટ રઘુપતિએ આ ઘોર જંગલમાં આપને છોડી દેવા મને હુકમ કર્યો છે, જેથી પાપી પેટની વેઠ પૂરી પાડવા તે હુકમને અમલમાં મુકું છું. ધિક્કાર છે પરાધીનતાને અને સેવકપણાને કે જેને લીધે મારે આ નિર્દય કામ કરવું પડે છે. મારી જીભેથી આપ શ્રીમતી સ્હામે આપના પ્રાણ પ્રયાણ કરે તેવા શબ્દો ઉચ્ચારવાનો વખત આવ્યો, આ પેટાર્થીનું કંઈ જોર ચાલે તેમ નથી એટલે લાચાર છું. ધણીનો હુકમ થયા પછી ગમે તેવું ઘટિત કે અઘટિત કામ હોય, તો પણ સેવકને કર્યા વિના છૂટકો જ નથી.

આ પ્રમાણે સેનાપતિનું બોલવું સાંભળી જેમ વજ્રની ચોટથી ગિરિનું શિખર તૂટી પડે તેમ પતિના પરિત્યાગરૂપ ઘા લાગતાં સીતા

મૂર્ચ્છા ખાઈ ધરણી પર ઢળી પડયા; એ જોઈ સેનાપતિ તો બીચારો બહુ જ દુ:ખી થવા લાગ્યો અને સીતાની દયામણી દશા જોઈ અત્યંત ગાભરો બની તેણીના દુ:ખમાં કાંઈ ભાગ લેવા વિચારવા લાગ્યો; પરંતુ રાજાજ્ઞા તેને આડી આવી જેથી મૌન ધારી ઊભો જ રહ્યો.

સીતાને વનના શીતલ વાયરાથી મૂર્ચ્છા વળી, એટલે પતિની શંકાનું આ પરિણામ સમજી હૈયાફાટ વિલાપ કરતી તે પતિને ઉદ્દેશી કહેવા લાગી કે–" હે પ્રાણનાથ ! જો આપને લોકાપવાદનો ભય હતો તો આપે ત્યાં જ લોક સમાજ સમક્ષ મારી શીલપરીક્ષા કેમ ન લીધી ? જો તેમ કર્યું હોત તો તે કાર્ય કુલોચિત મનાત; પરંતુ આ કાર્ય તો કાકુસ્થ બિરુદવાળા નરવરને ન છાજતું થયું છે; કેમકે રઘુવંશી પૈકી કોઇએ અત્યાર સુધી કોઇનો હાથ પકડયા પછી પ્રાણાંતે પણ દગો દીધો નથી. પ્રાણ તજ્યા છે, પણ પ્રતિજ્ઞા તજી નથી. તો આ કામથી પરાપૂર્વના કુલધર્મને ઝાંખપ લગાડવી કેમ યોગ્ય ધારી ? હું કદાચ દોષિત, પણ ગર્ભમાં રહેલા બાળકે શું દોષ કર્યો કે તેને પણ મારી સાથે વગર કારણે ઘાતકી પ્રાણીઓના હાથથી હાલ બેહાલ થવા જેવું કર્યું ? ભલે, આપના મનમાં મારા માટે શંકાને સ્થાન મળ્યું હોય, તો પણ હું તો શુદ્ધ અંતઃકરણ-પૂર્વક ઇચ્છુ છું કે આપનો અને મારા વીર દિયર લક્ષ્મણજીનો સદૈવ વિજય થાઓ." સેનાપતિ તરફ જોઈ ચોધારા આંસુ ઢાળતે કહ્યું. "વીર ! આ જે હું બોલી છું તે સઘળા શબ્દો તમારા સ્વામીને કહેજો અને તમને મારા પતિ પ્રત્યેનો મારો જે ભાવ સમજાયો હોય તે તેમને રોશન કરજો. હવે મારૂં તો જે થનાર હશે તે થશે, પણ તમે શોકને વશ ન થતાં, વહાલા વીરા ! ખુશીથી પાછા જાઓ. વાર થશે તો તમારા પર તમારો અન્નદાતા ખીજાશે." એમ બોલતાં દુઃખના જોસથી ફરી તેણીને મૂર્છા આવી, જેથી પૃથ્વી

ઊપર ઢળી પડી અને ફરીને પવનના પ્રભાવથી ચેતનમાં આવી વિલાપ કરવા લાગી.

જાનકી કેટલોક વખત વિલાપ કરી રહ્યા પછી પોતાના કર્મને જ દોષ દેતી તે ભયંકર વનમાં બાવરી બની આમથી તેમ ભમવા લાગી. એટલામાં પૂર્વ પુણ્યના યોગથી પુંડરીકપુરનો વજ્રજંઘ રાજા તે જ ઠેકાણે આવી ચડયો સગર્ભા સીતાજીને બેબાકળી બનેલી જોઈ તેણીને એવી દશા પ્રાપ્ત થવાનું કારણ પૂછ્યું; દુઃખીયારી સીતાજીએ ગદ્ગદિત કંઠથી તમામ હકીકત કહી સંભળાવી. એ સાંભળી નિરાધાર થઈ પડેલી અબળાનો તેમજ નિરપરાધી ગર્ભનો બચાવ કરવા તે વજ્રજંઘ તેણીને પોતાની ધર્મબહેન ગણી, પોતાને ત્યાં આવવા કહ્યું. શાણી સીતાએ તેના સંભાષણ અને આકૃતિ વગેરે ઉપરથી તેને શુદ્ધ અંતઃકરણવાળો જાણી તેની સાથે જવાની હા પાડી; જેથી વજ્રજંઘ આદરસહિત પોતાને ત્યાં તેણીને તેડી ગયો. સીતાજીના જીવને જેમ સારૂં લાગે અને નિશ્ચિંતપણું રહે તેવો સર્વ બંદોબસ્ત કરી દાસીઓ સહિત સુંદર સ્થળમાં રાખી. આ રીતે સીતાજી સુખપૂર્વક પોતાના વિપત્તિના દિવસો વ્યતીત કરવા લાગ્યા.

હવે સેનાપતિ જ્યારે અયોધ્યા પહોંચ્યો ત્યારે વનમાં સીતાજીનાં નિર્મળ સ્નેહ સંબંધી જોયેલો હૃદયદ્રાવક બનાવ સઘળો રઘુવીરના આગળ કહી તે આંખ વહેવરાવતો સન્મુખ ઉભો રહ્યો. સેનાપતિનાં વચન અને તેની દશા જોઇ રઘુનંદનને પણ પોતાની પ્રેમાળ પત્નિ માટે લોકાપવાદથી ગુજારેલા ગજબને લીધે બહુ જ લાગી આવતાં, તેમનું હૃદય ભરાઈ આવ્યું. વિશુદ્ધ ધર્મપત્નિના વિયોગથી વ્યાકુલ બની તેણીને પાછી બોલાવી લાવવા અત્યાતુર બની રામચંદ્ર તે સેનાપતિને સાથે લઇ જ્યાં સીતાને છોડી હતી ત્યાં પહોંચ્યા, અને તેણીની તે રૌરવનમાં ઘણીએ શોધ કરી; છતાં પત્તો લાગ્યો નહી, જેથી એ અનુમાન કરવા લાગ્યા કે-" તે બિચારી અબળાને કોઈ

ઘાતકી જીવે ફાડી ખાધી હશે ! નહિ તો પત્તો કેમ ન લાગે ? હાય ! મેં પણ નાહક સતી સ્ત્રીનો અને ગર્ભમાંના નિર્દોષ બાળકનો નાશ કરાવ્યો; પરંતુ હવે વ્યર્થ શોચ કરવો એ શું કામ આવે ? 'રાંડયા પછી ડહાપણ આવે' એ શું કામનું ? એ બધી બાબતોનો પહેલેથી જ વિચાર કરવો યોગ્ય હતો, હવે તો જે કંઈ પશ્ચાતાપ કરવામાં આવે તે કેવળ પોતાની બેવકુફાઇને જાહેરમાં લાવવાનો જ યત્ન ગણાય. ખેર બન્યું તે ખરૂં !' નિરાશા સહિત તેમણે અયોધ્યાનો માર્ગ લીધો.

અહીં વજ્રજંઘને ઘેર રહેલી સીતાએ ગર્ભમર્યાદા પૂર્ણ થતાં સુંદર પુત્રનું જોડલું પ્રસવ્યું. વજ્રજંઘરાજાએ તે પુત્રોનો જન્મોત્સવ કરી એકનું નામ **લવ** અને બીજાનું નામ **કુશ** રાખ્યું. અનુક્રમે તે બન્ને રઘુવંશી રાજકુમારો મોટા થયા એટલે તેમને સારા શિક્ષકદ્વારા શાસ્ત્ર અને શસ્ત્ર વિદ્યાનો ઉત્તમ પ્રકારે અભ્યાસ કરાવ્યો, તેથી વિદ્યા અને વીરતામાં તેઓએ કુશળતા સંપાદન કરી. જ્યારે યૌવન અવસ્થા પ્રાપ્ત થઈ ત્યારે વજ્રજંઘે લવને પોતાની શશિકળા નામની કુંવરી પરણાવી, તેમજ બીજી પણ તેને બત્રીસ રાજકન્યાઓ સાથે પાણી-ગ્રહણ કરાવ્યું. અને કુશને માટે વજ્રજંઘે પૃથુરાજની કન્યાનું માગું કર્યું; પરંતુ પૃથુરાજે તે કુંવરના કુળ વંશ વગેરે ન જાણવાના લીધે કુશને પોતાની કન્યા આપવા ચોખી ના કહી. આથી વજ્રજંઘે પોતાનું અપમાન થયું માની લવકુશને સાથે લઇ પૃથુરાજના શહેરને ઘેરી લીધું. પૃથુરાજ પણ વીરનર હોવાથી કોટ કિલ્લાનો આશ્રય છોડી મેદાનમાં યુદ્ધ કરવા ઉતરી આવ્યો, અને પુરજોસ સાથે પરચક્રને હંફાવવા આગળ વધ્યો; પરંતુ લવ ને કુશના બાણોનો અસહ્ય મારો ચાલુ રહેતાં પૃથુરાજનું લશ્કર લડાઈના મેદાનમાં ટકવાજ પામ્યું નહી, અને જેમ જેને નાસતાં ફાવ્યું તેમ નાશી પોતપોતાનો જીવ બચાવવા લાગ્યું. પૃથુરાજ પોતાનો જીવ બચાવવા માટે યત્ન કરતો હતો એટલામાં તો લવ કુશે આવી તેને ઘેરી લીધો અને તેઓ તેને

કહેવા લાગ્યા કે—" મહિપતિ ? અમારા સરખા કુલ વંશ વગરનાઓને જોઈ તમારા સરખા વિભૂષણુવંત કેમ રણમાં ઉતરી જાન ખચાવવાની તક ખોળે છે ? જરા અમારૂં પરાક્રમ તો જુઓ કે એ ઉપરથી કુળ–વંશની પણ કાંઈક પિછાન પડશે." મર્મ વચન સાંભળી પૃથુરાજના હાજા ગગડી ગયા અને તરત માન મૂકી વજ્રજંઘની સાથે સુલેહ કરી તે બોલ્યો કે—" આ બન્ને વીરોનાં કામ જ એમના કુળવંશને ઓળખાવી દે છે; માટે હવે મને કન્યા આપવામાં કશો વાંધો રહ્યો નથી "

આ વેળાએ આકાશમાર્ગે નારદ મુનિ ઉતરી આવ્યા. એટલે તરત વજ્રજંઘે તેમને વંદના કરી અને આસન ઉપર બેસાડી કહ્યું કે—" આ લવ અને કુશ કોના કુળદીપક કુમાર છે તે આપ પ્રકાશ કરી આ પૃથુરાજને ઓળખાવો."

નારદજીએ કહ્યું—" જેણે અચળ ન્યાયને દીપાવવા લોકાપવાદના ડરથી પોતાની વિવાહિતા શીયળવતી પત્નીને સગર્ભા છતાં તજી દીધી છે, તે ન્યાય–શિરોમણિ રઘુવંશી રામચંદ્રના આ કેશરી કુમાર છે."

કુશ કુમારે નારદજીને પૂછ્યું—"ઋષિવરજી ! શ્રીરામે વગર તપાસે આમ કર્યું એ શું રઘુવંશને છાજતું કામ થયું છે ?" એટલામાં તો લવ બોલી ઉઠયો કે "મુનિવર્ય ! એ અયોધ્યા અહીંથી કેટલી દૂર છે ?" નારદજીએ કહ્યું—" અયોધ્યા અહીંથી છસો યોજન દૂર છે." એ બધી હકીકતથી વાકેફ થતાં અતિ આનંદ પામી નરવીર પૃથુરાજે વિમળવંશી કુશને પોતાની કનકમાળા કન્યા પરણાવી. આમ થતાં વજ્રજંઘની ધારણા પાર પડી. એટલે તે હર્ષ પામી બન્ને કુમારો સહિત પોતાના શહેર ભણી વિદાય થયો, ને પોતાને વતન જઈ પહોંચ્યો.

થોડો વખત વીત્યા પછી વજ્રજંઘની અને માતા જાનકીની પરવાનગી મેળવી વીણી કહાડેલા લડવૈયાઓ સાથે લવ અને કુશે અયોધ્યા તરફ જવાની તૈયારી કરી, માતુશ્રીને અને વજ્રજંઘરાજાને

પણ પોતાની સાથે લઇ સુમુહુર્તે અયોધ્યા ભણી પ્રયાણ કર્યું. અયોધ્યાની નજીક જઇ પહોંચતાં, દૂત મારફત રામ પાસે યુદ્ધની માગણી કરી. દૂતનાં વચન સાંભળતાં જ રામ લક્ષ્મણ કોપયુક્ત બની લશ્કર તૈયાર કરી રણક્ષેત્રમાં પરચક્રની સ્હામે જીત મેળવવા તૈયાર થયા.

બન્ને લશ્કર વચ્ચે ભારે જંગ જામ્યો અને કેટલોક વખત લગી તો કોની જીત થશે એવો ખ્યાલ બાંધવો પણ મુશ્કેલ થઈ પડ્યો! પરંતુ કંઈક વખત જતા લવ, કુશે અદ્‌ભુત પરાક્રમ બતાવી રામ લક્ષ્મણના લશ્કરની ભારે ખરાબી કરી. લડવૈયાઓ ઉભી પુંછડીએ જીવ લઇ નાસવા લાગ્યા. રહી ગયા તેઓએ પોતાની દીનતા દેખાડી જાન બચાવ્યો.

રામ લક્ષ્મણે પોતાના લશ્કરની આ દશા જોઈ અત્યંત વિસ્મય પામી વિચાર્યું કે—"અત્યાર સુધી કોઈ યુદ્ધમાં લશ્કરની આવી દશા થઈ નથી, છતાં આજે પૂર્વે મેળવેલી કીર્તિને ઝાંખપ લગાડનાર બનાવ બન્યો! ભલે ગમે તેમ હોય, પણ પુરૂષાર્થમાં ખામી બતાવવી નહીં." ઇત્યાદિ વિચારી વાસુદેવ લક્ષ્મણે કોપયુક્ત કુશ ઉપર ચક્ર ચલાવ્યું, તો તે કુશને પ્રદક્ષિણા દઈ પાછું આવ્યું. એ જોઈ રામ લક્ષ્મણ ખેદ અને આશ્ચર્યયુક્ત બની વિચારવા લાગ્યા કે—"શું નવીન બળદેવ ને વાસુદેવ પેદા થયા છે કે ચક્ર પણ જેને કશું કરી શકતું નથી! ત્યારે હવે શું કરવું? શું છેવટ અજીત બિરુદને ઝાંખપ લાગશે? આથી તો રણમાં મરી અમર કીર્તિ મેળવવી એજ ઉત્તમ છે." વિગેરે સંકલ્પ વિકલ્પ કરતા હતા, તેવામાં મુનિ નારદ ત્યાં આવી પહોંચ્યા. રામ લક્ષ્મણને ઉદાસ થયેલા જોઇ હસીને બોલ્યા—"અરે હર્ષિત થવાને બદલે તમે શોકવંત કેમ બન્યા છો? પુત્ર અને શિષ્યની આગળ હાર ખાવી એ તો અત્યંત આનંદની વાત કહેવાય; આજે તમારી સાથે લડી રહ્યા છે તે વીર કુમારો સતી સીતાની કુંખથી ઉત્પન્ન થયેલ રઘુકુળદીપક છે, અને તેઓ યુદ્ધના બહાનેથી ભાનુકુળનું પાણી બતાવી તમો ભાનુવંશ ભાસ્કરને ભેટવા ચાહે છે.

ચક્રે પણ પ્રતીતિ આપી છે કે એ સ્વગોત્રી છે; કેમકે સ્વગોત્રી ઉપર ચક્ર ચાલી શકતું નથી, માટે અતિ ઉમંગે પુત્રોને ભેટી મનના સર્વ સંતાપને દૂર કરી આનંદી બનો!'

નારદજીનો આ પ્રમાણે ખુલાસો સાંભળી હર્ષ ઘેલા બની રામ પોતાના વ્હાલા પુત્રોને નિહાળવા આતુર થયા, એટલામાં તો વિનયવંત વીરપુત્રો પણ પોતાના પૂજ્ય પિતા અને કાકાને ભેટવા સ્નેહ સહિત સન્મુખ આવ્યા અને અતિ આનંદથી પગે લાગી વિનયયુક્ત ઉભા રહ્યા. એ જોઈ રામ લક્ષ્મણે હર્ષાશ્રુ સહિત વીર કુમારોને પ્રેમાલિંગન આપી તન મનના તાપ શાંત કર્યા. આ ખબરથી બન્ને લશ્કરોની અંદર હર્ષ છવાઈ ગયો અને સર્વત્ર જયનાદ પ્રસર્યો.

તે પછી લવ, કુશને સાથે લઈ રામ અયોધ્યા ગયા; સુગ્રીવ, વિભીષણ અને લક્ષ્મણ રામની આજ્ઞાથી વજ્રજંઘ રાજાની પાસે જઈ કહેવા લાગ્યા કે-" અમો જાનકીજીને લઈ જવા ચાહિયે છીયે જેથી આપ એમને લઈ અયોધ્યામાં પધારી અમો સર્વને આભારી કરો." એટલું બોલી લક્ષ્મણે સીતાજીને નમન કરી કહ્યું-" માતાજી! આપ અયોધ્યાને પાવન કરવા પધારો, એટલે અમારા આનંદમાં વૃદ્ધિ થાય."

સીતાએ કહ્યું-" વ્હાલા બંધુ! હું નિષ્કલંકી થયા સિવાય અયોધ્યામાં શી રીતે પ્રવેશ કરી શકું? મેં જ્વાળાવાળા અગ્નિમાં પ્રવેશ કરવો, અગ્નિ પીવો, કકડાવેલા તેલમાંથી વીંટી કહાડી લેવી, તોળાવું અને જીભવડે ફળ ગ્રહણ કરવું-એ પાંચ દિવ્ય કરવાનો નિયમ લીધો છે; માટે તે પ્રયોગો કર્યા પછી શુદ્ધ થઇ અયોધ્યામાં આવીશ."

જાનકીજીનું આવું બોલવું સાંભળી એ હકીકત લક્ષ્મણે રામચંદ્રને જાહેર કરી, એટલે રામે જાતે સીતાની પાસે જઈ નીચાં નેત્ર ઢાળી પ્રિયા પ્રત્યે કહ્યું-" દેવી! તમો સતી છો એવી મને પૂર્ણ પ્રતીતિ છે જ. માટે શંકા છોડી દઈ હવે તુરત નગર પ્રવેશ કરો."

મર્યાદાપૂર્વક પ્રણામ કરી સીતાએ વિનય સહિત કહ્યું કે-" હે સ્વામિનાથ! હું કલંકિતને પંચ દિવ્ય વડે શુદ્ધ થયા પછી જ પુરમાં

પ્રવેશ કરાવવો ઉચિત છે, કે જેથી પછી અપવાદનું કારણ જ નિર્મૂલ થઈ જાય. ”

પ્રાણેશ્વરીની પંચ દિવ્યવડે શુદ્ધ થવાની ઈચ્છા જાણી રામે એક યોજનના માપની ખાઈ ખોદાવી અને તેની અંદર ખેરના અંગારા ભરાવી દીધા. ત્યારપછી સતી સીતા તે ધગધગતી ખાઈ પાસે આવી ઉભી રહી, અને સર્વજનો સમક્ષ અગ્નિ પ્રત્યે કહેવા લાગી કે– “ હે અગ્નિદેવ ? જો મેં સ્વપ્નમાં જરા પણ મારૂં પતિવ્રતપણું ખંડિત કર્યું હોય , અથવા તો પરપુરૂષની સ્વપ્નમાં પણ ચિંતવના કરી હોય, તો તું મને બાળી ભસ્મ કરજે; અને જો મન, વચન, તથા કાયાથી નિર્મળપણે શીયળ પાળ્યું હોય તો તું શીતળ થઇ જજે. ” એમ કહી નવકારમંત્રનું સ્મરણ કરતી નિર્ભયપણે પુરજનો અને પરિજનોની મળેલી મેદનીની સમક્ષ ખેરના ધગધગતા અંગારાની ભરી ખાઈની ઉપર ચાલવા લાગી, ત્યાં તો ધગધગતા અંગારાના બદલે નિર્મળ શીતળ જળ થઈ ગયું, જેથી આનંદ પૂર્વક ખાઇની પેલી પાર જઈ પહોંચી! એ જોતાં જ લોકોએ જયનાદ કરી પૃથ્વી ગજાવી દીધી. દેવોએ દેવતાઈ વાજીંત્રોના ધ્વનીવડે આકાશને ગજાવી મુક્યું; એ નાદથી સમાધિસ્થોની સમાધી છુટી જતાં નાદનું કારણ જાણી તેઓ પણ અતિ આનંદ સહિત સતી શિરોમણી સતીની અતિ પ્રશંસા કરવા લાગ્યા.

આ બનાવ જોઇ રામચંદ્રજી જનસમાજ સમક્ષ પશ્ચાતાપ કરવા લાગ્યા કે–“ મેં આવી સતી સ્ત્રીને નાહક પ્રાણઘાતક સંકટમાં સપડાવી દીધી હતી, એ કાર્ય લોકાપવાદના ભયે આચર્યું હતું; સત્યાસત્યની પૂરતી તપાસ કર્યા વિના મારા અવિચારી કાર્ય માટે હવે મને ખેદ થાય છે; સતી સંતાપના પાપથી હું શી રીતે છૂટી શકીશ ?”

પતિને પશ્ચાતાપમાં ગરકાવ થયેલા જોઈ સતી સીતા બોલી:–હે નાથ? આપે મને બિલકુલ સંતાપી નથી; પણ આ અગ્નિમાંથી, મારા મનમંદિરમાં વસેલા આપે જ મને બચાવી સો ટચના સોનાની

પેઠે અંકિત કરી છે. જેમ અગ્નિથી શુદ્ધ થઈ સોનાની કિંમત અંકાય છે, તેમ અગ્નિ સંયોગવડે મારી પવિત્રતાની ખાત્રી થઈ છે. જો આપે મને વનવાસ ન કરાવ્યો હોત, તો આ સંસ્કારથી હું બેનસીબ રહી હોત, જગતમાં જાહેર ન થાત. માટે જે થયું છે તે સારું જ થયું છે અને એ સારું કરનાર આપ જ છો, જેથી આપને શોક કરવાનું કશું કારણ નથી.

આ પ્રમાણે પતિ–પત્નિનાં વચનો સાંભળી મળેલો જનસમાજ પણ એકે અવાજે કહેવા લાગ્યો કે–" જુઠા આરોપને લીધે સીતા માતાએ પોતાના પ્રાણની અગ્નિને આહુતિ આપી, પણ અગ્નિએ એમના સત્યશીલને જગ જાહેર કરવા પાણી રુપ બની એમને ઉગારી લીધાં–એ જ એમના સતીત્વની સાબિતી છે. આખર સત્યનો જ જય થાય છે એમાં કશો શક નથી. "

આ પ્રમાણે શીલના પ્રભાવની પ્રશંસા થઇ રહી છે, એટલામાં તો એજ સ્થળે ચાર જ્ઞાન ધરાવનારા શ્રી શીલચંદ્રસૂરિજીનું પધારવું થયું. ગુરુને પધારેલા જોઈ રામ સહિત તમામ જનોએ વિનય સહ ગુરુવંદન વિધિ સાચવી. ગુરુને વાંદી ધર્મોપદેશ સાંભળવાની ઈચ્છા જાહેર કરી. એથી ધર્મગુરુએ વિશેષ લાભ જાણી સર્વ જીવોને ધર્મ વચન સંભળાવ્યાં; અને તે અસરકારક બોધવચન સાંભળી શ્રોતાજનો પૈકી કેટલાક પ્રતિબોધ પામ્યા.

જ્ઞાની ગુરુની વાણી સાંભળી સર્વજનો પોતપોતાથી પળાઇ શકાય તેવાં વ્રત પચ્ચખ્ખાણ ઉચ્ચારી, પોતપોતાને સ્થાનકે ગયાં. એ વાણીની સચોટ અસર થવાથી રામચંદ્ર અને સીતા વિશેષ પ્રકારે ધર્મકાર્યમાં લીન રહેવા લાગ્યાં.

કેટલોક વખત વીત્યા પછી સતી સીતાએ પૂર્ણ વૈરાગ્ય પ્રાપ્તિને યોગે સંસારના ક્ષણિક સુખને છોડી દઈ અચળ સુખદાતા સંયમ ગ્રહણ કર્યું, અને શુદ્ધ પ્રકારે પરમાત્માની આજ્ઞા પ્રમાણે સંયમ પાળી આયુના અંતે અચ્યુત નામના બારમા દેવલોકમાં ઇંદ્રની પદવી પ્રાપ્ત કરી.

卐

# ૯. સુભદ્રાની કથા

વસંતપુર નામના નગરને વિશે રાજ્ય કરતા જિતશત્રુ રાજાને જિનદાસ નામનો શ્રેષ્ઠી પ્રધાન હતો. આ પ્રધાનને તત્ત્વમાલિની નામની પત્ની અને સુભદ્રા નામની પુત્રી હતાં. એ શ્રેષ્ઠી પોતાની પુત્રીને કોઇ જૈનધર્મી વરને આપવા ઇચ્છતો હતો. એકદા ચંપા નગરીથી બુદ્ધધર્મી બુદ્ધદાસ નામનો વ્યાપારી ત્યાં આવ્યો, તેણે રુપમાં દેવાંગનાને જીતનારી એવી એ શ્રેષ્ઠી પુત્રીને જોઈ; તેથી તેણે કોઇને "એ કોની પુત્રી છે?" એમ પૂછ્યું. તેને ઉત્તર મળ્યો કે, "એનો પિતા શ્રેષ્ઠી એને કોઈ જૈનધર્મી વરને જ આપવા ઇચ્છે છે." એ સાંભળીને બુદ્ધદાસે વિચાર્યું કે, "જૈનધર્મી થઇને પણ કોઈ રીતે એને પ્રાપ્ત કરવી. તે માટે જૈનધર્મ સંબંધી શાસ્ત્રો ભણીને તથા તેજ ધર્મના ક્રિયા કાંડમાં કુશળ બનીને એના પિતા પાસેથી મ્હારે એને લેવી," એમ વિચારી તેણે કોઈ જૈનસાધુ પાસે જઇ શ્રાવક ધર્મની સમાચારી શીખી લીધી. પછી તો તે શ્રાવક જેવો બની નિરંતર સામાયિક પ્રતિક્રમણ કરે. તથા ઉપાશ્રયમાં સાધુ પાસે ધર્મ શ્રવણ કરવા પણ જાય. આવા સુશ્રાવકને દેખીને પેલા શ્રેષ્ઠી જિનદાસે બુદ્ધદાસને પોતાને ઘેર બોલાવી જમાડયો અને પછી કહ્યું: "આ મ્હારી એકની એક કન્યા છે ને આપ તો ગુણજ્ઞ છો, માટે જો આપ એને ગ્રહણ કરો તો લક્ષ્મી અને કૃષ્ણના સંબંધ સરખો, તથા શશી અને રોહિણીના સંબંધ સમાન એ સંબંધ થાય." બુદ્ધદાસે હા કહી એટલે મહોત્સવપૂર્વક જિનદાસે પોતાની પુત્રીનું તેની સાથે પાણિગ્રહણ કરાવ્યું. પછી બુદ્ધદાસ પોતાના વ્યાપારમાં

બહુ દ્રવ્ય ઉપાર્જન કરી, સાસુ સસરાની આજ્ઞા માગી, સુભદ્રાને લઈને પોતાને નગર જઈ માતા પિતાને નમ્યો. તેમણે એ જોઈ મોટો મહોત્સવ કર્યો. સુભદ્રાએ પણ સાસુ અને સસરાનો વિનય કર્યો.

પછી સુભદ્રા વળતે દિવસે પ્રભાતે ઉઠીને જૈનમુનિના દર્શન કરી ઘેર આવી એટલે સાસુએ કહ્યું, "હે વત્સે? આપણા ઘરમાં બુદ્ધ એ જ દેવ છે; તેનું જ તમારે આરાધન કરવું. તમારે અન્યત્ર ક્યાંય પણ જવું નહીં." સુભદ્રાએ વિચાર્યું "ઓહો! હું તો ઠગાણી! મારા ભર્તારે મને કપટબાજીથી ગ્રહણ કરી છે. આ લોકો તો બૌદ્ધ છે. હવે શું કરવું? જે થવાનું હોય તે થાઓ. મ્હારે તો જે મ્હારૂં હિતકારક હોય તે જ આચરવાનું છે. બહુ બોલો માણસ કાંઈ પણ કરી શકતો નથી અને સર્વ લોકોને સંતોષ આપી શકાય એવો કોઈ છે જ નહીં." એમ જાણી તે તો નિરંતર પોતાના નિત્ય નિયમ પ્રમાણે સંતદર્શને જતી. પણ સાસુ તે જોઇને મનમાં આવે તેમ બોલતી. તેણીએ તેણીને જૂદે ઘેર રાખી; ત્યાં પણ સુભદ્રા તો જૈન સાધુનાં દર્શન કરતી અને તેમને નિર્દોષ આહારપાણી વહોરાવતી. ક્ષણમાત્ર પણ પોતાના ધર્મથી ચૂકતી નહીં.

એકદા માસખમણના પારણાના અર્થી કોઇ સાધુ સુભદ્રાને ઘેર વહોરવા આવ્યા. તેમને વહોરાવતાં તેણીએ તેમની ચક્ષુને વિષે કંઇ તૃણ પડેલું જોયું; તેથી તેણીએ વિચાર્યું. "જો એ એમની આંખમાં વધારે કાળ રહેશે તો આંખો ખોઇ બેસશે." એમ ધારી તેણીએ યત્નપૂર્વક મુનિની આંખમાંથી જિહ્વાવડે તૃણ કાઢી લીધું. એટલે તેણીના કપાળમાં જે તાજું તિલક હતું, તે યતિના કપાળમાં પણ પડયું. એની તેણીની સાસુને ખબર પડી, તેથી તેણીએ તો બુદ્ધદાસને કહ્યું. "ત્હારી સ્ત્રીના ચરિત્ર જો. એ આ સાધુને વિષે લુબ્ધ છે." એટલામાં તો સર્વ કુટુંબ મળ્યું, તેમણે વહુનું ચેષ્ટિત જોઇને કહ્યું. "એ વહુ પોતાના છંદમાં આવે તેમ વર્તનારી કુશીળા છે.

એ આપણા કુળને કલંકિત કરશે. એ આપણા ઘરને યોગ્ય નથી." એ સાંભળીને બુદ્ધદાસ સુભદ્રા ઉપર વિરક્ત થયો, પણ સુભદ્રા વિચારવા લાગી. મેં તો રૂડું કર્યું છે; છતાં કુટુંબી જન અવળું બોલે છે તો મ્હારે હવે શું કરવું ?" વિચાર કરીને કાયોત્સર્ગ ધ્યાને રહી કે, "જ્યાં સુધી શાસનદેવી મને આ કલંકથી મુક્ત ન કરે, ત્યાં સુધી આ મ્હારૂં ધ્યાન મૂકીશ નહીં." આવા તેના સાત્વિક ભાવથી શાસનદેવી પ્રકટ થઈને બોલી. "હે સુભદ્રા ? ત્હારો કાઉસગ્ગ પૂરો કર." તે ઉપરથી કાઉસગ્ગ પૂરો કરી સુભદ્રા બોલી. "હે દેવી ! મ્હારૂં કલંક નિવારો." "પ્રભાતે તું એથી મુક્ત થઈશ. હું આકાશને વિષે રહીને બોલું તે પ્રમાણે ત્હારે કરવું." એમ કહીને દેવી અંતર્ધાન થઈ, એટલે સુભદ્રા હર્ષ પામી.

હવે પ્રભાતને વિષે દ્વારપાળો જેવા નગરના દરવાજા ઉઘાડવા જાય છે, તો દરવાજા લેશ માત્ર પણ હાલતા નથી. તે વાતની ખબર રાજાને પડવાથી રાજા પણ ત્યાં આવ્યો. તેણે પ્રયત્ન કર્યો, તે પણ વૃથા. સર્વ લોકો વ્યાકુળ થયા; રાજા પણ ખેદ કરવા લાગ્યો. શાંતિ-કાર્ય કર્યાં તોયે કંઈ થયું નહીં; એટલે શાસનદેવીએ અંતરીક્ષમાં રહીને કહ્યું. "જે સતી સ્ત્રી હોય તેણે કાચે તાંતણે કૂવામાંથી ચાલણી વડે જળ કાઢીને તે કમાડને છાંટવું એટલે તે ઉઘડશે." તે ઉપરથી રાજાએ પટહ વજડાવ્યો કે, "જે સ્ત્રી એ પ્રમાણે કરી દરવાજા ઉઘડાવશે, તેણીને બહુ સન્માન આપવામાં આવશે," તે સાંભળી બહુ બહુ સ્ત્રીઓ જળ કાઢવા આવવા લાગી, પણ જળ તો ચાલણીમાંથી ગળી જવાથી તેણીઓ વિલક્ષણ થઈને જતી રહેવા લાગી. રાજાએ ચિંતા કરવા માંડી; એટલામાં સુભદ્રાએ પોતાની સાસુને કહ્યું. "જો તમારી ઈચ્છા હોય તો હું જઈને દરવાજા ઉઘાડું."

તે સાંભળી સાસુએ કહ્યું. "એકવાર તો તેં કૂળને કલંકિત કર્યું છે; હવે ત્હારે (વધારે) શું કરવું છે ?" પણ વહુએ વિનય

સહિત કહ્યું. "હે માત! આપે જે કહ્યું તે પ્રમાણ છે. પણ હું આકાશી દેવને પૂછું ને જો તે પ્રત્યુત્તરમાં "હા" કહે તો ઉઘાડવા જઉં." એમ કહીને તેણીએ પ્રશ્ન કર્યો, તેના ઉત્તરમાં "ઉઘાડ" એમ સાંભળીને તેણીએ પટહનો સ્પર્શ કર્યો. પછી હજારો માણસો અને સ્ત્રીઓની વચ્ચે શીયળગુણથી શોભતી એવી સુભદ્રાએ શાસનદેવીના પ્રભાવથી કૂવામાંથી કાચે તાંતણે ચાલણી વડે જળ કાઢયું ને તે નગરના દ્વારને છાંટ્યું એટલે તત્ક્ષણ તે દ્વાર ઉઘડી ગયું! આ પ્રમાણે કરીને તે મહાસતીએ ત્રણ પોળના દ્વાર તો ઉઘાડ્યાં. એટલે શાસનદેવીએ કહ્યું. "હવે જે કોઈ એવી બીજી સતી સ્ત્રી હોય, તે એ ચોથી પોળના દ્વાર ઉઘાડે." પણ કોઈ તે ઉઘાડી શકી નહીં. તે હજુ એ પ્રમાણે બંધજ છે. પછી દેવીએ કહ્યું. "જે કોઈ એ સતી સુભદ્રાનું વિરુદ્ધ ચિંતવન કરશે, તેને હું શિક્ષા કરીશ." એ સાંભળી મહિપતિ આદિ તમામ લોકોએ ચમત્કાર પામી જૈન ધર્મ ગ્રહણ કર્યો. સાસુએ પણ ઉભા થઈને વહુની ક્ષમા માગી. ત્યારથી તેણીનું સર્વ કુટુંબ જૈનધર્મી થયું. અનુક્રમે સુભદ્રા ગુરુ પાસે દીક્ષા લઈ સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષે ગઈ.

卐

# ૧૦. શિવા સતી

ઉજ્જયિની નગરીને વિષે ચંડપ્રદ્યોતન રાજા ન્યાયમાર્ગે રાજ્ય કરતો હતો. એકદા તે રાજસભાને વિષે બેઠો હતો, ત્યાં એક દુત આવ્યો. તેણે અંજળિ જોડીને રાજાને પ્રણામ કર્યા. રાજાએ પૂછ્યું. "તું કોણ છે ? અને શા માટે આવ્યો છે ?" તેણે કહ્યું. "વિશાળા નગરીને વિષે ચેટક રાજા રાજ્ય કરે છે, તેની શિવા નામે પુત્રી દેવકન્યા જેવી છે અને ચોસઠ કળામાં પ્રવીણ છે, તે પુત્રીને ચેટક રાજા તમારે વેરે આપવાનું ધારે છે; જો તમારી રુચિ હોય તો તમેજ એને પરણો, અન્યથા તે તેણીને અન્ય ભૂપતિને દેશે." તે સાંભળી ચંડપ્રદ્યોતન રાજાએ કહ્યું. "ચેટક રાજાએ કહેવરાવ્યું છે, તે પ્રમાણ જ છે," એમ તેણે હા કહી, તેથી ચેટક રાજાએ પોતાની શિવા પુત્રીને મહોત્સવ પૂર્વક ચંડપ્રદ્યોતનની સાથે પરણાવી.

એ શિવા રાણી એકદા શ્રી વીર ભગવાન પાસે ધર્મોપદેશ શ્રવણ કરવા ગઈ, ત્યાં તેણીએ જૈન ધર્મ અંગીકાર કર્યો. કોઈ એક દેવતાએ તેને શિયળથી ચળિત કરવાનો પ્રયાસ કર્યો હતો, પણ તે મહાસતી પોતાના વ્રતમાં દઢ રહી હતી. એ નગરને વિષે નિરંતર અગ્નિનો ઉપદ્રવ થયા કરતો હતો; ઘણા ઘણા ઉપચાર કરવામાં આવતા પણ વૃથા. એમ રાત્રી દિવસ નગરને તે અગ્નિ પ્રજવાળતો હતો. એકદા રાજાએ બુદ્ધિના ભંડાર એવા અભયકુમાર મંત્રીશ્વરને મહા પ્રયાસે ત્યાં આણ્યો, ને "અગ્નિ શમતી નથી એનું શું કરવું ?" એમ પૂછ્યું. મંત્રીશ્વરે ઉત્તર આપ્યો. "જો શીયળવતી નારી પોતે અહિં આવીને સર્વ ઘર ઉપર નીર છાંટે, તો એ અગ્નિ ઝટ શાંત થાય."

તે ઉપરથી બહુ બહુ સ્ત્રીઓ ત્યાં આવીને જળ છાંટી ગઇ, પણ વૃથા. જ્યારે શિવા સતિએ પોતે આવીને સર્વ સ્થળે જળ છાંટયું ત્યારે તત્કાળ અગ્નિ શમી ગયો. તે વખતે સર્વ લોકોએ ઉદ્‌ઘોષણા કરી કે, "આ શિવા મહાસતી છે." કહ્યું છે કે–" જે પુરુષો પરસ્ત્રીઓના રૂપને દેખીને પણ વૃષભ સરખા ધીર થાય છે, તો તે કેમ વંદનીક ન હોય ?" એમ રાજા તથા લોકો કહેવા લાગ્યા: વળી દેવ, દાનવ, ગંધર્વ, યક્ષ, અને કિન્નર પ્રમુખ પણ, દુષ્કર કાર્ય કરનાર એવા બ્રહ્મચારીને નમસ્કાર કરે છે. શિયળ મનુષ્યોના કુળને ઉન્નતિ કરવાવાળું, પરમ ભૂષણ રૂપ, કયારે પણ નાશ નહિ પામનારૂં, આશ્ચર્યકારી, પવિત્ર સદ્‌ગતિદાયક, દુર્ગતિનો નાશ કરનારુ, પવિત્ર એવા મ્હોટા યશને આપનારૂં, ઉત્કૃષ્ટ એવા મોક્ષનું કારણ અને કલ્પવૃક્ષ રૂપ છે. અનુક્રમે તેણીએ (શીવા સતીએ) શ્રી વીર પ્રભુ પાસે દીક્ષા લીધી, ને નાના પ્રકારની તપશ્ચર્યાથી કર્મ ક્ષય કરી મોક્ષ પ્રાપ્ત કર્યો.

卐

# ૧૧ કુંતાજીની કથા

**મથુરાની** અંદર પ્રતાપી ભોજકવૃષ્ણિ રાજા રાજ્ય કરતો હતો, તેને ઉગ્રસેન નામનો પુત્ર થયો. શૌર્યપુરની અંદર અંધકવૃષ્ણિ રાજા રાજ્ય કરતો હતો, તેની સુભદ્રા રાણીની કુખથી દશ દશાર્હ એટલે સમુદ્રવિજય, અક્ષોભ, સ્તિમિત, સાગર, હિમવાન્, અચળ, ધરણ, પૂરણ, અભિચંદ્ર, અને વસુદેવ એ દશ પુત્ર પેદા થયા, અને તે વિષ્ણુના દશે અવતારની પેઠે લક્ષણ અને ગુણથી સમાન તેમજ પરાક્રમી હતા. એ દશ ભાઇઓને રૂપમાં કામદેવની સ્ત્રી રતિનું પણ અભિમાન ઉતારે એવી કુંતી અને માદ્રી નામની બે બહેનો હતી.

એક વખત હસ્તીનાપુરનો (દિલ્હીનો) રાજા પાંડુ મહા સ્વરૂપવંત અને પ્રૌઢ પ્રતાપી હતો, તે શિકાર ખેલવાને માટે ગાઢ વનમાં ગયો હતો, ત્યાં મોગરાના ફુલનો હાર પહેરી ફરતો પાંડુરાજા (આમ્રવૃક્ષ) માકંદ વૃક્ષને જોઈ મદયુક્ત થયો, નારંગીના વૃક્ષને જોઈ આનંદ પામ્યો, કામદેવના દીવા સરખા ચંપાના ઝાડ જોઈ અતિ રાજી થયો, બોલસીરીની પુષ્પકળીઓથી આકુળ અને અશોકવૃક્ષને જોઇ શોક રહિત થયો. તે ફરતો ફરતો એક આંબાના ઝાડની પાસે જઇ પહોંચ્યો. ત્યાં એક પુરૂષ ચિત્રેલું એક ચિત્ર જોતો હતો. તેણે પાંડુ રાજાને પોતાની નજીક આવેલા જાણી તે પટ્ટ ઉપર આળેખેલું ચિત્ર ઢાંકવા માંડયું. એટલામાં રાજાએ પૂછ્યું—"એ પટ્ટ ઉપર શું આળેખેલું છે?" તે પુરૂષે ઉત્તર આપ્યો કે "એક સ્ત્રીનું ચિત્ર આળેખેલું છે." એમ કહી તે ચિત્ર રાજાને દેખાડયું. રાજાએ તે અદ્દભુત સ્ત્રીની

છબીને નિહાળી માથું ધુણાવી વિચાર્યુ–"અહા! શું એનું સૌંદર્ય! શું એનો સ્વાભાવિક કાંતિસમૂહ! ખરેજ આ સુંદરી ઉપમેય યોગ્ય કોઈ સાદશ વસ્તુજ નથી તો તેણીને શાની ઉપમા આપું? માટેજ એ અનુપમેય અંગના છે, અને તેથી ખચિત તે અલૌકિક સુંદરીનો જે પતિ થશે તે વિશેષ ધન્યવાદને પાત્ર થશે." ઈત્યાદિ તેણીના ગુણાનુવાદ વિચારી તે પુરુષને પૂછ્યું–"આ કોની છબી છે?" ચિતારાએ ઉત્તર આપ્યો–"શૌર્યપુરના રાજા અંધકવૃષ્ણિની પુત્રી કુંતીની છે. એ રાજકુમારી ચોસઠે કળાઓમાં પ્રવીણ છે, અને નવયૌવના છે, છતાં તેણીના લાયક કોઈ રાજકુમાર મળતો નથી, તેથી તે કન્યાનો પિતા ચિંતાસમુદ્રમાં ડુબી ગયો છે." આ પ્રમાણે ચિતારાનું કથન સાંભળી તે છબી પોતે મનમાનતી રકમ આપીને ચિતારા પાસેથી ખરીદી લીધી, અને તે પછી શિકાર ખેલ્યા વિનાજ પોતાને નગર પાછો ગયો; ત્યાં તે ચિત્રેલી મનોહારિણીની મૂર્તિને વારંવાર જોઈ રાજા પાંડુ તન્મય થઈ ગયો અને વારંવાર વનમાં ભમી તેને મેળવવાની કલ્પના કરવા લાગ્યો.

એક વખત વનમાં ફરતાં ફરતાં ચંપાના ઝાડની ઘટાની અંદર કોઈ પુરુષને બાંધેલો જોઈ પાંડુરાજા વિચારવા લાગ્યો–"આ કોણ હશે? અને શાથી આ દશાને પામ્યો હશે? કરૂણાવંત પાંડુરાજાએ એ પ્રમાણે વિચારીને તેની તરફ નજર કરી તો એક ખડ્ગ પડેલું હતું. તે ખડ્ગને હાથમાં લઇ તે વડે તેના બંધ કાપી નાંખી તેને છુટો કર્યો, અને તપાસ્યું તો તે લોહનાં બાણોના મારથી મૂર્છિત થયેલો હતો. વળી એની પાસે બે ઔષધી કંકણ પડયાં હતા. તે પૈકી એક કંકણ વડે તેને શલ્ય-ઘુખાવા રહિત કર્યો અને બીજા કંકણ વડે તેને અસલ સ્વરૂપમાં આણ્યો; પછી તેને રાજાએ પૂછ્યું–"ભાઈ, તમે કોણ છો? તે પુરૂષે ઉત્તરમાં જણાવ્યું–"હું

વૈતાઢ્ય પર્વતપર રહેનારો અનિલગતિ નામનો વિદ્યાધર છું. અશનિવાન નામના એક વિદ્યાધરે મારી સ્ત્રીનું હરણ કર્યું, તેથી હું તેની પાછળ પડ્યો, તો તેણે મારી આ દશા કરી. એવામાં વિના કારણે ઉપકાર કરનારા આપે અહીં પધારી મને દુઃખમાંથી મુક્ત કર્યો છે; તો હવે ફરમાવો કે હું આપના પ્રત્યે શું પ્રત્યુપકાર કરી આભારી થાઉં ? પાંડુ રાજાએ કહ્યું-મારે પરમાત્માની કૃપાથી સર્વ વસ્તુ હાજર છે. વિદ્યાધરે કહ્યું-તોપણ આ મુદ્રિકા અને કામુકા નામની બે ઔષધી આપ સ્વીકારો. આ કામુકાને પ્રતાપે આપ ઇષ્ટ સ્થાને જઇ શકશો અને આ મુદ્રિકાને યોગે મને યાદ કરશો તો ત્યાં હું આવી આપને ઇચ્છિત સિદ્ધિ આપીશ. એમ કહી તે બંને અમોઘ પ્રભાવવાળી ઔષધીઓ આપી તે વિદ્યાધર પોતાને સ્થાનકે જતો રહ્યો, અને પાંડુરાજા એ ઔષધીઓના પ્રભાવનું સ્મરણ કરતો પોતાના શહેર ભણી ચાલ્યો.

પેલો ચિતારો પોતાની મોહક પીંછી વડે પાંડુરાજાની આબેહુબ છબી તૈયાર કરી શૌર્યપુર ગયો. અને તે છબીને હાથમાં રાખી પાંડુરાજાના અદ્ભુત રૂપનું વર્ણન કરતો શહેરમાં ફેરા દેવા લાગ્યો. એ સબંધિ હકીકત જ્યારે અંધકવૃષ્ણિના કાને જઈ પહોંચી ત્યારે તે ચિતારાને પોતાની પાસે બોલાવી તે પાંડુરાજાની છબી જોઇને અને ચિતારાએ કરેલી પ્રશંસા સાંભળીને ખુશી થયો; પરંતુ એ પાંડુરાજને પોતાની કુંતીને પરણાવવા માટે તેનો વિચાર થયો નહીં. જો કે પાંડુરાજાની છબી તથા તેની ગુણપ્રશંસા કુંતીને જોવા સાંભળવાનો લાભ મળ્યો હતો અને તે ઉપરથી તેણીની લાગની પાંડુરાજા પ્રત્યે પૂરેપૂરી રીતે લાગી હતી; પણ દીકરીને ગાય દોરે ત્યાં જાય એવો નિયમ હોવાથી વડીલની મંજુરી વિના પોતાની મરજી શું કામ આવે ? પિતાની મરજી પાંડુરાજની સાથે પરણાવવાની નથી એમ જાણી કુંતી બહુ મુંઝાઈ. પોતાનો કશો ઉપાય નહીં હોવાથી આત્મહત્યા કરવાનો

નિશ્ચય કર્યો. એકાંત જગોએ ગળે ફાંસો ખાવાનો ઇરાદો કરી ઇષ્ટદેવને સ્મરી ગળામાં ફાંસો નાંખી કુળદેવીની પ્રાર્થના કરવા લાગી કે– "હે કરૂણાવત્સલ માતા ? મેં મારા મનથી વરેલ મારા પતિ પાંડુરાજ વગર અન્ય પતિ સ્વપ્ને પણ ન ઇચ્છવો, એવો દ્રઢ સંકલ્પ કરેલો છે; પરંતુ મારા પિતા એમની સાથે ન વરાવતાં અન્ય રાજા સાથે વરાવવા ઇચ્છા ધરાવે છે. તેથી જો પિતાની મર્યાદા જાળવી તેની ઇચ્છાને માન આપું તો મારા શીળને દૂષણ લાગે છે; કેમકે શીળવતી સ્ત્રીએ જો સ્વપ્નમાં પણ કોઈ પુરુષને પતિ માની લીધો હોય, તો તે પુરૂષ વિના અન્ય પુરૂષો, પિતા, ભાઈ અને પુત્ર બરોબર જ ગણાય. મેં પાંડુરાજને મનથી મારા ગણી લીધા અને પિતા અન્ય સાથે વરાવવા હિલચાલ કરે, તેથી મારા શીળની વિરાધના થવાનો સંભવ છે. જેથી હું મરણ ઇચ્છું છું. "મને આ ભવની અંદર મનમાન્યા પાંડુ પતિ ન મળ્યા તો આવતા ભવની અંદર તે મારા પતિ તરીકે મળજો." ઇત્યાદિ સંકલ્પ દ્રઢ કરી શ્રી પંચ પરમેષ્ઠીનું સ્મરણ કરી પગ નીચેનો આધાર ખસેડી પ્રાણત્યાગ કરવા જાય છે, તેવામાં શીળના પ્રભાવથી આકર્ષાઈ પાંડુરાજા પોતા પાસેની ઔષધીના યોગે તે જગાએ આવી ઉભો. ફાંસો ખાઇને મરવા ઈચ્છતી મનોહારિણીને મરતી બચાવીને બોલ્યો કે–"સુંદરી ! શા માટે મરવા યત્ન આદર્યો છે ? હું તો તારો પ્રેમાધીન તારી નજર આગળ જ હાજર છું !" આ પ્રમાણે અંતઃપુરમાં ઓચિંતા પધારેલા પ્રાણપતિને જોઈ અતિ આશ્ચર્ય સહિત હર્ષઘેલી બની કુંતી બોલી– "નાથ ! આપના હાથ સાથે મારો હાથ મેળવવા આ આપની દાસી નિરાશ પામતાં યમદૂતનો સંઘાત કરવા તૈયાર થાય તો એમાં નવાઈ જેવું શું છે ? મારી કસોટી થતાં શીલરક્ષક દેવોએ દ્રઢતાની કદર કરી આપને અહીં લાવી ભેટાડ્યા. પ્રાણનાથ ? હવે મારો હાથ ઝાલી મને ઉગારી લ્યો એટલે અત્યાનંદ પામું. સારા કામમાં ઢીલ ન કરવી; કેમકે કોણ જાણે પળ પછી

અચાનક વિઘ્ન આવી પડે, અને હાથ આવેલી બાજી ધૂળમાં મળી જાય, તો પછી મૂર્ખ શિરોમણિનું પદ વહોરવું પડે. માટે હાલ જ મનકામના સિદ્ધ કરવી એજ અત્યુત્તમ છે.”

પાંડુરાજાએ તથા કુંતીના સેવક મંડળે એ બાબતને ધ્યાનમાં લઈ ગાંધર્વ લગ્ન કર્યું, અને પતિ પત્નીના હક્ક પરસ્પર પૂરા પાડવામાં તે બન્ને જણ આતુર બન્યાં. પતિસંગ થવાથી કુંતીને ગર્ભ રહ્યો. પાંડુરાજા આનંદ પામ્યો અને તે પછી પ્રિયાને પ્રેમવચન કહી ઔષધિના યોગે પોતાને નગરે જઈ પહોંચ્યો. કુંતીનો ગર્ભ વૃદ્ધિ પામતાં સખીઓએ તે વાત ગુપ્ત રાખવા યોગ્ય ગોઠવણ કરી અને જ્યારે ગર્ભ-મર્યાદા પૂરી થઈ ત્યારે કુંતીએ પુત્રરત્નને જન્મ આપ્યો. એટલે તે પુત્રને પવન સંચરે પણ પાણી ન સંચરી શકે તેવી પેટીમાં મુકી તે પેટીને મધ્યરાતે ગંગાનદીમાં વહેતી મૂકી દીધી. તેથી તે પેટી તરતી તરતી હસ્તિનાપુર જઈ પહોંચી. સૂત નામના સારથિએ તેને દીઠી, એટલે તે પેટીને નદીમાંથી બહાર કહાડી ઘેર લઈ જઈ તે ઉઘાડી જોયું, તો તેમાં રૂપવાન બાળક દીઠો. તે મહા સ્વરૂપવાન્ પુત્રે પોતાના હાથ કાન પાસે રાખેલા હતા, તેથી એ બાળકનું નામ કર્ણ રાખ્યું, અને યુક્તિ વડે લોકોને સમજાવી તે પોતાની સ્ત્રીના પેટમાંથી જ પેદા થયેલ પુત્ર છે એમ ઠસાવી દીધું. કર્ણ સારથીને ત્યાં મોટો થવા લાગ્યો; ઘણો ચાલાક હોવાથી સર્વ કળા સંપન્ન થયો.

કુંતીના પિતાએ કુંતીનો પાંડુરાજ ઉપર તીવ્ર રાગ છે એવું જાણ્યું એટલે પાંડુરાજ સાથે તેના લગ્ન કર્યાં. એ વખતે પાંડુરાજ સાથે મદ્રક રાજાએ પોતાની પુત્રી મદ્રિકાને પણ પરણાવી હતી. તે બન્ને સ્ત્રીઓ તેને પૂર્ણ સુખ આપવા લાગી.

એક વખત કુંતીએ સ્વપ્નની અંદર મેરૂપર્વત, ક્ષીરસાગર, સૂર્ય અને ચંદ્રમા એ ચાર જોયાં. અને તે જ દિવસથી ગર્ભ રહેતાં

તેણીની ધર્મમાં બહુજ પ્રીતિ વધી. પૂર્ણ માસે પુત્રરત્નને જન્મ આપ્યો. જન્મોત્સવ કરી ધર્મપુત્ર યુધિષ્ઠિર નામ રાખ્યું. તે પછી ફરી કુંતીને વાયુદેવે સૂચિત ભીમ નામે વાયુપુત્ર થયો. અને તે પછી સૂર્યદેવ સૂચિત અર્જુન નામનો પુત્ર થયો. તેમજ બીજી રાણી માદ્રીને નકુળ અને સહદેવ એ નામના બે પુત્ર થયા. આ પ્રમાણે પાંડુપુત્ર–પાંડવ કહેવાયા. અને એ પાંચે શસ્ત્ર, અસ્ત્ર શાસ્ત્રમાં પૂર્ણ પ્રવીણ થયા.

કુંતાજીએ પોતે સુગુરુની પાસે દીક્ષા અંગીકાર કરી અને કઠોર તપશ્ચર્યાવડે ઘોર પાપોનો નાશ કરી આયુક્ષયે મોક્ષસુખ પ્રાપ્ત કર્યું.

卐

# ૧૨ મહાસતી શીલવતી.

જંબુદ્વીપના દક્ષિણ ભરતમાં નંદપુર નામનું શોભાયમાન નગર છે. તેમાં અનેક રાજાઓથી સેવાતો અરિમર્દન નામે રાજા રાજ્ય કરતો હતો. ત્યાં વળી તેનો અતિ માનીતો રત્નાકર નામનો શેઠ રહેતો હતો. તેને ગુણરૂપી મણિની ખાણ એવી શ્રી નામની સ્ત્રી હતી. તે શ્રી નિરાબાધપણે જૈનધર્મ પાળતી હતી, પરંતુ શેઠને ચિરકાળે પણ સુખનો હેતુરૂપ પુત્ર થયો નહીં. પુત્રના અભાવથી પીડા પામતી શેઠાણી એકદા શેઠને કહેવા લાગી. "હે સ્વામિન્! ઉપવનને વિષે મહા પ્રકટ શક્તિવાળી અજિતબળા નામની દેવી છે. તે પુત્ર વિનાનાને પુત્ર આપે છે; નિર્ધનને ધન અને દુર્ભાગીને સૌભાગ્ય આપે છે; તેમજ અવિદ્વાનને વિદ્યા આપે છે, દુ:ખીને સુખી કરે છે; આંધળાને ચક્ષુ આપે છે અને રોગીને નિરોગી કરે છે. ફક્ત તેને સેવવાની જરૂર છે, માટે હે આર્યપુત્ર! તમારે તેની પાસે જઈને પુત્રને માટે પ્રાર્થના કરવી. પુત્ર મેળવવાને કેટલાક માણસો પોતાના પ્રાણ પણ દેવીને સમર્પણ કરે છે." એ સાંભળીને શેઠે દેવીનું આરાધન કર્યું; તેથી દેવી પ્રસન્ન થઇને બોલી. "ત્હારે હવે પુત્રના અભાવરૂપ અંતરાયકર્મનો ક્ષય થયો છે, માટે પુત્ર થશે." પછી અનુક્રમે તેને પુત્ર થયો; કારણ કે, યોગ્ય અવસરે આરાધેલી ક્રિયા ભાગ્યના યોગે ફળે જ છે; પછી જન્મોત્સવ કરી પુત્રનું અજીતસેન એવું નામ પાડયું. અનુક્રમે તે બાલ્યાવસ્થા મૂકીને યૌવન પામ્યો; એટલે બુદ્ધિમાન્ પુરુષ જેમ શાસ્ત્રના દોહનને વિષે મન પરોવે, તેમ શેઠે તેને માટે યોગ્ય કન્યા શોધી લાવવામાં મન ધાર્યું, "મ્હારા પુત્રને સદ્‌ગુણશાળી કોઈ કન્યા મળે

તો ઠીક કારણ કે, મૂર્ખ શેઠ, પરવશપણું, અવિનીત વેત્ર અને દુષ્ટ ભાર્યા એ ચાર માણસને શલ્ય જેવાં જાણવા."

આ વખતે, શેઠે પૂર્વે વ્યાપારને અર્થે મોકલેલો કોઈ વ્યાપારીપુત્ર વ્યાપાર કરીને પાછો આવ્યો. તે શેઠ પાસે આવીને બેઠો. શેઠે તેને વ્યાપારનું સ્વરૂપ પૂછ્યું, એટલે તેણે ઉપજ ખરચની સર્વ વાત કહી બતાવી. પછી તે બોલ્યો, "શેઠ ! જ્યારે હું પાછો ફર્યો, ત્યારે હું માર્ગમાં મંગળપુરી આવ્યો, ત્યાં મેં જિનદત્ત શેઠની જોડે વ્યાપાર કર્યો. તેણે મને એકદા ભોજન અર્થે નોતર્યો. ત્યાં મેં તેને ઘેર એક અદ્‌ભૂત કન્યા જોઈ. ભોજનને સમયે મેં શ્રેષ્ઠીને એકાંતે પૂછ્યું, "આ દેવકન્યા જેવી કન્યા છે તે કોણ છે?" તેણે ઉત્તર આપ્યો. "એ મ્હારી શીળવતી નામની પુત્રી છે, પરણાવવા યોગ્ય થઈ છે, પણ તેણીને યોગ્ય વર મળતો નથી, તેથી મને બહુ ચિંતા થાય છે. "કન્યાને વર મળશે કે નહિ ? તે તેણીને પ્રિય થશે કે નહીં ? પોતાનું શીયળ પાળશે કે નહીં ? વળી તે પુત્રાદિ પ્રસવશે કે નહીં"? આવી આવી ચિંતા કન્યાના માબાપને થાય છે. વળી તેણીના ઉપર શોકય ન આવે અને એની માતા પણ દુઃખ ન પામે એવી પણ તેના પિતાને ફિકર રહે છે. આમ કન્યા છે તે પિતાના ઘરને વિષે સંક્ષાત્ ચિંતાની પેઠે વૃદ્ધિ પામે છે, "આ મ્હારી પુત્રી ગુણરૂપી માણિકયની ખાણ છે, તેણીના સદશ વર હું કયાંય જોતો નથી." (વણિક પુત્ર શેઠને કહે છે) તે વખતે મેં તેને કહ્યું, "તમે ચિંતા ન કરો. નંદનપુર નગરને વિષે રત્નાકર શ્રેષ્ઠીનો પુત્ર અજિતસેન તમારી પુત્રીને યોગ્ય વર છે." તે વખતે મ્હારા પ્રત્યે જિનદત્ત શેઠ બોલ્યો, ભાઈ તેં એ સારૂં કર્યું. વર શોધવાના ચિંતારૂપ સમુદ્રમાંથી તેં મને ઉગાર્યો છે." એમ કહીને તેણે પોતાની પુત્રીને દેવાને વર જોવાને નિમિત્તે પોતાના પુત્ર જિનશેખરને મ્હારી સાથે મોકલ્યો છે. તે હાલ મ્હારે ઘેર છે."

એ સાંભળીને રત્નાકર શેઠે કહ્યું, "તેને અહિં બોલાવો." તે ઉપરથી જિનશેખર ત્યાં આવ્યો. તેણે વરને જોઇને વિવાહ નક્કી કર્યો. એટલે અજિતસેન ત્યાં જઇને શીળવતીને પરણી મહા મહોત્સવ સહિત ઘેર પાછો આવ્યો. રત્નાકર શેઠ પણ એવી વિનયવતી વધૂને જોઈ પોતાને કૃત્યકૃત્ય માનવા લાગ્યો. કહ્યું છે કે—કુળના તેમજ ઘરના દીપક જેવી ઉત્તમ વધૂ પ્રાપ્ત કરીને મનુષ્ય ગૃહસ્થાશ્રમને ત્રણે વર્ગના સારભૂત માને છે.

એકદા મધ્યરાત્રીને સમયે શિયાળણીનો શબ્દ સાંભળીને શીળવતી મસ્તક ઉપર ઘડો લઇને ધીમેથી ઘર બહાર નીકળી. તે વખતે સસરાએ વહુને આમ કવખતે બહાર જતી જોઈ વિચાર્યું કે, "આ વહુને હું પ્રથમ સુશીળા જાણતો, પણ હમણાં તો આવું (અયોગ્ય) કરતી જણાય છે; માટે સ્ત્રીનું ચરિત્ર કોઈ સમ્યક્ પ્રકારે જોઈ શકતું નથી. કહ્યું છે કે—અશ્વનો કુદકો, વસંતનો ગુંજારવ, સ્ત્રીનું ચરિત્ર, ભવિતવ્યતા, અને વરસાદનું વરસવું કે નહિ વરસવું એટલાં વાનાં તો દેવ પણ જાણી શકતા નથી, તો મનુષ્ય તો તે ક્યાંથી જ જાણે? સ્ત્રીઓનું મન કંઇક હોય છે, બોલી બીજી હોય છે અને કાર્ય વળી કોઈ ત્રીજુંજ હોય છે; તેઓમાં એ મોટો દોષ હોય છે. સારા ગોત્રમાં ઉત્પન્ન થયા છતાં, સ્ત્રીઓ નદીની પેઠે પ્રાયે બહુ પાણીના મોજાની પેઠે રસિકતારૂપી આનંદથી ભરપૂર અને નીચે (તુચ્છ) માર્ગે પ્રવર્તે છે. એ સ્વાર્થી નારીઓ સુવર્ણની છરીની પેઠે બહારથીજ મનોહર જણાય છે; એમનાં અંતઃકરણ તો અત્યંત દારુણ હોય છે.

સસરો—રત્નાકર શેઠ આમ વિચાર કરે છે, એવામાં તે સતી શીળવતી જે કપટ રહિત અને નિષ્કલંક હતી, તે કંઈ કાર્ય કરીને પાછી આવી ને ઘડાને મૂકીને પાછી પોતાની શય્યામાં સુતી. પ્રભાતે ચિંતાએ ભરપૂર એવા શેઠે પોતાની સ્ત્રીને પૂછ્યું. "આપણી વહુ

તને શીળગુણમાં કેવી દેખાય છે ?" તેણીએ ઉત્તર આપ્યો. "ઉત્તમ કુળની મર્યાદા પ્રમાણે તેણીનું વર્તન છે." શ્રેષ્ઠીએ કહ્યું. "આપણી વહુ સારી નથી; કારણ કે આજ રાત્રે મેં તેને ગુપ્ત રીતે ક્યાંય જતાં જોઈ છે." સાસુ બોલી. "ના, તે એવી નથી." ત્યારે શેઠે કહ્યું. "તેં પોતે દીઠી હોય તો તું સત્ય માન્યા વગર રહે નહીં. મેં પોતે આજ રાત્રે તેને ઘડો લઇને બહાર જતાં જોઈ છે. થોડો કાળ કોઈ અન્ય પુરુષ સાથે ક્રીડા કરીને તે પાછી આવી અને સાંભળેલી વાત કરતાં પ્રત્યક્ષ જોયેલી વાત વધારે બળવાન્ છે, માટે મેં જે કહ્યું છે તે સત્ય માન."

એવામાં પુત્ર અજિતસેન પ્રભાતે દેવ ગુરૂની સેવા કરીને માતા પિતાના ચરણે નમવાને આવ્યો. માત તાતના ચરણે પડીને પાસે બેઠો; એટલે પિતાએ તેને ખેદ સહિત કહ્યું. "પુત્ર, તને શું કહું ! વિધાતાએ તો આપણા ગૃહના આંગણામાં પારિજાતકની વેલ રોપી છે, પણ એવા વંશમાં ઉત્પન્ન થયેલી અને ઉત્તમ ગુણના સંસર્ગવાળી છતાં લતાની પેઠે ત્હારી વહુ કુટિલતા સેવે છે. મેં પોતે આજ રાત્રે તેણીનું ચરિત્ર જોયું છે. રાત્રિના વિષે તે કોઇ સ્થળે જઇ આવી. હે વત્સ ! હું જાણતો હતો કે તે આપણા કુળ રૂપી વનને વિષે કલ્પલતા સમાન છે, પણ હમણાં તો તે દુષ્ટ દોષ યુક્ત અને વિષવેલથી પણ અધિક જણાઇ છે, માટે સ્ત્રીનો શો વિશ્વાસ ? શીયળ ત્યાગ કરવામાં ઉદ્યમવંત એવી સ્ત્રીઓને પતિ ગુણથી ( દોરડીથી ) બાંધી શકતો નથી. પરીક્ષક પારખી શકતો નથી, તેમ ધનથી પણ તેણીઓને અટકાવી શકાતી નથી. શાસ્ત્રમાં જે સાંભળીએ છીએ અને લોકો પણ જે કહે છે, તે સર્વ આવી દુઃશીળા કામ વિહ્વલ નારીઓ સત્ય કરી બતાવે છે. તારી વહુ રાત્રીએ જળ લાવવાનો દંભ કરીને બહાર ગઇ, ને થોડી વાર પછી પાછી આવી; માટે તે અવશ્ય ત્યજવા યોગ્ય છે."

પુત્રે પિતાનું વચન પ્રમાણ કર્યું, એટલે શેઠે વહુને અસત્ય

પ્રયોગથી કહ્યું. "તમારા પિતાએ મને તમને સાથે લઇને બોલાવ્યો છે, માટે ચાલો ત્યાં જઇએ." વહુએ કહ્યું. "અહો ! એમાં શું ? એક તો પિતાદિ સ્વજનનો મેળાપ થશે અને વળી આપનું વચન પ્રમાણ થશે." એમ શીળવતીએ શ્વસૂરે કહ્યું તે સત્ય માન્યું. કહ્યું છે કે—સત્યની પરીક્ષા કર્યા વિના વિશેષ ગુણ માલમ પડતો નથી. જ્યાં સુધી ઉત્તમ પરીક્ષકોએ પરીક્ષા કરી નથી, ત્યાં સુધી રત્નને બીજા માણસો કાંકરા ધારે છે. પછી રથ જોડાવી શેઠે શીળવતીને લઈને માંગળિક કરી પ્રયાણ કર્યું.

રસ્તે ચાલતાં એક નદી આવી એટલે શેઠે વહુને કહ્યું. "પગમાંથી પગરખાં કાઢી નાંખીને નદી ઉતરજો." પણ તે તો કંઇક વિચાર કરીને પગરખાં સહિત નદી ઉતરી. તેથી શેઠે ધાર્યું કે, "એ દુર્વિનીત ( વિવેક વગરની ) છે." વળી આગળ ચાલતાં એક મગનું ક્ષેત્ર આવ્યું, તે જોઈ શેઠ બોલ્યા. "અહો ! આ ક્ષેત્રના ધણીને બહુ સરસ ધાન્ય હાથ થશે." તે સાંભળી વહુએ કહ્યું. "જો એને કોઈ ખાઈ નહીં જાય તો આપનું વચન સત્ય થશે." શેઠે કહ્યું. "આ વહુ એવું અસંબદ્ધ કેમ બોલે છે ? ક્ષેત્ર તો તદ્દન ફૂળેલું છે. કોઈએ ખાધું હોય એમ જરા પણ દેખાતું નથી." વળી આગળ પ્રયાણ કરતાં ધનની સમૃદ્ધિમાં કુબેરના નગર જેવું અને આનંદી માણસોથી ભરપૂર એક નગર આવ્યું. તેને જોઇ સસરાએ મસ્તક ધૂણાવી વખાણ કર્યા. પણ વહુ છાની રહી નહીં; તેણીએ કહ્યું, "જો ઉજડ હોત તો સારૂં." ત્યારે શેઠે વિચાર્યું. "આ વહુ તો મ્હારી હાંસી કર્યા કરે છે, માટે એને એનું ફળ મળશે." આગળ એક સુભટ મળ્યો, તે પ્રહારથી જર્જરિત થઇ ગયો હતો. તેને જોઈ શેઠે પ્રશંસા કરી કહ્યું કે, "વાહ ! વાહ ! તમે બહુ પરાક્રમી છો !" પણ શીળવતી તો હમ્મેશાં ઉલટું કહેનારી, તે બોલ્યા વગર રહી નહી. "હે શ્વસુર ! એણે ક્યાંક માર ખાધો છે, બાકી છે તો એ પામર અને

બીજાણુ.” શેઠે હવે વિચાર્યું. અવશ્ય આ વહુ મારાથી પ્રતિકૂળ છે, હું જે જે કહું છું તેને એ અસત્ય ઠરાવે છે. કહ્યું છે કે–સહુ પોતપોતાની પ્રશંસા કરે છે, પારકા દોષ જોવામાં કુશળ હોય છે, પારકાના કંઇક દોષ કાઢ્યા જ કરે છે. પણ પોતાનો દોષ હોય છે છતાં કહેતા નથી.” શેઠ આમ વિચાર કરે છે, એવામાં રસ્તે એક વડનું વૃક્ષ આવ્યું; ત્યાં તેણે રથ રખાવ્યો ને પોતે વડની છાયામાં બેઠો, પણ વહુ તો વડ ત્યજીને દૂર તડકામાં મસ્તક ઉપર એક લુગડું નાંખીને બેઠી. સસરાએ વહુને છાયામાં બોલાવી, પણ તે તો તે સાંભળ્યા છતાં ત્યાં ગઈ નહીં, એટલે શેઠે વિચાર્યું. “કુશિષ્યની પેઠે એને પણ ઉપદેશ દેવા જેવું નથી.” વળી આગળ ચાલતાં એક ઘણી વસ્તીવાળું ગામ આવ્યું, તે જોઈ શેઠ બોલ્યા. “શું સુંદર શહેર છે ! એમાં સાત સંત તો પોળ છે.” પણ વહુ બોલી. “એ તો ઉજ્જડ ગામડું છે.” સસરાએ વિચાર્યું કે, “એ તો સદા મ્હારૂં કહ્યું અસત્ય કહે છે.” વળી માર્ગે જતાં એક ત્રણ ચાર ઝુંપડાવાળું ગામડું જોઈ શેઠે એને ઉજડ કહ્યું, ત્યારે વહુએ વિચાર કરીને એને બહુ લોકની વસ્તીવાળું ઠરાવ્યું. એટલે શેઠે કહ્યું. “સર્વથા વિપરીત બોલનારી આ વહુ, કુશિક્ષિત અશ્વની પેઠે મને હઠથી શીઘ્ર અનર્થ કરશે.” શેઠ આમ વિચારે છે, એવામાં શીળવતીનો મામો ત્યાં આવી શેઠને તથા શીળવતીને ગૌરવ સહિત પોતાને ઘેર લઇ ગયો, ને તેમનો ભોજનાદિકથી સત્કાર કર્યો; પણ શેઠ જમવા બેઠા નહિ. એટલે પેલાએ કરંબાનું ભાતું આપ્યું. તે લઈ વળી આગળ પ્રમાણ કર્યું, ત્યાં એક કેરડાના વૃક્ષની પાસે વડના ઝાડની હેઠે શેઠ પેલો કરંબો મૂકીને સૂતા, એટલે વહુ ખાવા લાગી; તેવામાં ત્યાં એક કાગડો બોલવા લાગ્યો, તેની ભાષા સમજીને તેણી બોલી. “હે કાક ! શું કકળાટ કરે છે ? ત્હારા મનમાં શું છે તે હું સમજું છું.” શેઠ સૂતો સૂતો પણ વહુનાં વચન સાંભળી વિચારવા લાગ્યો. “આ વહુ

તો કાક વિગેરેની ભાષા જાણતી જણાય છે. ફરી ફરી કાકનો અભિપ્રાય જાણીને વહુ બોલી. " હે કાક ! પૂર્વે એકના વચને કરીને તો મ્હારે પતિનો વિયોગ થયો છે. માટે વળી જો ફરીથી કંઈ કરૂં અથવા બોલું તો તો મ્હારા માત પિતાને પણ મળવા પામું નહિ." જાગતો સૂતેલો શ્વસૂર એ સાંભળી બોલ્યો. " અરે, વિવેકહીન વહુ ! એમ કેમ કહે છે ?" વહુએ કહ્યું. " જો સત્ય કહીએ તો ગુણ છે તે દોષને અર્થે થાય. કારણ કે, વનસ્પતિ ઉપર ફુલનો સમૂહ થયો તો તેની શાખાને કાપી નાંખવામાં આવે છે; મોરને વિષે રહેતી ડગમગતી ચાલ અને તેના પીછાંનો આડંબર તેના વધનું કારણ થાય છે. ચતુર ગતિવાળો ઉત્તમ અશ્વ પણ બળદની પેઠે જોડાય છે. આ પ્રમાણે ગુણવાન્‌ને વિષે રહેલા ગુણ એજ પ્રાયે તેના શત્રુ થાય છે. બાલ્યાવસ્થાને વિષે બંધુના આગ્રહથી હું સર્વ શાસ્ત્ર ભણી; તે સાથે તિર્યંચની ભાષાનું જ્ઞાન પણ અર્થ અને આમ્નાય સહિત શીખી." એ સાંભળી સર્પથી દંશ પામેલો માણસ ગારુડીના શબ્દથી એકદમ બેઠો થાય, તેમ શેઠ ઉભો થઇને વહુની પાસે ગયો. ત્યાં જઇ તેણે કહ્યું. " મારો અપરાધ ક્ષમા કરો." તે સાંભળી વહુ બોલી. " હે પિતાજી ! તે વખતે તમે જાગતા હતાઃ ત્યારે હું જે મસ્તક ઉપર ઘડો લઈને બહાર ગઈ હતી, તે એક શિયાળણીનો શબ્દ સાંભળીને હું ત્યાં ગઈ હતી. તે એમ કહેતી હતી કે, " એક મૃતક નદીમાં તણાતું આવે છે, તેના શરીર ઉપર લક્ષમૂલ્યનાં આભરણો છે." તે સાંભળી હું ત્યાં ગઇ, ને મૃતકનાં આભરણો લઈ તેજ સ્થાને નદી તીરે ગુપ્ત રીતે દાટીને ઘડો લઈ પાછી આવી. તમે જાણ્યું. " હું કંઇ દુશ્ચેષ્ટિત કરી આવી." અને તેથી જ તમે મને અહિં લાવ્યા છો. પણ હે સસરાજી ! એ તો આ ધૂર્ત કર્મનું જ કર્તવ્ય છે. શુભ યા અશુભ કર્મને કોટિ યુગે પણ ભોગવ્યા વિના ક્ષય થતો નથી. હમણાં આ કાક પક્ષી જે બોલે છે, તે આપણો કરંબો માગે છે ને સૂચવે છે કે, " આ કેરડાના વૃક્ષની

નીચે દશ લાખ સુવર્ણ છે." ત્યારે મેં તેને કહ્યું. "પૂર્વે એક કાર્ય કર્યું તે મ્હારા સસરાને રુચિકર થયું નહિ, તો વળી બીજું કરવા જઉં તો મ્હારૂં મૃત્યુંજ થાય." વહુનું વચન સાંભળીને શ્રેષ્ઠીએ મસ્તક ધુણાવીને કહ્યું. "તમે કહો છો તે ખરૂં છે શું? વહુએ કહ્યું, "જો તમને શંસય હોય તો આ કુહાડી છે, તે લઇને ખોદી જુઓ.' તે સાંભળી પ્રથમ એ કાગડાને કરંબાનું બળિદાન દઈ શેઠ લાભને કારણે તરુણ પુરૂષની પેઠે કોદાળી વડે તે વૃક્ષની હેઠે ખોદવા લાગ્યો. કહ્યું છે કે–દાંત સર્વે ચાલવા લાગ્યા, બુદ્ધિ જાઠી થઈ, હાથ પગ કંપવા લાગ્યા, દૃષ્ટિ બંધ થઈ, બળ ગળી ગયું અને રૂપ સૌંદર્ય નાશ પામ્યું, આ પ્રમાણે યમભૂપતિની મહા ધાડરૂપી વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થયા છતાં, તૃષ્ણારૂપી સુભટો એકાકીપણે હૃદયરૂપ નગરને વિષે નૃત્ય કર્યા કરે છે. શેઠે ખોદ્યું તો ચાર સુવર્ણના કુંભ નીકળ્યા. તે જોઇને તે બોલ્યો "અહો? મ્હારા ઘરને વિષે આ વહુ તો સાક્ષાત્ લક્ષ્મી જ આવી છે. અહો! મેં કાચની ભ્રાંતિથી મરકત મણિની અવગણના કરી!" એમ કહી શેઠે પોતાનો અપરાધ પ્રકટ બતાવી તેની પાસે ક્ષમા માગી. તે જ ક્ષણે તેણે રથ પાછો વાળ્યો. પાછા વળતાં શેઠે વહુને પૂછ્યું, "આ ગામ જેમાં સાત સાત તો પોળ છે, તેને તમે ઉજ્જડ કેમ્ કહ્યું?" વહુએ ઉત્તર આપ્યો. "જેમાં બહુ વસ્તી હોય, છતાં આપણું કોઈ ન હોય તે ઉજ્જડ જાણવું. કારણ કે, વસ્તીવાળું છતાં જેને વિષે આપણા ઉપર સ્નેહ કે પ્રીતિ બતાવનારૂં કોઈ પણ વસતું ન હોય, તે ગામ પૃથ્વી ઉપર અરણ્ય જેવું છે." વળી શેઠે પૂછ્યું. "તમે ઉજડ જેવા દેખાતા ગામને વસ્તીવાળું કેમ કહ્યું?" વહુએ કહ્યું. "તે ગામમાં એક મ્હારા મામાનું ઘર હતું. તેથી મેં તે ગામ વસ્તીવાળું કહ્યું." વળી શેઠે પૂછ્યું. "તમે વડની છાયા મૂકીને તડકામાં જઇને બેઠા તેનું શું કારણ?" વહુએ કહ્યું ".વડપર ઘટામાં કાગડો બેઠો હોય, તે જો સ્ત્રીના મસ્તક ઉપર ચરકે તો છ માસમાં તેણીના પતિને મહા અનર્થ થાય. વળી વૃક્ષના મૂળ

પાસે સર્પાદિ જીવોનો ભય હોય છે, માટે હું દૂર જઇને બેઠી હતી.'' આ સાંભળી શેઠ બોલ્યા. ''હે કુળાધાર ! સર્વ ભાવમાં વિચક્ષણ ! તેં બહુ ઠીક કર્યું કે, વૃદ્ધપણાને લીધે બુદ્ધિહીન થયેલા મને તેં બોધ આપ્યો !'' વળી શેઠે પૂછ્યું. ''ત્યારે મેં પેલા સુભટનાં વખાણ કર્યાં તેને તમે 'બહુ કાયર છે' એમ કેમ કહ્યું. વહુએ કહ્યું તેના પ્રહાર સર્વ પીઠ ઉપર હતા, તેથી જો તે ખરેખરો સુભટ હોય તો તેણે સઘળા પ્રહાર અગ્રભાગ (છાતી) ને વિષે ખમ્યા હોત.'' ત્યારે શેઠે પૂછ્યું. ''મેં જે મગના ક્ષેત્રને પરિપક્વ દશાવાળું કહ્યું, ત્યારે તમે એમ કેમ કહ્યું કે, ''જો તે પૂર્વે ખવાયું ન હોય તો ?'' તેને તે વખતે કોઈએ ખાધું નહોતું.'' વહુએ સમજણ પાડી કે, ''આ ક્ષેત્રવાળા કણબી લોકો દરિદ્રી જેવા હોય છે. તેઓ બમણા આપવા કરીને કણાદિક લાવે છે ને ખેડ કરે છે. હવે જ્યારે ધાન્ય નિપજાવીને ઘેર લાવે છે ત્યાં તો પેલા પૂર્વે ધાન્ય આપનારા (લેણદારો) આવીને તે લઇ જાય છે. એટલે મેં એમ કહ્યું કે, બમણું આપવું કરીને ધાન્ય લાવેલા એટલે તે કૃષિકાર પ્રથમથીજ ક્ષેત્રને ખાઈ ગયા કહેવાય'' વળી શેઠે શંકા પૂછી. ''જળે ભરેલી નદી આવી ત્યારે મેં તમને મોજડી ઉતારવાનું કહ્યા છતાં તમે તે કેમ ન ઉતારી ?'' તે ઉપરથી વહુએ ખુલાસો કર્યો કે, નદીને વિષે કાંકરા, જીવડાં આદિ હોય તેના ભયને લીધે મેં તે ઉતારી નહિ. કારણ કે, તેથી કાયાને કલેશ થાય.'' આ પ્રમાણે પુત્રવધૂનાં વચનથી. બહુ સંતોષ પામતો શ્રેષ્ઠી ઘેર આવી પહોંચ્યો ત્યાં સતી શીલવતી ધર્માનુષ્ઠાનો કરવામાં મશગૂલ રહી, ધર્મજીવન વ્યતીત કરવા લાગી. કોઈ પ્રસંગે જૈન મુનિનો બોધ સાંભળી વૈરાગ્ય પામી પ્રવજ્યા અંગીકાર કરી અને પ્રાંતે તપસંયમના પ્રભાવે મૃત્યુ પામી પાંચમા દેવલોકે ગઈ.

卐

# ૧૩. સતી દમયંતી

કોશળ દેશને વિષે નિષધ રાજા રાજ્ય કરતો હતો, તેને લાવણ્ય-સુંદરી નામે સ્ત્રી હતી. તેમને અનુક્રમે નળ અને કૂબેર નામે બે પુત્રો થયા. વળી વિદર્ભ દેશના કુંડિનપુર નગરમાં બળવત્તર એવો ભીમ ભૂપતિ રાજ્ય કરતો હતો. તેની પત્ની પુષ્પવતીએ સત્સ્વપ્ને સૂચિત એવી એક પુત્રીને જન્મ આપ્યો. આ પુત્રીને પૂર્વના શુભ-કર્મના ઉદયથી ભાલસ્થળને વિષે સૂર્યના જેવું દેદિપ્યમાન તિલક હતું. છઠ્ઠી જાગરણનો મહોત્સવ કર્યા પછી રાજાએ તેણીનું દમયંતી એવું નામ પાડયું. અનુક્રમે દમયંતી પગે ચાલતાં શીખી, ત્યારે તેણીએ પહેરેલા નૂપુરનો ઝણઝણ કરતો નાદ માત પિતાને પ્રમોદ ઉપજાવતો. એમ કરતાં કરતાં જાગતું છે સૌભાગ્ય જેણીનું એવી તે વૃદ્ધિ પામતી ધર્મ કર્મ શાસ્ત્રને વિષે કુશળ થઈ.

અનુક્રમે એ ભીમરાજાની પુત્રી મનોહર તથા રૂપ લક્ષ્મીથી યુક્ત એવા યૌવનને પામી. સોળ વર્ષની તેણીની વય થઈ, એટલે માતા પિતાને તેણીને માટે યોગ્ય પતિ શોધી કાઢવાની ચિંતા થઇ. કહ્યું છે કે—પુત્રી જન્મતાં શોક ઉપજાવે છે, વૃદ્ધિ પામતાં ચિંતા વધારે છે, પાણિગ્રહણ કરાવતી વખતે દંડ ભરાવે છે; આમ દીકરીના બાપને સદા દુઃખ રહે છે. પછી રાજાએ સ્વયંવર મંડપ રચાવ્યો; અને બહુ રાજકુમારોને નિમંત્રણ કર્યું. એ સમયે દૂતે વિજ્ઞપ્તિ કરવાથી નિષધ રાજા પણ પોતાના નળ અને કૂબેર નામે બે પુત્રોને લઇને સ્વયંવર ઉપર આવી પહોંચ્યો. ભીમ રાજાએ સર્વ રાજાઓને સામા જઈ તેડી લાવી આસનાદિ વડે સત્કાર કર્યો. પછી પ્રભાતે

સર્વ રાજાઓ ઉત્તમ વસ્ત્રાલંકાર પહેરી સુશોભિત મંચો ઉપર આવીને બેઠા. એટલે દમયંતી પણ સુખાસને બેસીને પોતાની સખીઓના પરિવાર સહિત ત્યાં આવી. તે વખતે અનેક લોકો પોત પોતાનાં કાર્યો ત્યજીને ત્યાં જોવા આવ્યા હતા. કહ્યું છે, કે—કલેશ, કાજળ, સિંદુર, દૂધ, જમાઈ અને વાજિંત્ર એ છ વસ્તુ ઉપર સ્ત્રીને બહુ પ્રીતિ હોય છે. એવામાં સુખાસનમાં બેઠેલી દમયંતી પ્રતિહારિણીએ વર્ણવેલા અંગ, વ્યંગ અને તિલંગ આદિ દેશોના સ્વામિને ત્યજીને આગળ ચાલી. અનુક્રમે નળ રાજા પાસે આવી. તે વખતે જોવા આવેલી બીજી સ્ત્રીઓએ દમયંતીના રૂપ ગુણનું વર્ણન કર્યું. તે આ પ્રમાણે : દમયંતીના પગને વિષે ચોપડેલો અળતાનો રસ તે જાણે રંગ મંડપમાં આવેલા રાજાઓનો અંગધારી અનુરાગ જ હોયની ! એવો શોભતો હતો અને તેણીના કપાળને વિષે રચેલી કસ્તૂરીની પીળ તે જાણે કામદેવરૂપ ભૂપતિની સ્તુતિના અક્ષરોની પંક્તિજ હોયની ! એવી શોભતી હતી. વળી કંઠને વિષે ધારણ કરેલી મલ્લીકાના પુષ્પોની ઉજ્જવળ માળા તેણીના મુખરૂપી ચંદ્રની આસપાસ વિંટળાયલી નક્ષત્રની પંક્તિની પેઠે શોભતી હતી. કાનને વિષે ધારણ કરેલાં રત્નનાં દેદીપ્યમાન કુંડળો સૂર્ય ચંદ્રની ભ્રાંતિ કરાવતાં હતાં. નેત્રને વિષે ધારણ કરેલી કાજળની રેખા પદ્મ ઉપર ભ્રમરની પેઠે અને અંગે ધારણ કરેલું વસ્ત્ર ગંગાના કલ્લોલ સમાન શોભતું હતું. આવી સ્વરૂપવતી દમયંતી પ્રતિહારિણીએ વર્ણવેલા નળ રાજાના ગુણોને સાંભળી તથા તેને જોઈ હર્ષ પામી તેના ઉપર અનુરાગવાળી થઈ. એટલે તેણીએ તેના કંઠને વિષે વરમાળા આરોપી. દમયંતીએ નળને વરમાળા આરોપી એટલે જય જયકાર થયો. નિષધ રાજા અને ભીમરાજાએ મળીને પછી તેમનો વિવાહ–ઉત્સવ કર્યો.

હવે દમયંતીએ નળ રાજાની સંગાથે જવા વિદાય માગી, ત્યારે તેણીના માતા પિતાએ તેણીને ઉપદેશ આપ્યો. "હે પુત્રી ! ત્હારે

પતિને ઘેર જઈ સાસુ સસરા આદિ વર્ગનો બહુ વિનય કરવો અને પતિને અનુકૂળ વર્ત્તન રાખવું." પછી નિષધ રાજા મહોત્સવ પૂર્વક પોતાના નગર ભણી ચાલ્યો. આગળ ચાલતાં માર્ગને વિષે બહુ અંધકાર વ્યાપી ગયો; તેથી વનને વિષે નિષધ રાજાને થોભવું પડયું. એટલે નિદ્રાવશ થયેલી પોતાની પ્રિયાને નળે કહ્યું. "હે પ્રિયે! નિદ્રાનો ત્યાગ કર અને ત્હારા તિલકને પ્રકટ કર, કે જેથી આ અંધકાર નાશ પામે અને પ્રકાશ થાય." તે સાંભળીને દમયંતીએ ભાલસ્થળને વિષે રહેલા પોતાના તિલકને પ્રકટ કર્યું એટલે સૂર્ય સમાન તેના તેજથી સર્વ સ્થળ પ્રકાશમય થઈ રહ્યું. એવામાં કાઉસ્સગ્ગપણે રહેલા એક મુનિ તેમના દીઠામાં આવ્યા. તેમના દેહ સાથે એક હસ્તી પોતાના શરીરને ઘસતો હતો, તો પણ તે મુનિ પોતાના ધ્યાનમાં અચળ ઊભા હતા. તેમની પાસે જઈ નળે તથા દમયંતીએ તેમને વંદન કર્યું. તે જોઈ નિષધ રાજા પ્રમુખ સર્વ માણસો તેમની પાસે ગયા ને તેમને ભક્તિ સહિત પ્રદક્ષિણા દઈ વંદન કર્યું. તે વખતે મુનિએ કાયોત્સર્ગ પૂર્ણ કરીને તેમને આ પ્રમાણે ઉપદેશ આપ્યો. "દેવ ગુરુની સેવા, દયા, દાન, નવકારાદિકનું સ્મરણ, તપ, શાસ્ત્ર શ્રવણ અને પરોપકારને માટે મૃત્યુ એ આઠ બાબતો પ્રાણિઓને પોતાના જીવિતનો ધર્મ છે." દેશનાને અંતે નળ રાજાએ અંજળિ જોડીને મુનિને પૂછ્યું. "હે ઋષિ! આ દમયંતીને ભાલસ્થળને વિષે આવું તિલક કયા શુભ કર્મને લીધે થયું હશે?" મુનિએ કહ્યું. "એ ભીમ પુત્રીએ પૂર્વ ભવને વિષે ચોવીશ જિન દીઠ ચોવીશ આયંબિલ કર્યાં હતાં, અને તે તપના ઉદ્યાપનમાં તેણીએ ચોવીશે જિનેશ્વરની પૂર્ણ ભક્તિ કરી, તેના પ્રભાવથી તેણીના ભાલસ્થળને વિષે આવું રવિને પણ જીતનારૂં તેજસ્વી તિલક થયું છે. અનુક્રમે તપના પ્રભાવથી એ કલ્યાણનું ભાજન થશે." ગુરુની આવી વાણી સાંભળીને બહુ જનો તે વખતે તપશ્ચર્યા કરવા લાગ્યા.

પછી નિષધ રાજા પરિવાર સહિત પોતાને નગરે પહોંચ્યો. નગર જનોએ મહોત્સવ કર્યો અને દાન આપતો આપતો ભૂપતિ મહેલને વિષે ગયો. નળરાજાએ નાના પ્રકારનાં દાન આપીને પોતાની કીર્તિને ચૌદિશિ વિસ્તારી. પછી નળને રાજ્ય સોંપી તથા કુબેરને યુવરાજ પદે સ્થાપી નિષધ રાજાએ સંયમ ગ્રહણ કર્યો. અંતે તપશ્ચર્યા કરી સ્વર્ગે ગયો.

હવે ધર્મ, અર્થ અને કામ એ ત્રણે વર્ગને સાધતા નળ રાજાએ ચિરકાળ પર્યંત રાજ્ય ચલાવી બહુ દેશોને સાધ્યા એટલે મહાન્ રાજ્ય જોઇ કુટિલ આશયવાળા કુબેરને તેનું રાજ્ય લેવાનું મન થયું. નળ તો નિર્મળ ચિત્તવાળો હતો; એટલે પેલાએ તેની સાથે દ્યૂત રમવાનું કર્યું. દમયંતી વિગેરેએ બહુ વાર્યો છતાં પણ નળ ભાઈ સાથે દ્યૂત રમ્યો અને તેમાં પોતાનું રાજ્ય હારી બેઠો. કુબેરે તો હર્ષ પામીને નળને કહ્યું. "હવે તું દેશ ત્યજીને ચાલ્યો જા." કહ્યું છે કે–પ્રાણીએ પારકુ ધન ન લેવું; કારણ કે એમ કરવાથી તે નરકગતિ પામે છે.

દ્યૂત જેવા કુવ્યસનના સેવનથી પોતાનું રાજ્ય ત્યજીને નળરાજા જેવા મહાત્મા પુરૂષને વનને વિષે નીકળી જવું પડયું. ત્યાં પ્રિયા સહિત એકલા ચાલતા, પગને વિષે પેસી જતા કંટક આદિની વ્યથા સહન કરતા, પ્રિયાને પવન નાંખતા, શ્રમિત થતી ત્યારે તેણીના ચરણને દાબતા અને તૃષાતુર થતી ત્યારે પદ્મના પુટને વિષે તેણીને જળ લાવીને પાતા, સત્વનું અવલંબન કરતાં છતાં પણ જ્યારે નળ રાજા શ્રમિત થતો, ત્યારે દમયંતી તેના ચરણ ચાંપવા જતી તેણીને પણ તે નિવારતો. આમ કરતાં કરતાં મધ્યાન્હ થયો; ત્યારે દંપતીએ ફળ ફુલ મેળવી તેનો આહાર કર્યો ને સાયંકાળે કોઈ લતાગૃહનો આશ્રય લઇ તેમાં રાત્રી વ્યતીત કરી. અન્યદા જ્યારે સૂર્યનાં તીક્ષ્ણ

કિરણોથી ત્રાસ પામતાં ત્યારે તેઓ અંધકારમય એવા વનના ગાઢ વૃક્ષોનો આશ્રય લેતાં.

એકદા વનને વિષે દમયંતી સરોવરના જળથી પ્રિય નળ રાજાના ચરણ પ્રક્ષાલન કરતી હતી, તે વખતે નળે તેણીનું મ્લાન વદન દેખીને ચિત્તને વિષે વિચાર્યું, "અહો ! ક્યાં આ પ્રવાલના જેવી સૌમ્ય પ્રિયા અને ક્યાં આ દુઃખથી પૂર્ણ માર્ગ ? ક્યાં તે મારૂં રાજ્ય અને ક્યાં આ અકથ્ય દુઃખદાયક વનવાસ ?" પછી નળ રાજાએ વિશ્રામ લેવાને અર્થે કોઇ મનોહર શિલાતળ ઉપર કેળના પત્રોની શય્યા રચી અને તે ઉપર દંપતી હાથનું ઓશીકું કરી પરમેષ્ટિ મંત્રનો ઉચ્ચાર કરીને સૂઈ ગયા; પણ બહુ દુઃખી થયેલો એવો નળરાજા ( દમયંતી નિંદ્રાવશ થયા પછી ) ચિંતવવા લાગ્યો. "મ્હારે અહિં બહુ દુઃખ છે. એક તો વનવાસ, તેમાં વળી દરિદ્રતા ને તેમાં પણ આ પ્રિયા સાથે છે તે પગબંધન છે; માટે તેણીને ત્યજીને જતો રહુ" આવો વિચાર કરીને તેણીના ચીરને ફાડી અર્ધ પોતે લઇ ધીમેથી જવા તૈયાર થયો, ને પ્રિયાના વસ્ત્રને છેડે આ પ્રમાણે લખતો ગયો. "હે વામાંગી ! ડાબી બાજુએ કુંડિનપુર જવાનો માર્ગ છે અને અહિં કેસુડા ઉગ્યાં છે તેની દક્ષિણ દિશાએ કોશલા નગરી આવેલી છે, માટે હે ગજગામિની તને રુચે ત્યાં જજે. હું ક્યાંય પણ મારૂં મુખ બતાવવાને અસમર્થ છું." એ પ્રમાણે અક્ષરો લખીને નળ રાજા ગૂઢ દુઃખને લીધે રૂદન કરતો તથા ફરી ફરી પાછો વળીને પ્રિયાના મુખકમળને જોતો ચાલી નીકળ્યો. તે મનોગત બોલ્યો. "હે વિધાતા ! તેં આ દમયંતીને સર્વ કરતાં સુંદર ઉત્પન્ન કરી છતાં તું એ મહાત્માની વલ્લરી જેવીને કેમ દુઃખી કરે છે ? હે વન દેવતાઓ ! તમે પ્રસન્ન થઈને મ્હારૂં કહેવું શ્રવણ કરો, આ મ્હારી પ્રિયાને માર્ગે જતાં ઉપદ્રવ ન થાય તેમ તમારે કરવું." એમ કહી વળી ત્યાં સુધી પાછો ફરી જોતો ચાલ્યો કે, જ્યાં સુધી

એ દમયંતી તેની દૃષ્ટિમર્યાદામાં રહી. તેણીને વનના હિંસક પ્રાણીઓથી લેશ માત્ર પણ ભય ન ઉપજે, એવા વિચારમાં તેણે ફરી ફરી આવવું જવું કર્યું. વળી તે પોતાને સંબોધીને કહેવા લાગ્યો. “હે ક્રુરાત્મા નળ! ત્હારી પ્રિયા આ પ્રમાણે વનને વિષે એકલી સૂતી છે, તેમાં તને કેવી રીતે સુખ પ્રાપ્ત થવાની આશા રહે છે?” આવા વિચારમાં ને વિચારમાં નળે રાત્રી નિર્ગમન કરી.

પછી ત્યાંથી આગળ ચાલતાં એક બળતી જ્વાળાવાળો વનદવ નળની દૃષ્ટિએ પડયો. તે દવમાં બળવાથી આક્રંદ કરતો કોઈનો સ્વર નળે સાંભળ્યો. તેથી તે તેની પાસે ગયો, તો તેણે મનુષ્યની વાણી સાંભળી કે “હે ઈક્ષ્વાકુ વંશરૂપી સમુદ્રના ચંદ્રમા! વિશ્વના વત્સલ નળ રાજા! મને આ દવમાંથી સળગતો બચાવ.” ત્યાં તો તેણે એક સર્પને બળતો જોયો એટલે મહા ધીર એવો નળ રાજા બોલ્યો, “હે નાગદેવ! તેં કેવી રીતે મ્હારૂં નામ જાણ્યું? અને સર્પના દેહને ધારણ કરનારો છતાં તું કેવી રીતે મનુષ્યની વાણી બોલી શકે છે?” સર્પે ઉત્તર આપ્યો. “હે મહારાજા? હું પૂર્વ ભવે મનુષ્ય હતો, તેના સંસ્કારને લીધે આ મનુષ્યની વાણી જાણું છું. વળી મને અવધિજ્ઞાન પણ છે, તેથી હું આ સકળ જગતને મ્હારા હસ્તને વિષે રહેલું સ્પષ્ટ જોઉં છું.” પછી નળ રાજા બોલ્યો. “ત્યારે તું આ મ્હારા વસ્ત્રના પલ્લવને અવલંબીને બહાર નિકળ.” તે પ્રમાણે કરીને સર્પ બહાર નીકળ્યો ને તત્ક્ષણ તેના ઉદ્ધારકર્ત્તા (નળ રાજા) ને જ કરડયો; તેથી તેનું રૂપ કૂબડું બની ગયું. એટલે નળે તેને હાથથી ઉલાળીને ભૂમિ ઉપર નાંખી દીધો; પછી તે સર્પને કહ્યું; “હે સર્પરાજ! તેં મ્હારા ઉપર બહુ સારો ઉપકાર કર્યો!” પછી નળ પોતાના અંગને કુબ્જ થએલું જોઈને વૈરાગ્ય પામી સંયમ લેવાને ઈચ્છાતુર થયો; એટલે પેલો સર્પ દિવ્ય સ્વરૂપ ધારણ કરીને કહેવા લાગ્યો. “હે વત્સ! હું ત્હારો પિતા નિષધ છું, વિષાદ ન કર.

દીક્ષાના પ્રભાવથી હું બ્રહ્મદેવલોકને વિષે દેવતા થયો છું. ત્યાં ત્હારૂં દુઃખ જોઇને ઉપકાર કરવાને અહિં આવ્યો છું. મેં તને વિરૂપ કર્યો છે તે એટલા માટે કે, તું એકલો હોવાથી શત્રુઓ તને ઉપદ્રવ કરે નહી. ત્હારા પૂર્વ ભવના કર્મના વિશે તને કેટલોએક કાળ આપત્તિ રહેશે, પણ અંતે તને ત્રણ ખંડનું રાજય પ્રાપ્ત થશે. યોગ્ય સમય આવશે ત્યારે તને હું દીક્ષા લેવાનું કહીશ. હમણાં તું આ શ્રીફળ ગ્રહણ કર, તથા આ કરંડીયો લે; તે તું ત્હારી પાસે રાખજે. જ્યારે ત્હારૂં મૂળ સ્વરૂપ પ્રકટ કરવાની ઈચ્છા થાય, ત્યારે આ શ્રીફળમાંથી વસ્ત્ર કાઢીને પહેરજે, તથા આ કરંડીઆમાંથી હીરાદિક આભરણ લઈને તે તું ત્હારે શરીરે આરોપજે; એટલે ત્હારૂં મૂળ રૂપ પોતાની મેળે પ્રકટ થશે." આ પ્રમાણે તે બન્ને વસ્તુઓનો મહિમા જણાવ્યા પછી તે દેવ બોલ્યો. "હે વત્સ! તું અહિંથી સુસુમાર નગરે જજે." ત્યારે નળે કહ્યું. "એનો માર્ગ વિષમ છે માટે આપ મને ત્યાં પહોંચાડો." દેવે તેને સુસુમાર નગરની બહાર મૂકયો, ત્યાંથી તેણે પછી અંદર પ્રવેશ કર્યો.

આ વખતે નગરની અંદર મહા કોળાહળ થઈ રહ્યો હતો. 'તે શું છે?' એમ મનમાં ચિંતવતો નળ આગળ જાય છે, તેવામાં મદોન્મત્ત થયેલો રાજાનો પટ્ટહસ્તી આલાન સ્તંભને ત્રોડી નાંખી વૃક્ષ, મનુષ્ય આદિને છુંદી નાંખતો રસ્તે ચાલ્યો જતો હતો; તેને તેણે જોયો. આવા હસ્તીને આમ મસ્તી કરતો જોઇને રાજાએ કહ્યું. "અરે લોકો! સાંભળો, જે કોઈ આને વશ કરવાને સમર્થ હોય, તેને હું બહુ સંપત્તિ આપીશ." તે સાંભળીને પરાક્રમી એવો નળ, હસ્તીની સન્મુખ દોડયો. લોકો કહેવા લાગ્યા કે, "અરે કુબ્જ! મરવું રહેવા દે." પણ એમના નિવારણને ન ગણકારીને 'તે હસ્તીમાં કેટલું સામર્થ્ય છે?' તે જોઇને તેની પાસે ગયો ને કહેવા લાગ્યો. "અરે મદોન્મત્ત હસ્તી! આ સ્ત્રીજન તથા બાળક પ્રમુખને શું

હણે છે? હારી પ્રાસે આ ઉન્મત્ત કેસરીસિંહ ઉભો છે તેની સામે આવી જા." પછી નળે ક્રોધાંધ એવા એ હસ્તીને ઘણી વાર સુધી ફેરવીને તેની આગળ પોતાનું વસ્ત્ર લાંબુ કરીને પાથર્યું; અને પોતે તત્ક્ષણ તેની પાછળ જઇને ઉભો; એટલે તે હસ્તી તે વસ્ત્રને પુરૂષ ધારીને તેને પ્રહાર કરવા લાગ્યો. એટલામાં તેનો કાન ઝાલીને નળ તેના સ્કંધ ઉપર ચઢી બેઠો, અને તેના મર્મ સ્થળ ઉપર એવી રીતે તાડના કરી કે, તે સ્થંભની પેઠે નિશ્ચળ ઉભો રહ્યો. પછી ત્યાંથી તેણે તેને લઇ જઈ આલાનસ્તંભે બાંધ્યો. નળનું આવું પરાક્રમ જોઈને તે નગરના દધિપર્ણ રાજાએ તેના કંઠને વિષે રત્નમાળા પહેરાવી; પછી તેને ઉત્તમ વસ્ત્રાભરણથી સન્માન આપીને પોતાની પાસે બેસાડીને પૂછયું, "તમારો કયો વંશ?" ત્યારે કુબ્જે કહ્યું. "મ્હારી જન્મભૂમિ મનોહર કોશળા છે. મ્હારો સ્વજન વર્ગ પણ ત્યાંજ સુખે રહે છે. હું નળ રાજાનો હુંડિક નામે રસોઈઓ છું. તેથી તેની પ્રીતિને લીધે સર્વ કળામાં પ્રવીણ થયો છું. એ નળ રાજા સૂર્યની કૃપાથી સૂર્યપાક રસોઈ કરી જાણે છે, તે હું પણ જાણું છું, અન્ય કોઈ રાજા એ જ્ઞાન ધરાવતો નથી. હમણાં દુર્દૈવને લીધે પોતાના ભાઈ કુબેરની સાથે જુગાર રમવાથી પોતાનું રાજ્ય ખોઈ પ્રિયા દમયંતીને સાથે લઈને એણે વનવાસ અંગીકાર કર્યો છે, એ કોણ જાણે કયાંય મૃત્યુ પામ્યા હશે!" નળ રાજાનું આવું વૃત્તાંત સાંભળીને તેના ગુણને ક્ષણ ક્ષણ સ્મરણ કરતો દધિપર્ણ નૃપતિ વિષાદ પામી ચિંતવવા લાગ્યો. "સંસારની સ્થિતિ જ આવી છે; લક્ષ્મી વિજળીની પેઠે ચંચળ છે; આ યૌવન પણ થોડા દિવસનું છે; સુખને પ્રાંતે દુઃખ જ છે; આ શરીર નિરંતર વ્યાધિ યુક્ત છે; ખરા મિત્ર મળવા બહુ કઠણ છે, અથવા બહુ બોલવાથી શું? આ સંસાર જ અસાર છે; માટે હે જીવ! સાવધ થઈ જાગતો રહે."

એકદા રાજાએ કુબ્જને કહ્યું, "સૂર્યપાક રસવતી તને આવડે

છે તો તે એકવાર કરીને જમાડ," એમ તેને બહુ બહુ આગ્રહપૂર્વક કહ્યું, ત્યારે તેણે પોતાની વિદ્યાનું સ્મરણ કરી શાળિના તાંદુલથી પૂર્ણ એક થાળ નિપજાવ્યો; પછી તેમાં તેણે સૂર્યપાક રસવતી બનાવીને સર્વને જમાડયા. તે ઉપરથી રાજાએ તેને પાંચસો ગામ બક્ષીસ આપ્યાં, પણ તે તેણે લીધાં નહી; ત્યારે દધિપર્ણ નૃપતિએ તેને ફરીને કહ્યું. "ત્યારે તું તને જે પ્રિય હોય તે માગી લે." કુબ્જના રૂપમાં રહેલા નળ રાજાએ તે ઉપરથી કહ્યું; "હે રાજન્ ? જેટલી પૃથ્વીને વિષે આપનું શાસન (રાજ્ય) પ્રવર્તે છે, તેટલી પૃથ્વીમાં દ્યુત, મદ્ય, માંસ આદિનો નિષેધ કરાવો. કારણ કે, એ બહુ પાપનાં મૂળ છે." રાજાએ એ વાતની હા કહી અને એ સર્વ વ્યસનનો નિષેધ કરાવ્યો. એમ એ રસોઈઆ રૂપે રહેલ કુબ્જ રાજાનો માનીતો થઇ સુખે રહેવા લાગ્યો.

એકદા એ કુબ્જ સરોવરને તીરે તરુવરની છાંયામાં બેઠો હતો, તેવામાં કોઇએક દેશાવરથી આવેલો પુરુષ તેને સર્વાંગે સુંદર જોઇને ગીત ગાતો, ધાતો કરતો કુબ્જને કહેવા લાગ્યો. "હું અનાર્ય; નિર્લજ ! દુર્બુદ્ધિ અને આત્માને હણનાર એવા માણસોની પંક્તિમાં નળ રાજાને મૂકું છું, કે જે નળરાજા પોતાની વિશ્વાસુ, પ્રેમની ભાજન અને સ્નેહવતી એવી વલ્લભા (સ્ત્રી) ને વનને વિષે એકલી સૂતી મૂકીને જતો રહ્યો; પણ પોતેજ ત્યાં બળીને કેમ ભસ્મ ન થયો !" એ સાંભળીને કુબ્જ બોલ્યો. 'તેં વાત તો સારી કાઢી. ભાઇ, તું કયાંથી આવે છે ? અને નળ રાજાનો વૃત્તાંત કયાંથી જાણે છે ?" તેણે કહ્યું. "હું કુંડિનપુરથી આવું છું ને દમયંતીની પાસેથી આ વૃત્તાંત મેં સાંભળ્યો છે." કુબ્જે કહ્યું. "મેં દમયંતીના ત્યાગ સુધીની વાત તો સાંભળી છે, પણ નળ રાજાએ તેણીને ત્યજી દીધી ત્યાર પછી શું થયું ?" પેલો ઉત્તર આપવા લાગ્યો. "વિદર્ભ-દેશના રાજાની પુત્રીને નળ રાજા ત્યજીને જતો રહ્યો, ત્યાર પછી રાત્રીને અંતે તેણીએ એવું સ્વપ્ન દીઠું કે, 'હું આમ્રફળ ખાવાની

ઇચ્છાથી તેના વૃક્ષ ઉપર ચઢી, પણ એટલામાં એક હસ્તીએ આવીને તે વૃક્ષ ઉખેડી નાંખ્યું, એટલે હું ભૂમિ ઉપર પડી.' પ્રભાતે જાગી પતિને ન જોવાથી આમ તેમ દૃષ્ટિ ફેરવી ચિત્તને વિષે વિચારવા લાગી, "હે દુર્દૈવ ! બળેલી એવી મને તું શું કરવા ખેદ પમાડે છે? કારણ કે, આવી દશાને પ્રાપ્ત થયેલી છતાં મ્હારા પતિને નજરે દેખતી નથી, અરે ! મ્હારા પતિ મુખ ધોવાને સરોવરે ગયા હશે, કે તેને કોઇ દેવ યા દાનવ હરી ગયું હશે? અથવા તે ક્રીડા અર્થે આ વનમાં ક્યાંય ફરતા હશે?' એમ બોલતી, આમ તેમ ફરતી જોતી પતિને ક્યાંય પણ ન દેખવાથી તે વિલાપ કરવા લાગી. તેણીને જોઇને પાસે રહેલા પક્ષીઓ પણ રૂદન કરવા લાગ્યા. એમ કરતાં તેણીને મૂર્છા આવી, તે બહુ કાળે વળી. સચેતન થઈ એટલે તે પોતે દીઠેલા સ્વપ્નનો અર્થ વિચારવા લાગી. "મેં જે આંબાનું વૃક્ષ દીઠું, તે તો મ્હારા પૂજ્ય ભર્તાર; ફળ તે રાજ્યલક્ષ્મી; વૃક્ષને ઉન્મૂલન કરનાર જે હસ્તી જોયો તે કૂબેર. તેણે ફરી મને પછાડી તે એમ સૂચવે છે કે, મને મ્હારા પતિનો વિયોગ થયો." આમ વિચારી, તે પોતાના પૂર્વ ભવનો દોષ કાઢી રડતી હતી. તેવામાં આંસુ લુંછતાં તેણીએ પોતાના વસ્ત્રને પલ્લવે અક્ષરો "મૂકીને જઉં છું; તું તેમાં મ્હારૂં દૂષણ ગણીશ નહી." આવું વાંચીને દમયંતીએ વિચાર્યું કે, "હું તેના હૃદયમાં જ છું, પણ સકારણ મને મૂકીને તેને જવું પડયું છે; માટે હવે હું તેણે લખેલ રસ્તે પિતાને ત્યાં જઉં. કારણ કે પતિથી શુન્ય એવી સ્ત્રીઓને પિતાનું ઘર એજ શરણ છે." એમ વિચારી હૃદયને વિષે નળનું જ સ્મરણ કરતી તે કુંડિનપુર ભણી ચાલી.

રસ્તે ચાલતાં ઘણાં ડાભના કાંટાથી તેણીના ચરણ ભેદાવાને લીધે માંહિથી નીકળતા રૂધિરથી તે જાણે પૃથ્વીને લાખના તિલકથી અંકિત કરતી હોયની ! શરીર પરસેવાથી ભીનું થવાથી, ને તે ઉપર રજ ચોંટવાથી, હંસીના જેવી દેખાતી; દમયંતીએ વનને વિષે પ્રવેશ

કર્યો; તે વન મધ્યે તેને પારધિ લોકો માતા સમાન ગણવા લાગ્યા. ભુજંગો જાંગુલિ મંત્ર સમાન અને વનહસ્તીઓ સિંહણ જેવી ગણવા લાગ્યા. આવા વનને વિષે જતાં પણ, તેણીના શીયળના પ્રભાવથી સિંહ આદિ હિંસક પ્રાણીઓ તેણીને અત્યંત સહાય્યરૂપ થઇ પડ્યા. એવામાં તેણીએ એક મ્હોટો સાર્થ જોયો, તેથી સ્વસ્થ થઇને તેની પાસે ગઇ; એટલામાં તો વિષયો જેમ કામી પુરૂષને રૂંધે, તેવી રીતે ચોર લોકોએ સાર્થને રોકચો. એ ઉપરથી તે તેમને કહેવા લાગી. "અરે ચોર પુરૂષો ! જેમ સુવરનો (નાળીએરીની ટોચ સુધી પહોંચી) નાળિએર લેવાનો ઉદ્યમ નિષ્ફળ છે, તેમ તમારો ઉદ્યમ પણ અહિં નિષ્ફળ છે." સંઘને લૂંટવાને તૈયાર થએલાઓને આ પ્રમાણે કહી હુંકારાથી ત્રાસ પમાઠી નસાઠી મૂકચા. તે જોઇને સાર્થપતિ વસંત સહપરિવાર તેણીની પાસે આવી મહાસતી કુળદેવતાના જેવી જાણતો તેણીને બહુ બહુ નમન કરવા લાગ્યો. તેણે પૂછ્યું. "હે કલ્યાણિ ! આ નિર્જન વનમાં ભમતી અમારા પુન્ય યોગે અહિં આવી ચઢી તે તું કોણ છે ?" તેણીએ ઉત્તર આપ્યો. "વિદેશ ગયેલા નળ રાજાની હું દાસી છું." એ સાંભળી સાર્થપતિએ તેણીને પોતાની બ્હેન ગણી પોતાની પાસે રાખી; પણ એવામાં તો અનુક્રમે વર્ષાઋતુ આવી તેથી સાર્થ તો આગળ ચાલી શકે તેમ નહોતો, એટલે તેને બહુ દિવસ સુધી વિલંબ થશે, એમ જાણીને સાર્થપતિને કહ્યા વિનાજ દમયંતી એકલી આગળ ચાલી નીકળી.

માર્ગમાં એક રાક્ષસ સામો મળ્યો, તેને દમયંતીએ કહ્યું. "જો તું મને મારીશ તો નિશ્ચે તું મૃત્યુ પામીને નરકગતિ પામીશ. અથવા બળીને ભસ્મ થઇશ." તેણીનાં આવાં સત્ય વચન શ્રવણ કરી, સંતુષ્ટ થયેલો રાક્ષસ બોલ્યો. "હે સ્ત્રી ! બોલ ત્હારૂં શું અભિષ્ટ કરૂં ?" દમયંતીએ કહ્યું, "આપ જ્ઞાનબળે કહો કે, મને મ્હારા પતિ સાથે ક્યારે સંયોગ થશે ?" રાક્ષસે કહ્યું. "બાર વર્ષ પછી સંયોગ થશે."

રાણીએ કહ્યું. "તમારૂં કહેવું સત્ય હોજો." ત્યાર પછી રાક્ષસ "ત્હારૂં કલ્યાણ થાઓ" એમ કહીને પોતાને સ્થાનકે ગયો. તેના ગયા પછી તેણીએ અભિગ્રહ લીધો કે, "જ્યાં સુધી પતિનો મેળાપ થાય નહી, ત્યાં સુધી મ્હારે તાંબૂળ, રંગીન વસ્ત્ર, પુષ્પ, આભૂષણ અને વિગય (ઘી) એ સર્વ વર્જિત છે." ત્યાંથી આગળ ચાલતાં એક મહાન્ ગુફા આવી, તેમાં રહેવા લાગી. વળી ત્યાં તીવ્ર તપશ્ચર્યા કરતી તે પોતાની મેળે પડતાં પત્ર પ્રમુખથી પારણું કરતી હતી. આમ પંચ પરમેષ્ઠિ નમસ્કારનું સ્મરણ કરતી તે રાણી ત્યાં કેટલોએક સમય રહી.

આ પ્રમાણે દમયંતિ ત્યાં રહેતી હતી, તેવામાં એકદા કોઇએ ગુફાના દ્વાર પાસે આવીને તેણીને કહ્યું. "હે સ્ત્રી! મેં તારા પતિને અહિં પાસે જ જોયો છે; હું શીઘ્ર જઉં છું. કારણ કે સાર્થ મારા માટે થોભશે નહી." તે સાંભળી દમયંતી આરંભેલું ધ્યાન સમાપ્ત કરી, પેલા પુરુષે બતાવેલે માર્ગે ચાલી; પણ વનમાં ચાલતાં તે એકલડી પડી ગઈ. એવામાં એક દુષ્ટ રાક્ષસી સામી આવી, પણ તે તેણીના શીયળ પ્રભાવથી સ્તંભી ગઈ. એટલે તેની ક્ષમા માગીને તે પોતાના સ્થાને જતી રહી. અનુક્રમે આગળ ચાલતાં તે તૃષાતુર થઈ; એટલે તેણીએ પોતાના શીયળના મહાત્મ્યથી ભૂમિ ઉપર પગ પંછાડીને નદી પ્રકટ કરી. તેમાંથી પાસે રહેનારા તાપસો પણ જળપાન કરવા લાગ્યા. એમ કરતાં કરતાં તે ધનદેવ નામના સાર્થવાહની સાથે અચળપુર ગઈ; ત્યાં ગામ બહાર રહી. ત્યાં ઋતુપર્ણ રાજાની સ્ત્રી ચંદ્રયશા હતી, તે દમયંતિની માસી થતી હતી, તેણીને પોતાની દાસી મારફતે ખબર મળી કે, "નગરની બહાર કોઇ દેવસુંદરીતુલ્ય રૂપવંતી સ્ત્રી આવી છે." તે ઉપરથી તેણીએ દમયંતીને તેડાવી પોતાને ઘેર રાખી. તેણીએ દમયંતીને ઓળખી નહી; તેમ દમયંતીએ પણ ઓળખાણ કાઢી નહી, તેણીને પૂછવામાં આવ્યા છતાં તેણીએ પોતાનું ગૂઢ વૃત્તાંત

પ્રકટ કર્યું નહીં. તો પણ ચંદ્રયશાએ તેણીને પોતાની પુત્રીની પેઠે ગૌરવપણે રાખી. તે પણ માસીની આજ્ઞાથી નિરંતર દાન દેવાનું કામ કરતી.

એવામાં હરિમિત્ર નામનો કુંડિનપૂરનો બ્રાહ્મણ રાજાની રજા લઇને ચંદ્રયશા પાસે આવ્યો; ત્યાં ચંદ્રયશાએ પોતાના કુટુંબ સંબંધીઓના કુશળ સમાચાર પૂછ્યા, એટલે તેણે કહ્યું, "નળ અને કૂબેર બન્ને ભાઇઓ દ્યુત રમ્યા, તેમાં નળ હાર્યો, તેથી પોતાની પ્રિયા દમયંતીને લઈને તે વનમાં ગયો છે, ત્યાં પણ તેણીને એકલી સૂતી મૂકીને પોતે અન્યત્ર જતો રહ્યો છે. આવા વૃત્તાંતથી ભીમ રાજા અને પુષ્પદંતી રાણી બહુ દુઃખી થયાં છે. તેમણે મને એ બન્નેની શોધમાં મોકલ્યો છે. હું દેશે દેશ અને ગામે ગામ ફરીને અહિં આવ્યો, પરંતુ મેં તેમને કયાંય પણ દીઠાં નહી" આ સાંભળીને ચંદ્રયશાએ બહુ રૂદન કરવા માંડયું ને રાજકુળ પણ વિલાપ કરવા લાગ્યું. પછી ક્ષુધાતુર થયેલો એ હરિમિત્ર વિપ્ર દાનશાળાને વિષે ગયો, કે જ્યાં ચંદ્રયશાની આજ્ઞાથી દમયંતી દાન દેતી હતી; ત્યાં તેણે દમયંતીને દીઠી; એટલે તે બહુ ચકિત થઈ તેણીને નમન કરીને બોલ્યો. "હે દમયંતી ! હું તારા માટે ફરી ફરીને થાકયો, પણ મેં તને કયાંય દીઠી નહી. આહા ! રત્ન તો ઘરમાં જ હતું ને હું મૂઢ તેને શોધવાને આખી પૃથ્વી ફરી આવ્યો. પછી તેણે દમયંતીની વાત રાજાને તથા તેની રાણી જે દમયંતીની માસી થતી હતી, તેણીને નિવેદન કરી હર્ષ પમાડયાં. સર્વેનાં શોકનાં આંસુ તે હર્ષનાં આંસુ થયાં, અને દમયંતીનો યશવાદ ગવાયો. ચંદ્રયશા શીઘ્ર દાનશાળાને વિષે ગઈ; ત્યાં દમયંતીને ગાઢ આલિંગન દઈ કહેવા લાગી. "મને ધિક્કાર છે ! કે મેં તને મારી ભાણેજ થતીને ઓળખી નહીં ! હે પુત્રી ? તેં પણ આત્માને ગોપવી રાખી શા સારૂ મને છેતરી ?" આમ કહી તે તેણીને પોતાને મહેલ લઈ આવી. અને તેણીને સુગંધિ જળવડે સ્નાન કરાવ્યું.

અને દુકૂળ વસ્ત્ર પહેરાવ્યાં. પછી તેણીનો હાથ ઝાલીને તેણીને ચંદ્રયશાએ પોતાની પાસે બેસાડી. રાજાના પૂછવા ઉપરથી દમયંતીએ રડતાં રડતાં પોતાને રાજ્ય મૂકવું પડયું તે વૃત્તાંત કહી બતાવ્યો. તેણીનાં આંસુ લૂછતાં લૂછતાં રાજા બોલ્યો. "હે પુત્રી ? એમાં લેશ પણ ખેદ કરવાનું પ્રયોજન નથી; કર્મની ગતિ જ એવી છે." પછી હરિમિત્ર વિપ્રે રાજાને કહ્યું, "દમયંતી અહિં ચિરકાળ રહી છે, હવે તેણીને તેણીના પિતાને ત્યાં મોકલો." તે ઉપરથી રાજાએ તેણીને સેના સહિત કુંડિનપુર મોકલી; એટલે પુત્રીને આવતી જાણી તેણીના માતા પિતા (ભીમ રાજા તથા તેની રાણી) સન્મુખ આવ્યાં. દમયંતી માતા પિતાને ચરણે પડી. સર્વને હર્ષનાં આંસુ આવ્યાં, અને પુત્રીને ઘેર લઈ ગયા. ત્યાં તેણે સાત દિવસ સુધી ઉત્સવ કર્યો; તેને અંતે પિતાએ પૂછવા ઉપરથી દમયંતીએ પોતાને વિદેશ નીકળવું પડયું, તેનો વૃત્તાંત કહ્યો. પછી ભીમ રાજાએ કહ્યું, "હે પુત્રી ? તું અહિં સુખમાં રહે, જેમ તારો મનોરથ સિદ્ધ થશે તેમ અમે યોજના કરીશું. પછી ભીમ રાજાએ હરિમિત્ર બ્રાહ્મણને પાંચસો ગામ આપ્યાં ને વળી કહ્યું. "જ્યારે નળરાજા આવશે ત્યારે તને અર્ધ રાજ્ય આપીશ."

એકદા દધિપર્ણ રાજાએ ભીમ રાજાને પોતાનો મિત્ર કરવાને અર્થે એક દૂત મોકલ્યો. તે ભીમ રાજાનો સારો સત્કાર પામી કહેવા લાગ્યો. "હે દેવ ? અમારા દધિપર્ણ રાજા પાસે નળ રાજાનો એક રસોઇઓ આવ્યો છે, તેને સૂર્યપાક રસોઈ કરતાં આવડે છે. વળી તે હસ્તીને વશ કરવા પ્રમુખ કળાઓ પણ જાણે છે." આ સાંભળીને ભીમ રાજાએ દમયંતીને પૂછ્યું, ત્યારે તે કહેવા લાગી. "સૂર્યપાક રસોઇ તેના (નળ) વિના અન્ય કોઇ જાણતું નથી, માટે એ કોઈ ગૂટિકા કે દેવે આપેલા મંત્રથી પોતાની આકૃતિ ગોપવીને રહેલા તમારા જમાઈજ હશે. તે સાંભળીને ભીમ રાજાએ શિખામણ દઇને એક કુશળ દ્વિજને દધિપર્ણ રાજા પાસે મોકલ્યો. તે તો તે કુબ્જને

જોઇને જ ખેદ પામી ચિત્તને વિષે વિચારવા લાગ્યો. "ક્યાં મુક્તાફળીની ભ્રાંતિ કરાવનારી દમયંતી ! ને ક્યાં દેહધારી લક્ષ્મીનો પુંજ હોયની એવો દેવસ્વરૂપ નળરાજા ! ક્યાં આ કુત્સિત અને શ્યામમુખી કૂબડો ! ક્યાં કલ્પવૃક્ષ ને ક્યાં એરંડો ! ક્યાં માણિક્ય ને ક્યાં કાચનો કકડો ! ક્યાં દમયંતી ને ક્યાં આ કુબ્જ ! હા ! દમયંતીના સર્વ મનોરથ અને શકુનાવળી વ્યર્થ છે." આ વખતે નળરાજા "હા ! પરીક્ષક-એવા વિધિએ આવા દંપતીનો વિયોગ કરાવ્યો !" એમ કહીને વિલાપ કરવા લાગ્યો; એટલે પેલાએ પૂછ્યું. "કેમ તમે નળનું નામ સાંભળીને રૂદન કરો છો ?" કુબ્જે કહ્યું. "હું નળરાજાનો બ્રાહ્મણ છું, તેથી મને શોક થાય છે. ભાઈ ? તેં આ કથા કહી, તેથી નિશ્ચે તું સત્કારને યોગ્ય છે, માટે ચાલ મારા આવાસે." એમ કહી નળે પેલા દ્વિજને પોતાને આવાસે લઈ જઈ સૂર્યપાક રસવતી કરીને જમાડી, અને પોતાને પૂર્વે મળેલું આભરણાદિક તેને આપ્યું.

પછી તે વિપ્રે વિદર્ભી નગરીએ જઇ ભીમ રાજા તથા દમયંતીને કુબ્જનું સ્વરૂપ કહ્યું. "તેણે મને સૂર્યપાક રસવતી જમાડી, તે સાથે એક લક્ષટંક દ્રવ્ય પણ આપ્યું. વળી મારી સાથે વાત કરતાં કરતાં તે રૂદન કરતો હતો." આ સર્વ સાંભળીને દમયંતીએ પિતાને કહ્યું. "હે તાત ? હવે તમારે વિચાર કરવાનો નથી; તે કુબ્જના રૂપમાં રહેલા મ્હારા પતિજ છે, એક વાર ફક્ત તેને અહિં લાવો એટલે પછી હું તેના શરીરના આકાર ઉપરથી તેને ઓળખીશ." પછી ભીમ રાજાએ કહ્યું. "ત્યારે હું એને અહિં મિથ્યા સ્વયંવરમંડપના મિષથી બોલાવું છું." એમ કહી મિથ્યા મંડપ રચાવ્યો; અને રાજાઓને બોલાવવાને સર્વત્ર કુંકુમપત્રિકાઓ મોકલાવી. એક દુતને કુંકુમપત્રિકા આપીને તેણે દધિપર્ણ ભૂપતિની પાસે પણ મોકલ્યો. દધિપર્ણને દૂતે જઈને પત્રિકા આપી તેમાં "ચૈત્ર શુદિ પંચમીને દિવસે વિદર્ભ રાજાની પુત્રી દમયંતીના વિવાહને અર્થે

સ્વયંવરમંડપ રચવામાં આવ્યો છે.” એવું વાંચીને તે બોલ્યો. “લગ્નનો દિવસ ટુંકડો છે અને તે નગર તો બહુ દૂર છે,” એમ વિચારતો તે વિષાદમાં પડયો. તેને જોઈ કુબ્જ કહેવા લાગ્યો. “હે સ્વામિન! ખેદ શા માટે કરો છો? તમારી જો ત્યાં જવાની નિશ્ચે ઇચ્છા હોય તો, બે અશ્વ સહિત એક ઉત્તમ રથ જોડાવી મંગાવો. હું સારથી થઈશ ને મ્હારી મંત્ર શક્તિના પ્રભાવથી તમને ત્યાં ઝટ પહોંચાડીશ. પાનદાની, છત્ર અને ચામર ધરનારાઓથી પરિવૃત દધિપર્ણ નૃપતિ, કેડને વિષે બાંધેલા તીરના ભાથાથી શોભતો કુબ્જ સારથી સહિત રથમાં બેસીને ચાલ્યો. અશ્વના કાનમાં મંત્ર કહીને કુબ્જે રથ ચલાવી મૂકયો. રથ આકાશ માર્ગે ચાલ્યો. તેવામાં દધિપર્ણે કહ્યું. “હે કુબ્જ! મ્હારી પછેડી પડી ગઈ છે માટે રથને થોભાવ કે, તે લઈ લેવાય. કુબ્જે હસીને કહ્યું. “હે દેવ! આપની પછેડી જ્યાં પડી તે સ્થળથી તો આપણે પચીસ યોજના દુર નીકળી આવ્યા છીએ. આ તો મધ્યમ અશ્વો છે; જો ઉત્તમ હોત તો તો તેઓ એક ક્ષણમાં પચાસ યોજન આવ્યા હોત.” પછી એક ફળેલું આંબાનું વૃક્ષ માર્ગને વિષે જોઇને રાજા બોલ્યો. “હે કુબ્જ! આ વૃક્ષ ઉપર કેટલાં ફળ હશે?” તેણે કહ્યું “આપ જ તે ફળની સંખ્યા કહો.” રાજાએ કહ્યું. “એના ઉપર અઢાર હજાર ફળ છે.” તે ઉપરથી કુબ્જે મુષ્ટિઘાતથી સર્વ ફળ પાડી નાંખીને ભૂમિ ઉપર પડેલાં તે ગણી જોયાં, એટલે તે બરાબર તેટલાંજ થઇ રહ્યાં, એટલે રાજાએ કહ્યું. “જો આ પ્રમાણે ક્રીડા કરતા જઇશું તો પહોંચવું અશકય થઈ પડશે.” ત્યારપછી રાજાએ કુબ્જ પાસેથી અશ્વચલન વિદ્યા ગ્રહણ કરી, અને ફળગણન વિદ્યા આપી. હવે રથ સૂર્યની પેઠે ઉતાવળથી ચાલવા લાગ્યો.

એવામાં દમયંતિને રાત્રીને વિષે એક સ્વપ્ન આવેલું હશે, તેથી તેના પિતાને કહેવા લાગી. “હે પિતાજી, ગઈ રાત્રે મેં સ્વપ્નને વિષે એવું જોયું કે, “નિર્વૃત્તિ દેવીએ મને લઈ જઇને કોશલાના

વનમાં મૂકી; ત્યાં મેં એક રસાળ અને પકવ ફળ યુક્ત વૃક્ષ જોયું; તેને કોઈ કમળ ઉપર બેઠેલા પક્ષીએ ભૂમિ ઉપર પાડી નાંખ્યું." દમયંતીનું આવું સ્વપ્ન સાંભળીને ભીમ રાજાએ કહ્યું. "હે પુત્રી? તેં સ્વપ્ન જોયું છે; તે તને એમ સૂચવે છે કે, તને તારા ભર્તારનો મેળાપ (શીઘ્ર) થશે."

પિતા પુત્રી આમ વાત કરે છે, તેવામાં તો દધિપર્ણ રાજાનો રથ નગરીની બહાર આવી પહોંચ્યો. સર્વ રાજાઓની સાથે એને પણ ઉત્તમ ઉતારો આપ્યો, અને તેનું યથોચિત ગૌરવ કર્યું. પછી દધિપર્ણ રાજાને ઉતારે સૂર્યપાક રસવતી થઈ જાણી દમયંતીએ તે કોઈ દાસી પ્રમુખની મારફતે ભિક્ષાને બહાને મંગાવી. તે આસ્વાદન કરીને બોલી. "કુબ્જ નળ રાજા જ છે; તે ફક્ત રૂપપરાવર્તિની વિદ્યાના બળથી જ પોતાનું સ્વરૂપ બદલીને રહ્યો છે." આમ વિચારીને તે સુખાસનમાં બેસી સ્વયંવર મંડપને વિષે આવી; ત્યાં પ્રતિહારિણી પ્રત્યેક નૃપનું વર્ણન કરવા લાગી, પણ તે દમયંતી તો તે સર્વને મુકીને આગળ ચાલવા લાગી. ત્યારે લોકો બોલ્યા. "આને આ રાજાઓમાંથી એક પણ રૂચતો નથી; તો શું કરશે? એ જણાતું નથી." એટલામાં તો તેણીએ સર્વને મુકીને કુબ્જના કંઠને વિષે વરમાળા આરોપી. લોકો હાહાકાર કરવા લાગ્યા. "અહો! આ તેણે શું કર્યું? તેણે તો કુબ્જને અંગીકાર કર્યો!" પછી દમયંતી કુબ્જને કહેવા લાગી. "હે સ્વામિન્! મેં આપને ઓળખ્યા છે, આપનું સ્વરૂપ હવે પ્રકટ કરો. આપ તો આશ્રિતોના કલ્પવૃક્ષ છો." એ સાંભળીને તેણે પોતાનું મૂળ રૂપ પ્રકટ કર્યું. તે વખતે દમયંતીએ લજ્જાથી નીચું જોયું; ભીમ રાજાએ તેને (નળ રાજાને) આસન ઉપર બેસારી અંજળિ જોડીને કહ્યું. "આ મ્હારૂં રાજ્ય તમારૂં છે; દુઃખ ટળીને હવે સર્વ સંપત્તિ પ્રાપ્ત થઈ છે, માટે તમે તેનો યથારૂચિ ઉપભોગ કરો; અમે તો તમારા આ દેશના સેવા કરનારા છીએ." તે વખતે વળી દધિપર્ણ પણ સંભ્રાંત થઇ નમન કરી નળને કહેવા લાગ્યો. "હે રાજન્! મેં અજ્ઞાનપણાથી તમારી પાસે

રસોઇ કરવાનું નીચ કાર્ય કરાવ્યું છે, માટે મારો અપરાધ ક્ષમા કરજો." એટલામાં ધનદેવ સાર્થવાહ દમયંતીને મળવા આવ્યો, તેનો પણ તે દમયંતીએ ભીમ રાજા પાસે સારો સત્કાર કરાવ્યો. વળી તાપસપુરનો સ્વામી અને ઋતુપર્ણ રાજા પણ ત્યાં આવ્યા; તેમને પણ પિતા પાસે દમયંતીએ સારૂં માન અપાવ્યું, આ વખતે ભીમ રાજાએ નવા નવા મહોત્સવો કરાવ્યા. તેમાં એક માસ ક્ષણની પેઠે વ્યતીત થયો.

હવે સર્વ રાજાએ મળીને નળનો રાજ્યાભિષેક કર્યો. પછી નળ રાજા બહુ સૈન્ય લઇને કોશલ નગરી ભણી ચાલ્યો; ત્યાં જઇ દૂત મોકલીને કૂબેરને કહેવરાવ્યું કે, "હવે તું મારી સાથે દ્યૂત રમ; તહિ તો હું તને હણીશ." એ ઉપરથી કૂબેર તેની સાથે દ્યૂત રમ્યો, તેમાં તે હાર્યો, એટલે નળ રાજાએ પોતે પોતાનું રાજ્ય ગ્રહણ કર્યું અને કૂબેરને યુવરાજ કર્યો. પછી ભરતના સર્વ રાજાઓએ આવીને તેને ભેટ પ્રમુખ આપ્યાં, અને તેઓ તેની આજ્ઞામાં રહેવા લાગ્યા. નળે સર્વ દેશને વિષે અમારી ઘોષણા કરાવી; આમ કરતાં કરતાં એક હજાર વર્ષ વ્યતીત થયાં.

એટલામાં એકદા નિષેધ રાજા જે મૃત્યુ પામીને સ્વર્ગમાં દેવતા થયો હતો, તેણે સ્વર્ગ થકી આવીને કહ્યું, "હે નળ! રાજ્યને અંતે નરકગતિ છે, માટે હવે સંયમ ગ્રહણ કર." તે ઉપરથી નળરાજાએ પુષ્કર નામના પુત્રને રાજ્ય સોંપ્યું; અને દમયંતી સહિત દીક્ષા લીધી. નળ રાજા શ્રી શ્રુતસાગર ગુરૂ પાસે શાસ્ત્રાધ્યયન કરી તેમનીજ સંગાથે સવિનય વિહાર કરવા લાગ્યો. પણ તે સુકુમાર હોવાથી પાછળથી સંયમને વિષે શિથિલ થયો; એટલે વળી નિષધ દેવે આવીને તેને દૃઢ કર્યો. પણ તે વારંવાર દમયંતી ઉપર આસક્તિ રાખતો. અંતે અનશન કરીને સ્વર્ગને વિષે કુબેર નામનો દેવતા થયો. દમયંતી પણ દીક્ષા પાળીને કુબેરની સ્ત્રી થઇ, ને ત્યાંથી વસુદેવની પત્ની કનકવતી થઇને અંતે મુક્તિએ ગઈ. નળે પણ સ્વર્ગથી ચ્યવીને મનુષ્ય ભવમાં આવી ત્યાંથી અનુક્રમે મોક્ષ પ્રાપ્ત કર્યો.

卐

# ૧૪. પુષ્પચુલા

ગંગા નદીના તટ પર પુષ્પભદ્રા નામે નગર હતું. ત્યાં પુષ્પકેતુ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને પુષ્પાવતી નામે રાણી હતી. તે રાણીને એકદા બે બાળક સાથે પ્રસવ્યા. તેમાં એક પુત્ર હતો અને બીજી પુત્રી હતી. તે બન્નેનાં નામ પુષ્પચુલ અને પુષ્પચુલા હતાં. સાથે રમત ગમત કરતાં અને મોટાં થતાં તે બન્ને બાળકોને જોઈને રાજાને એક વાર વિચાર થયો કે જો બાળકો લગ્નના કારણે જુદા પડશે તો તેઓનો સ્નેહ ખંડિત થતાં તેઓ મુંઝાઇને મૃત્યુ પામશે—ઝુરી મરશે. વળી હું પણ તેઓનો વિયોગ સહન કરી શકીશ નહિં, એટલા માટે તેઓ બન્નેનો પરસ્પર લગ્ન સંબંધ કર્યો હોય તો જ ઠીક થાય. એવા વિચારે તેણે રાજ સભામાં મંત્રીને સર્વ સન્મુખ પ્રકટપણે પૂછ્યું કે "અંતઃપુરમાં જે રત્નો ઉત્પન્ન થાય તેનો સ્વામિ કોણ?" મંત્રીએ જવાબ દીધો જે "આપ જ તેના સ્વામિ કહેવાઓ." આ ઉપરથી તેણે પુત્ર પુત્રીનો પરસ્પર વિવાહ કર્યો: આ દુષ્કૃત્યથી રાણી ઘણોજ ખેદ પામી; અને વૈરાગ્ય પામીને વ્રત ધારણ કર્યું; તીવ્ર તપશ્ચર્યા કરીને તે રાણી મૃત્યુ પામીને સ્વર્ગને વિષે દેવતાપણે ઉત્પન્ન થઈ. પુષ્પકેતુ રાજા પણ મૃત્યુ પામ્યો; પછી પુષ્પચુલે રાજ્ય-પદ ધારણ કર્યું.

હવે પુષ્પવતીનો જીવ દેવતાપણે ઉપની અવધિજ્ઞાન વડે સ્વપુત્ર-પુત્રીના અઘટિત લગ્ન સંબંધને જાણી તેનું નિવારણ કરવાને માટે તેણે પુષ્પચુલાને (નિદ્રાને વિષે) નારકીના દેખાવો દેખાડવા માંડયા. તે જોઈને તેણી ભયભીત થઈને જાગી ઉઠી. પતિ પાસે જઈને તેણે સર્વ વાત નિવેદન કરી. રાજાએ પણ ભયભ્રાંત થઈને શાંતિ, પૌષ્ટિક પ્રમુખ ઉપાય કરાવ્યા. પરન્તુ તે દેવે તો હમેશાં નારકીના

વિવિધ સ્વરૂપો દેખાડવા જ માંડયા; તેથી રાજાએ સર્વ ધર્મના આચાર્યોને બોલાવીને તે વિષે ખુલાસો પૂછયો. તે ઉપરથી કોઈ કહે કે નારકીનું સ્વરૂપ ગર્ભવાસ જેવું હોય, તો બીજો કોઇ કહે કે નારકીમાં તો અતિવ દારિદ્રય હોય, તો વળી કોઇ ત્રીજો એમ જણાવે કે ત્યાં તો નરી પરતંત્રતા જ હોય, પરન્તુ આ સર્વમાં કોઈનું કહેવું રાણીને વ્યાજબી લાગ્યું નહી. રાજાએ છેલ્લે અન્નિકાપુત્ર આચાર્ય પાસે જઈને પ્રશ્ન કર્યો. તે વેળા ગુરૂએ ઉત્તર આપ્યો કે "પહેલી નરકે જઘન્ય દશ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટિ એક સાગરોપમની, બીજીએ જઘન્ય એક સાગરોપમની અને ઉત્કૃષ્ટિ ત્રણ સાગરોપમની, ત્રીજીએ જઘન્ય ત્રણ સાગરોપમની અને ઉત્કૃષ્ટિ સાત સાગરોપમની, ચોથીએ જઘન્ય સાત સાગરોપમની અને ઉત્કૃષ્ટિ દશ સાગરોપમની, પાંચમીએ જઘન્ય દશ સાગરોપમની અને ઉત્કૃષ્ટિ સત્તર સાગરોપમની, છઠ્ઠીએ જઘન્ય સત્તર સાગરોપમની અને ઉત્કૃષ્ટિ બાવીશ સાગરોપમની તેમજ સાતમીએ જઘન્ય બાવીશ સાગરોપમની અને ઉત્કૃષ્ટિ તેત્રીશ સાગરોપમની સ્થિતિ છે. સાતે નરકને વિષે ક્ષેત્ર વેદના તેમજ પ્રહરણ વેદના વિના શરીરથી થયેલી અન્યોન્યકૃત વેદના છે. વળી પહેલી પાંચને વિષે પ્રહરણકૃત વેદના પણ છે. પહેલી ત્રણને વિષે પરમાધામિકૃત વેદના પણ છે. અર્થાત્ પહેલી ત્રણમાં ચાર પ્રકારની, ચોથી પાંચમી વિષે ત્રણ પ્રકારની, તેમજ છઠી સાતમી વિષે બે પ્રકારની વેદના છે.' ગુરૂના વચનો સાંભળી રાજાએ પૂછ્યું કે "આપે તે કેમ જાણ્યું?" આચાર્યે ઉત્તર આપ્યો કે "જીનેશ્વરે કહેલા આગમથી સર્વ નરકાદિ સ્વરૂપ સમજાય છે." તે વેળા પુષ્પચુલાએ પુછ્યું જે "હે ભગવન્! નરક ગતિ કયા કર્મથી પમાય છે?" ગુરૂએ ખુલાસો કર્યો કે "મહા આરંભથી, મહા પરિગ્રહથી, ગુરૂ નિંદાથી, પંચેંદ્રિય જીવના ધાતથી, અને માંસ ભક્ષણથી જીવ નરક ગતિ પામે છે. સ્વર્ગના સુખ સંબંધી પ્રશ્નોત્તરમાં પાષંડીઓએ જણાવ્યું જે "ઉત્તમ પકવાન, શ્રેષ્ઠ પટકુળ, અનુકુળ વાહન વિગેરેની પ્રાપ્તિ એ જ સ્વર્ગ કહેવાય." ગુરૂએ કહ્યું કે "સમ્યક્ પ્રકારે આરા-

ઘેલો એવો બાર વ્રત રૂપ ગૃહસ્થ ધર્મ કે પાંચ મહાવ્રત રૂપ યતિ ધર્મ–તેના સેવનથી બાર દેવલોકના સુખ પ્રાપ્ત થાય છે. સિદ્ધાંતમાં કહ્યું છે કે, પહેલા સૌધર્મ દેવલોકમાં બત્રીસ લાખ વિમાન, બીજા ઈશાન દેવલોકમાં અઠાવીશ લાખ વિમાન, ત્રીજા સનત્કુમાર દેવલોકમાં બારલાખ વિમાન, ચોથા મહિંદ્ર દેવલોકમાં આઠ લાખ વિમાન, પાંચમા બ્રહ્મદેવલોકમાં ચાર લાખ વિમાન, છઠા લાંતક દેવલોકમાં પચાસ હજાર વિમાન, સાતમા મહાશુક્ર દેવલોકમાં ચાળીસ હજાર વિમાન, આઠમા સહસ્રાર દેવલોકમાં છ હજાર વિમાન, નવમા આનત અને દશમા પ્રાણત એ બે દેવલોકમાં મળીને ચારસે વિમાન, તેમજ અગીઆરમા આરણ અને બારમા અચ્યુત એ બે દેવલોકમાં મળીને ત્રણસે વિમાન છે શ્રેષ્ઠ મુકુટનું ધારણ કરવું, ઉજ્જવળ અને ચંચળ કુંડળાદિ આભૂષણો પ્રાપ્ત થવાં અને ઐરાવત હસ્તિપર સ્વારી કરવી એ ઈંદ્રની રિદ્ધિ સમાન છે."

રાણીએ પ્રતિબોધ પામી દિક્ષા માટે રાજા પાસે આજ્ઞા માગી. રાજાએ કહ્યું "ત્હારો વિયોગ હું ક્ષણ માત્ર પણ સહી શકીશ નહિં; માટે દિક્ષા લઈને તું ઘરમાં રહે અને શુદ્ધ આહાર ગૃહણ કર." પતિનું વચન અંગિકાર કરીને તેણીએ દિક્ષા લીધી. પતિગૃહે રહી બેંતાળીશ દોષ રહિત આહાર લેવા લાગી.

શાસ્ત્રના ઉપયોગથી "મ્હોટો દુષ્કાળ પડશે." એવું જાણ્યા છતાં અન્નિકા પુત્ર આચાર્ય અશક્તિને લીધે અન્ય દેશ વિહાર કરી શકયા નહિ. પુષ્પચુલ્લા ગુરૂને શુદ્ધ આહાર પાણી લાવી આપતી. ઉત્તમ સેવા ધર્મને લીધે ક્ષપક શ્રેણીએ ચઢવાથી એ મહાસતીને કેવળજ્ઞાન થયું; તોપણ તેણીએ ગુરૂની વૈયાવચ્ચ ત્યજી નહિ. એકદા વરસાદ આવતો હતો ત્યારે પણ તેણીએ ગુરૂને આહાર આણી આપ્યો; ત્યારે ગુરૂએ પૂછ્યું કે "હે શ્રુત જ્ઞાની વત્સે? વરસાદ છતાં તેં આહાર કેમ આણ્યો?" તેણીએ કહ્યું કે, "જ્યાં જ્યાં અચિત્ત અપકાય (પાણી) હતું ત્યાંથી યત્ને કરીને હું લઈ આવી છું." ગુરૂએ પૂછ્યું

કે " ત્હેં અચિત્ત પ્રદેશ કેવી રીતે જાણ્યો ? ઉત્તર-"આપના પ્રસાદથી." ગુરૂએ પૂછ્યું કે " એ જ્ઞાન પ્રતિપાતિ છે કે અપ્રતિપાતિ છે ? " ઉત્તર " અપ્રતિપાતિ-કેવળજ્ઞાન." (સ્થિર રહે તેવું.) એવું જાણીને ગુરૂએ ઉઠી ઉભા થઇને મિથ્યાદુષ્કૃત્ય કહ્યું. " હા ! મ્હેં કેવળીની આશાતના કરી ! " એમ વારંવાર કહીને આત્માની નિંદા કરી. પછી સાધ્વીને તેમણે પૂછ્યું કે " હું સિદ્ધિ પામીશ કે નહિ ? : " ઉત્તર મળ્યો કે " આપશ્રીને ગંગા નદી ઉતરતાંજ કેવળજ્ઞાન થશે. "

# ૧૫. પ્રભાવતી

વિશાલાનગરીનો રાજા ચેટક હતો, તેને સાતપુત્રીઓ હતી. ચેટક પોતે ધર્મિષ્ઠ, નીતિપરાયણ અને ગુણવાન રાજા હતો, પિતાના સુસંસ્કારોનો વારસો પુત્રીઓને મળવાથી સાતે પુત્રીઓ ગુણવંતી, શીલવંતી અને ધર્મમાં રુચી રાખનાર હતી.

આ બધી પુત્રીઓમાં (૧) મૃગાવતી, (૨) શિવા, (૩) પ્રભાવતી, (૪) પદ્માવતી. આ ચારને ૧૬ સતીઓમાં ગણવામાં આવી છે. બાકીની એક ત્રિશલા માતા ભગવાન મહાવીરની માતા હતી, બીજી એક ચેલણા શ્રેણિક રાજાની રાણી હતી, ચેલણા રાણીએ રાજા શ્રેણિકને ઉપદેશ દ્વારા જૈન ધર્મના ઉપાસક બનાવ્યા. ત્રીજી સુજયેષ્ઠાએ લગ્ન કર્યાં જ નહીં, તે બાલ બ્રહ્મચારી રહી ને સાધ્વી થઈ. આ રીતે રાજા ચેટકની સાતે પુત્રીઓ શ્રેષ્ઠ જીવન જીવી નામના પ્રાપ્ત કરી ગઈ.

પ્રભાવતીના લગ્ન સિન્ધુ સૌવીર દેશના રાજા ઉદયનની સાથે થયાં. તેની રાજધાની વીતભય નગરમાં હતી. પ્રભાવતીમાં જન્મથી

ધર્મના સંસ્કારો બહુ સારા હતા, અને રાજા ઉદયન પણ ધર્મપ્રેમી હતો. ઉદયન રાજા પ્રજાનું ન્યાયથી પાલન કરતો હતો. રાજા-રાણી સુખથી પોતાનું જીવન વિતાવતા હતા.

ભગવાન મહાવીર વીતભય નગરીમાં પધાર્યા. રાજા-રાણી બન્ને ભગવાન મહાવીરનાં દર્શન કરવા તેમ જ તેમની જીવન ઉદ્ધારક વાણી સાંભળવા ગયા. ભગવાને બન્નેને ઉપદેશ આપ્યો. ઉપદેશ સાંભળી રાણી પ્રભાવતીએ દીક્ષા લેવાનો વિચાર કર્યો અને દીક્ષા માટે રાજાની આજ્ઞા માગી, રાજા પોતે ધર્મપ્રેમી હતો, તેણે કેટલીક આનાકાનીને અંતે આજ્ઞા આપી, પણ-આજ્ઞા આપ્યા પહેલાં એક શરત મૂકી કે, "હું જીવતો રહું અને તું સ્વર્ગમાં ચાલી જાય તો મને પ્રતિબોધ દેવા આવજે."

પ્રભાવતીએ રાજાની આ શરત માની લીધી, અને દીક્ષા ધારણ કરી લીધી. સંયમના માર્ગે ગયા પછી તે કઠોર તપશ્ચર્યા કરવા લાગી. અતિ ઉત્તમ પ્રકારનો સંયમ પાળ્યો, ને આયુષ્ય પૂર્ણ કરી સ્વર્ગમાં ગઇ.

પોતે આપેલ વચન અનુસાર દેવલોકમાંથી આવી રાજા ઉદયનને પ્રતિબોધ દીધો, પ્રતિબોધ લાગવાથી રાજા પણ સંસારથી વિરક્ત થઇ ગયા. પ્રાંતે બંનેએ આત્મ કલ્યાણ કર્યું.

卐

# ૧૬. પદ્માવતી

સતી પદ્માવતી પણ વૈશાલીના પ્રસિદ્ધ રાજા ચેટકની પુત્રી હતી. ચંપાના રાજા દધિવાહન સાથે એના લગ્ન થયા. રાજા દધિવાહન અને રાણી પદ્માવતી બન્ને ન્યાયનિષ્ઠ અને ધર્માત્મા હતા.

એક વાર રાણીની ઈચ્છા પૂરી કરવા માટે રાજા દધિવાહન રાણી સાથે હાથી પર સ્વાર થઇને વનક્રીડા કરવા નીકળ્યા. વસંત ઋતુ હતી. જાતજાતના ફૂલોમાંથી સરસ સુગંધ આવી રહી હતી, એ કારણથી હાથીને મદ ચઢી ગયો. એણે મહાવતને નીચે પાઠી દીધો અને ભાગવા લાગ્યો. રાજા અને રાણી હાથીની પીઠ પર રહી ગયા. હાથી દોડયે જ જતો હતો. એના રોકાવાના કોઈ ચિહ્ન દેખાતા ન હતાં.

રાજા–રાણીને પોતાના પ્રાણના રક્ષણની ચિંતા થઈ. બરાબર એ જ વખતે એક મોટું ઝાડ સામે દેખાયું. રાજાએ રાણીને કહ્યું કે, જો હાથી વડ તરફ જાય છે, જ્યારે એ વડ નીચે થઈને જાય ત્યારે વડની એક ડાળ પકડી લેજો, હું પણ એક ડાળ પકડી લઇશ. આમ કરવાથી આપણે આ આફતમાંથી બચી જઇશું.

હાથી વડ નીચેથી નીકળ્યો, રાજાએ સ્ફૂર્તિ રાખી વડની ડાળી પકડી લીધી અને એને આધારે લટકી રહ્યો. પણ રાણી ગર્ભવતી હોવાના કારણે ડાળી પકડી શકી નહીં અને હાથીની પીઠ પર જ રહી ગઈ. સાથે આવેલા લોકો તો હાથી ભાગ્યો ત્યારથી જ છૂટા પડી ગયા હતાં. રાજા રાણી સાથે હતાં તે પણ હવે છૂટા પડી ગયા. રાણી એકલી હાથી ઉપર રહી ગઈ. હાથી વધારે તેજીથી ભાગ્યો. રાજા એનો પીછો કરી શકયો નહીં.

હાથી દોડતો દોડતો ગીચ વનમાં જઈ પહોંચ્યો અને તરસ્યો થવાને કારણે એક જળાશયમાં જતો હતો ત્યાં હાથી પરની અંબાડી એક ઝાડની ડાળ સાથે અથડાઇ. રાણીએ એ ડાળ પકડી લીધી. હાથી તો પાણી પીને ભાગી ગયો. હવે રાણી એકલી નિરાધાર અવસ્થામાં ત્યાં બેસી રહી.

આ જગ્યાએ બીજી કોઈ સ્ત્રી હોત તો ભયની મારી મરી જાત પણ રાણી પદ્માવતી તો ધૈર્યવાન હતી. એણે વિચાર્યું કે અત્યાર સુધી ધીરજ રાખી તો જીવતી રહી શકી, તો હવે ધીરજ છોડવી ઠીક નહીં. આફત આવે ત્યારે જ ધીરજની જરૂર હોય છે.

ધીરજ રાખવાથી આફત દૂર થાય છે. પણ આવા સમયે ધૈર્ય ગુમાવવાથી દુઃખ ચાર ગણું વધી જાય છે. માટે આફતને જીતવાનો ઉપાય ધીરજ અને સાહસ છે. આમ વિચારી રાણીએ ગભરાયા વિના નગરમાં જવાનો રસ્તો શોધવા માંડયો. રસ્તો શોધતાં શોધતાં તે એક નગરમાં આવી પહોંચી.

નગરમાં જઇને પદ્માવતી સાધ્વીજીઓના ઉપાશ્રયે પહોંચી અને દીક્ષા લઈ લીધી. સાધ્વી બન્યા પછી પદ્માવતી ધર્મધ્યાનમાં લીન રહેવા લાગી. થોડા દિવસો બાદ બીજી સાધ્વીજીઓને ખબર પડી કે પદ્માવતી ગર્ભવતી છે ત્યારે તેણે પદ્માવતીને કહ્યું: આ કાર્ય અનુચિત કર્યું છે. ગર્ભની વાત છૂપાવવી જોઇતી ન હતી. ગર્ભવતી સ્ત્રીને દીક્ષા લેવાની કે આપવાની શાસ્ત્રમાં મનાઈ છે. પણ હવે શું થાય? આખરે સાધ્વીજીઓએ પદ્માવતીને ગુપ્ત રાખી જેથી ધર્મની બદનામી ન થાય તેમ જ ગર્ભની પણ રક્ષા થાય.

સમય પૂરો થવાથી બાળકનો જન્મ થયો. પદ્માવતી બાળકને સ્મશાનમાં લઈ ગઈ અને એવી જગ્યાએ તેને મૂકયો કે જ્યાંથી આવવા જવા વાળા માણસો આ બાળકને જોઇ શકે, બાળકની રક્ષા માટે તે પોતે એક ઝાડી પાસે છૂપાઇને બેસી ગઈ. થોડી વાર પછી ત્યાં એક ચાંડાલ આવ્યો. એ આ સુંદર બાળકને જોઇને પ્રસન્ન થયો. એણે પોતાને ઘેર જઇને પોતાની પત્નીને આ બાળક સોંપ્યો. ચાંડાલને કંઈ સંતાન ન હતું, તેથી ચાંડાલ પત્ની આ બાળકને જોઇને ઘણી ખુશ થઈ. પદ્માવતી ચાંડાલની પાછળ પાછળ ઘર સુધી આવી હતી. ત્યાંના હાલ જોઇને એને સંતોષ થયો કે, હવે બાળકનું પાલનપોષણ થશે. આમ વિચારીને પદ્માવતી પાછી ફરી ને બીજી સાધ્વીઓની સાથે રહી ધર્મધ્યાન તથા તપ કરવા લાગી.

પદ્માવતીના આ બાળકનું નામ કરકંડુ રાખવામાં આવ્યું. કરકંડુ મોટો થઈ ગયો. એક વાર તે સ્મશાનમાં પહેરો ભરતો હતો

એ વખતે બે સાધુ ત્યાંથી નીકળ્યા. એમાં એક સાધુના મોઢામાંથી વચન નીકળ્યા કે વાંસની આ ઝાડીમાં એક સાત ગાંઠવાળી લાકડી છે તે જેને મળશે તેને રાજ્ય મળશે.

સાધુની આ વાત કરકંડુએ સાંભળી અને એજ રસ્તે ચાલતાં બ્રાહ્મણે પણ સાંભળી. બન્ને લાકડી લેવા દોડયા. બન્નેએ એક સાથે લાકડી ઉપર હાથ મૂકયો. બન્ને આ માટે ઝઘડો કરવા લાગ્યા. આખરે મામલો રાજા પાસે પહોંચ્યો. રાજાને આ ચાંડાલ દીકરાની ચતુરાઈ અને તેજસ્વિતા જોઇને આશ્ચર્ય થયું. રાજાએ ફેંસલો કર્યો. કરકંડુ સ્મશાનમાં પેદા થયો હોવાથી લાકડી તારી છે. લાકડીના પ્રતાપથી જો તને રાજ્ય મળી જાય તો એક ગામ આ બ્રાહ્મણને પણ આપજે.

ફેંસલો કરવાવાળો રાજા દધિવાહન હતો. કરકંડુ એનો જ પુત્ર હતો. પણ આ વાતની કોઇને ખબર ન હતી. કરકંડુને તો બધા ચાંડાલનો જ પુત્ર સમજતાં હતા.

એક વાર કરકંડુ એ વાંસની લાકડી લઇને કંચનપુર તરફ જઇ રહ્યો હતો, એ વખતે કંચનપુરનો રાજા મરણ પામ્યો. તે નિઃસંતાન હતો તેથી તેના પ્રધાનો અને અમલદારોએ નિશ્ચય કર્યો કે, શ્રેષ્ઠ હાથણીની સૂંઢમાં હાર નાખી એને છોડી મૂકવી, હાથણી જેના ગળામાં હાર પહેરાવે તેને રાજા બનાવવો. હાથણીએ કરકંડુના ગળામાં હાર નાખ્યો અને કરકંડુ કંચનપુરનો રાજા બની ગયો.

જ્યારે પેલા બ્રાહ્મણને ખબર પડી કે,કરકંડુ રાજા બની ગયો છે, ત્યારે તે એક ગામ માગવા આવ્યો. રાજા કરકંડુએ પૂછ્યું કે, તું કોના રાજ્યમાં રહે છે ?

બ્રાહ્મણે કહ્યું, દધિવાહન રાજાના રાજ્યમાં.

કરકંડુએ રાજા દધિવાહનને આજ્ઞાપત્ર લખી દીધો કે, આ બ્રાહ્મણને એક ગામ જાગીરમાં દઈ દો.

આજ્ઞા પત્ર લઈને બ્રાહ્મણ રાજા દધિવાહન પાસે ગયે. વાંચીને રાજાને ક્રોધ ચઢ્યો. એને થયું કે મારા ઉપર હુકમ વાવાળો આ કરકંડુ છે કોણ? એટલે રાજાએ બ્રાહ્મણને કહ્યું કરકંડુને કહે કે રાજા દધિવાહન તારૂં રાજ્ય છીનવીને બ્રાહ્મણને આપશે.

ત્યારબાદ રાજા દધિવાહને પોતાની સેના તૈયાર કરી કરકંડુ ચડાઇ કરી. કરકંડુ પણ સામનો કરવા તૈયાર થઈ ગયો. આ બાપ દીકરો એક બીજાના શત્રુ બની બેઠા.

બરાબર આ સમયે સંજોગવશાત્ સાધ્વી પદ્માવતી આ એને થયું કે, મામુલી વાતમાં બાપ–દીકરા વચ્ચે યુદ્ધ થઇ રહ્યું આમાં હજારો માણસ માર્યા જશે. આ તો બહુ ખરાબ થઇ છે. કોઈ પણ રીતે આ યુદ્ધ રોકવું જોઈએ.

આમ વિચારીને પદ્માવતી કરકંડુ પાસે ગઇ અને પાછ બધો વૃત્તાંત કહ્યો, આ જાણીને કરકંડુને ઘણો આનંદ અને આ થયાં કે, દધિવાહન મારા પિતા છે. ત્યારબાદ પદ્માવતી રાજા વાહન પાસે ગઈ. દધિવાહનને આ બધું સાંભળીને આનંદ થયે

રાજા દધિવાહન કરકંડુને અને કરકંડુ દધિવાહનને મ ચાલ્યા. કરકંડુ પોતાના પિતાના ચરણમાં ઢળી પડ્યો. દધિવાહને ઊઠાડીને હૈયા સરસો ચાંપ્યો.

આ રીતે સાધ્વી પદ્માવતીના પ્રયત્નથી ઘોર હિંસા ટળી. ત્યાર પછી પદ્માવતીએ ત્યાંથી વિહાર કર્યો અને દેશદેશમાં ભ્રમ ધર્મનો ઉપદેશ આપ્યો અને પરનું તથા પોતાનું કલ્યાણ ક

卐

# ✽ અમારાં પ્રકાશનો

વૈરાગ્ય શતક ભા. ૧ લો
વૈરાગ્ય શતક ભા. ૨ જો
જૈન ધર્મની સુંદર વાર્તાઓ ભા. ૧
જૈન ધર્મની સુંદર વાર્તાઓ ભા. ૨
આદર્શ જૈન સંવાદો ભા. ૧
આદર્શ જૈન સંવાદો ભા. ૨
આદર્શ જૈન સંવાદો ભા. ૩
કલ્પ સૂત્રની કથાઓ
નવકાર મંત્રની કથાઓ
જ્ઞાતા સૂત્રની કથાઓ
ઉપાસક દશાંગ સૂત્રની કથાઓ
નંદીસૂત્રની કથાઓ
જંબુ સ્વામી ચરિત્ર
સુભદ્ર ચરિત્ર
જૈન ધર્મની શ્રેષ્ઠ સન્નારીઓ
પ્રાચીન જૈન રાસ સંગ્રહ ભા. ૨
જૈન સ્તવન સંગ્રહ
સવીર્ય ધ્યાન ( આધ્યાત્મિક )
શ્રાવકની આલોયણા
સામાયિક ( અર્થ ) પ્રતિક્રમણ

**સ્થાનકવાસી જૈન કાર્યાલ[ય]**

પંચભાઈની પોળ, અમદાવાદ.